આજનો સુવિચાર

પ્રસન્ન વ્યકિત હંમેશા પોતાનું મુલ્યાંકન કરતો રહે છે અને દુ:ખી વ્યકિત હંમેશા બીજાનું મુલ્યાંકન કરતો રહે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૦૪ જૂનાગઢ તા.૧૧-૮-૨૦૨૧ બુધવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ


## વરસાદ ખેંચાતા ખેડૂતો બેહાલ : રાજયનાં ૮૦ ડેમોમાં ૨૦ ટકાથી પણ ઓછું પાણી

અમદાવાદ તા. ૧૧

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજયમાં વરસાદ ખેંચાતા જગતતનો તાત ચિંતામાં મુકાયો છે અને ખેડૂતો કાગડોળે વરસાદની રાહ જોઈ રહયા છે.

અષાઢ મહિનો પૂરો થઈ ગયો અને શ્રાવણ માસની શરૂઆત થઈ છતાં પણ વરસાદ ન થતા ખેડૂતો ચિંતાતુર બન્યા છે. સમગ્ર રાજયમાં વાવણી બાદ ઓછા પ્રમાણમાં વરસાદ પડ્યો છે જેને લઈને ખેડૂતોએ વાવેલા મગફળી, કપાસ, સોયાબીન વગેરે પાકો સુકાઈ રહ્યો છે અને વરસાદ નહિ પડવાને કારણે ખેડૂતોની મહેનત બાદ નુકસાની જવાની ભીતિને લઈને ચિંતિત બન્યા છે. રાજયમાં જુલાઈ માસમાં સારા વરસાદ બાદ ઓગસ્ટ મહિનાથી જ મેઘરાજા રિસાયા છે. ઓગસ્ટ મહિનામાં હજુ સુધી ખેડૂતો રાહ જોઈ રહ્યા છે. હવામાન વિભાગ મુજબ, ગુજરાત ઉપર હજુ કોઈ સિસ્ટમ સક્રિય નથી. વરસાદ ખેંચાતાં ગુજરાતનાં અડધાથી વધુ જળાશયોમાં ૫૦ ટકાથી પણ ઓછું પાણી બાકી રહ્યું છે. રાજયમાં આવેલા ૨૦૬ નાના-મોટા ડેમમાંથી માત્ર પાંચ ડેમ જ ૧૦૦ ટકા ભરાયા છે, જ્યારે ૮૦ જેટલા ડેમમાં ૨૦ ટકાથી પણ ઓછું પાણી બાકી રહ્યું છે. નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ડેટા મુજબ, ૧૦ ઓગસ્ટ સુધી રાજયમાં પાંચ ડેમ ૧૦૦ ટકા ભરાઈ ચૂક્યા છે. આ ડેમમાં અમરેલીનો ધારવડી ડેમ અને સૂરજવાડી, જામનગરનો ફૂલઝર-૧ ડેમ, દેવભૂમિ દ્વારકાનો કાબરકા ડેમ, તાપીના દોસવાડા ડેમનો સમાવેશ થાય છે, જ્યારે ૪૯ ડેમમાં ૧૦ ટકાથી પણ ઓછું પાણી રહ્યું છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૪૬.૬૩ ટકા પાણીનો જથ્થો છે.

## પેટ્રોલ - ડીઝલનાં ભાવ નહી ઘટાડીને રૂા. ૩૫૦૦૦ કરોડની નફાખોરી : સરકાર અને તેલ કંપનીઓની મીલીભગત

નવી દિલ્હી તા.૧૧

વિશ્વસ્તરે ક્રુડ તેલમાં ભાવ વધારાથી રાતોરાત પેટ્રોલ-ડીઝલ મોંઘા કરી દેતી પેટ્રોલીયમ કંપનીઓ નફાખોરી કરતી હોય તેમ વર્તમાન રેકોર્ડબ્રેક ભાવોમાં રાહત આપવા કે ઘટાડો કરવાનું નામ નથી લેતી. ભારતમાં છેલ્લા ૨૫ દિવસથી પેટ્રોલ-ડીઝલના ભાવ સ્થિર છે. આ દરમ્યાન ક્રુડતેલ પાંચ ટકા તૂટી ગયુ છે. છતાં તેલ કંપનીઓએ ઘરઆંગણે ભાવ નહિં ઘટાડતા નફાખોરી કરીને પોતાની અને સરકારની તિજોરી છલકાવી રહી છે જયારે સામાન્ય વર્ગ પીસાય રહ્યો છે.

ભારતમાં છેલ્લે ૧૫ જુલાઈએ પેટ્રોલ-ડીઝલમાં ભાવ વધારો કરાયો હતો ત્યારે ક્રુડનો ભાવ ૭૪.૩૩ ડોલર હતો. હવે ભાવ ૭૦ ડોલરની નીચે સરકી ગયો હોવા છતાં સ્થાનિકમાં પેટ્રોલ-ડીઝલમાં ભાવ ઘટાડવામાં આવ્યા નથી. આ સ્થિતિમાં પેટ્રોલીયમ કંપનીઓને ૩૫૦૦૦ કરોડની કમાણી થઈ છે.

નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે તેલ કંપનીઓ ભાવ ઘટાડતી નથી એટલે સરકારને પણ જલ્સા છે. કારણ કે ભાવ આધારીત ઉંચો ટેકસ મળે છે. સરકારી તિજોરીમાં પણ વધુ નાણાં ઠલવાય રહ્યા છે. સામાન્ય વર્ગની હાલત ખરાબ જ થતી રહી છે. કારણ કે પરિવહન બોજથી મોંઘવારીમાં કોઈ રાહત મળતી નથી.

નિષ્ણતો મુજબ ક્રુડતેલનો ભાવ એક ડોલર ઘટે અને તેલ કંપનીઓ ઘર આંગણે ભાવ ન ઘટાડે તો કંપનીઓને ૮૦૦૦ કરોડની કમાણી થાય છે ૧૫ જુલાઈ બાદ વિશ્વસ્તરે ક્રુડ તેલ બેરલદીઠ ૪.૬૧ ડોલર સસ્તુ થઈ ગયુ છે. કરોડો-અબજોનો નફો કરતી પેટ્રોલીયમ કંપનીઓ ભાવ ઘટાડો ન કરવા પાછળ એવી દલીલ કરી રહી છે કે અગાઉની ખોટ સરભર કરવામાં આવી રહી હોવાથી ભાવ સ્થિર રખાયા છે. અગાઉ ક્રુડના ઉંચા ભાવ છતા તેને અનુરૂપ ભાવવધારો કરવામાં આવ્યો ન હતો.

## અનેરી સિધ્ધિ : ભારતનાં અતિ મહત્વકાંક્ષી ચંદ્રયાન-૨ મિશન માટેનું મશીન જામનગરમાં તૈયાર કરાયું

જામનગર તા. ૧૧

દેશ સહિત દુનિયાના અનેક દેશોની ભારતના માનવરહિત ચંદ્રયાન-૨ મિશન ઉપર નજર મંડરાયેલી છે. ચંદ્રયાન-૨ની હાલ તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યારે તેમાં જામનગરનું નામ પણ જોડાયું છે. યાન માટે જરૂરી કેટલાક પાર્ટસ બનાવવા માટેનું એક મહાકાય મશીન જામનગરમાં તૈયાર થતા જામનગર શહેરને એક નવી ઓળખ મળી છે. ચંદ્રયાનના પાર્ટસ બનાવવા માટે મશીન બનાવી આપનાર જામનગરની ગીતા એન્જિનિયરીંગ આ પહેલા બ્રહ્મોસ, HAL, રેલવે એન્જિન અને સબરમીનના પાર્ટસ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા મશીન પણ બનાવી ચૂકી છે.

## જૂનાગઢ - રાજકોટ સહિત દેશનાં ૪૯ સ્ટેશનોનું રી-ડેવલોપમેન્ટ કરવાનો રેલ્વે મંત્રાલયનો નિર્ણય

નવી દિલ્હી, તા.૧૧: રેલ્વે મંત્રાલયે દેશના ૪૯ રેલવે સ્ટેશનોના રીડેવલોપમેન્ટનો નિર્ણય કર્યો છે. આ કામ રેલ જમીન વિકાસ સત્તામંડળ (RLDA) ને સોંપવામાં આવ્યું છે. આમાંના કેટલાક સ્ટેશન અમરાવતી, રાજકોટ, મથુરા, આગ્રાનો કિલ્લો, બીકાનેર, કુરુક્ષેત્ર અને ભોપાલ છે. આ યાદીમાં ગુજરાતના પણ પાંચ રેલ્વે સ્ટેશનનો સમાવેશ થાય છે. જેમાં જામનગર, ભાવનગર, ગાંધીધામ, જૂનાગઢ, રાજકોટનો સમાવેશ કરવામાં આવ્યો છે. RLDA ભારત સરકારના સ્માર્ટ સિટી પ્રોજેકટ અંતર્ગત ૬૦ રેલ્વે સ્ટેશનોનો વિકાસ પહેલાથી જ હાથ ધરી રહી છે. એટલે કે, હવે કુલ ૧૦૯ રેલ્વે સ્ટેશનનું રીડેવલોપમેન્ટ કરવામાં આવશે.

આરએલડીએના વાઈસ ચેરમેન વેદ પ્રકાશ દુડેજાએ કહ્યું, સ્ટેશન પુનર્વિકાસ શહેરી વિકાસ સાથે વર્ચ્યુઅલ રીતે આંતરિક રીતે જોડાયેલ છે. આ સ્ટેશનોના રીડેવલોપમેન્ટથી મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધાઓ મળશે અને તેમનો મુસાફરીનો અનુભવ સુધરશે. આ છૂટક, સ્થાવર મિલકત અને પ્રવાસન ક્ષેત્રોમાં રોજગારીની અનેક તકો ઉભી કરશે.

## આવતીકાલે ઈસરો દેશનો સૌપ્રથમ પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ લોન્ચ કરશે

નવી દિલ્હી, તા.૧૧: ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) દેશનો પ્રથમ પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ લોન્ચ કરવા જઈ રહી છે. દેશની આઝાદીનાં ત્રણ દિવસ પહેલા ઈસરો ઉપગ્રહ GSLV-F10/EOS-03 લોન્ચ કરશે. તેને શ્રીહરિકોટા સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. આ ઉપગ્રહ આવતીકાલે ૧૨ ઓગસ્ટે સવારે ૫.૪૩ વાગ્યે લોન્ચ કરવામાં આવશે.

પરંતુ આ મિશનના લોન્ચિંગની તૈયારી આજે સવારે ૩.૪૩ વાગ્યે કરવામાં આવી છે. બીજા તબક્કા માટે GSLV-F10 માં પ્રોપેલેન્ટ ભરવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપગ્રહ દ્વારા ભારત હવામાન સંબંધી માહિતી મેળવી શકશે.

આ ઉપગ્રહનાં સફળપ્રક્ષેપણથી ભારતની અવકાશ શકિત વધશે, સાથે સાથે તે ભારતીય ઉપખંડમાં પૂર, ચક્રવાત જેવી કુદરતી આફતો પર પણ નજર રાખવામાં મદદ કરશે. EOS-03 GSLV F10 રોકેટ દ્વારા અવકાશમાં મૂકવામાં આવશે. આ ઉપગ્રહ વાસ્તવિક સમયની તસવીરો મોકલશે, જે પૃથ્વી ઉપરની કુદરતી આપત્તિ ઉપર નજર રાખવા માટે મદદ કરશે. આમાંથી માત્ર કૃષિ જ નહીં પણ વનીકરણ, ખનીજ, વિજ્ઞાન વગેરે સંબંધિત માહિતી મેળવી શકાય છે.

નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીનાં રોજ ઈસરોએ આ વર્ષનાં પ્રથમ સફળ મિશનની શરૂઆત કરી હતી. ઈસરોએ ટ્વીટ કરીને કાઉન્ટડાઉન શરૂ થવાની જાણકારી આપી છે.

## સોમનાથ સ્થિત ત્રીવેણી સંગમ ખાતે અસ્થી વિસર્જન ઉપર પ્રતિબંધ મુકાતા ભારે નારાજગી

સોમનાથ તા. ૧૧

સોમવારથી શ્રાવણ માસનો પ્રારંભ થયો છે ત્યારે સોમનાથ સ્થિત પવિત્ર ત્રિવેણી મહાસંગમ ખાતે અસ્થી વિસર્જન અને પીંડદાન કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવતા શ્રધ્ધાળુઓમાં ભારે હોબાળો મચી ગયો છે. ખાસ કરીને પીંડદાન સહિતની ધાર્મિક વિધિ કરાવતા સ્થાનીક તિર્થ પુરોહિતો અને સોમનાથ ટ્રસ્ટનાં સિકયોરીટી ગાર્ડ આમને સામને આવી જતા એક તબકકે પરિસ્થિતિ ગંભીર બની ગઈ હતી. ત્રિવેણી સંગમ ખાતે અસ્થી વિસર્જનનું ખાસ ધાર્મિક મહત્વ હોય તેના ઉપર પ્રતિબંધ મુકવામાં આવતા ભારે નારાજગી ફેલાઈ છે.

## હવે ઘોડાની એન્ટીબોડીથી બનેલી દવા કોરોનાથી છૂટકારો અપાવશે

નવી દિલ્હી તા. ૧૧ : હવે માણસને ઘોડો કોરોના વાયરસથી બચાવશે. મહારાષ્ટ્રની એક કંપનીએ ઘોડાની એન્ટીબોડીમાંથી એક દવા બનાવી છે જેનાથી ૯૦ કલાકની અંદર સંક્રમણ દૂર થઈ જાય છે. મહારાષ્ટ્રની આઈસેરા નામની કંપનીએ કોવિડ એન્ટીબોડીઝનું એક કોકટેલ તૈયાર કર્યું છે કે અને એવો દાવો કર્યો છે કે આનાથી કોરોનાના હળવા અને મધ્યમ લક્ષણ વાળા દર્દીઓમાં સંક્રમણનો ફેલાવો રોકી શકાય છે અને શરીરમાં મોજુદ વાયરસને પણ સમાપ્ત કરી શકાય છે.

મહારાષ્ટ્રના કોલ્હાપુર સ્થિત બાયોસાયન્સ કંપની કોરોના વાયરસ સંક્રમણની સારવાર માટે કારગત દવાની ટેસ્ટિંગ કરી રહી છે. જો આ દવા તમામ માપદંડો ઉપર ખરી ઉતરે છે તો કોવિડના હળવા અને મધ્યમ લક્ષણોવાળા દર્દીઓની સારવાર માટે આ ભારતની પહેલી સ્વદેશમાં વિકસિત દવા હશે, જેનો ઉપયોગ કોરોના વાયરસ સંક્રમણને રોકવા માટે કરવામાં આવશે. શરૂઆતના ટેસ્ટિંગમાં દવાએ આશા જગાવે તેવા પરિણામ આપ્યા છે. આ દવાના ઉપયોગથી ૭૨થી ૯૦ કલાકમાં કોરોના સંક્રમિત દર્દીનો આરટી-પીસીઆર ટેસ્ટ નેગેટિવ આવી રહ્યો છે.

## મુખ્યમંત્રીનાં અધ્યક્ષ સ્થાને કેબીનેટની બેઠક યોજાઈ

## ૧૫ ઓગષ્ટ બાદ ગુજરાતમાં ધો.૬ થી ૮નાં વર્ગો શરૂ કરવા અંગે નિર્ણય લેવાશે

ગાંધીનગર તા. ૧૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીનાં અધ્યક્ષસ્થાને આજે ગાંધીનગર ખાતે કેબીનેટની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કેટલાક અત્યંત મહત્વનાં નિર્ણયો લેવામાં આવ્યા હતા જેમાં રાજયમાં ૧૫ ઓગષ્ટ બાદ ધો.૬ થી ૮નાં વર્ગો શરૂ કરવા અંગે સરકાર વિચારણા કરશે તેમ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કેબીનેટ બેઠક પૂર્ણ થયા બાદ પત્રકાર પરીષદને સંબોધન કરતા જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે, સ્થિતિની સમિક્ષા કર્યા બાદ યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

## કોરોનાની બે રસી કોવેકસીન અને કોવિશિલ્ડનાં મિકસીંગને ડીજીસીઆઈએ મંજુરી આપી

નવી દિલ્હી,તા.૧૦

કોરોના વાયરસની બેરસીના મિક્સિંગ તરફ ભારત એક ડગલું વધુ આગળ વધી ગયું છે. હવે ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ કોવેક્સીન અને કોવિશીલ્ડ વેક્સિનની મિક્સિંગ ઉપર સ્ટડી માટે પોતાની મંજૂરી આપી દીધી છે. આ સ્ટડી અને ક્લિનિકલ ટ્રાયલ કરવાની જવાબદારી વેલ્લોરની ક્રિશ્ચન મેડિકલ કોલેજને મળી છે. અહેવાલ પ્રમાણે કેન્દ્રીય દવા નિયામકની સબ્જેકટ એક્સપર્ટ કમિટીએ ૨૯ જુલાઈએ આ સ્ટડી કરાવવા માટે સલાહ આપી હતી. બેઠક દરમ્યાન એક્સપર્ટ કમિટીએ સીએમસી, વેલ્લોરને ચોથા ફેઝના ક્લિનિકલ ટ્રાયલ કરવા માટેની મંજૂરી આપવાનું સૂચન કર્યું હતું. આ ટ્રાયલમાં ૩૦૦ સ્વસ્થ વોલેન્ટિયર્સ પર કોવિડ-૧૯ની કોવેક્સિન અને કોવિશીલ્ડ વેક્સિનના મિક્સિંગના પ્રભાવની તપાસ કરવામાં આવશે. આ સ્ટડીનો ઉદ્દેશ્ય તે જાણવાનો છે કે શું કોઈ વ્યક્તિના પૂર્ણ રસીકરણ માટે તેને એક ખોરાક કોવેક્સિન અને બીજો ડોઝ કોવિશીલ્ડનો આપી શકાય છે.

## બે દિવસ અગાઉ સંસદનું ચોમાસુ સત્ર સમાપ્ત કરી દેવાયું

નવી દિલ્હી તા. ૧૧ : સંસદનાં બંને ગૃહોમાં સમગ્ર ચોમાસુ સત્ર દરમ્યાન ભારે ધમાલ ચાલુ રહેતા લોકસભાનાં અધ્યક્ષ ઓમ બિરલાએ ચોમાસુ સત્રની કાર્યવાહી અનિશ્ચિત કાળ સુધી સ્થગીત કરવાની જાહેરાત કરી છે. લોકસભાનું વર્તમાન ચોમાસુ સત્ર તેના નિર્ધારીત સમયનાં બે દિવસ અગાઉ જ સમાપ્ત કરી દેવાયું છે.

## તેલંગાણામાં ભાજપનાં નેતાને કારમાં જીવતા સળગાવી દીધા

હૈદ્રાબાદ,તા. ૧૧ : તેલંગાણામાં ભારતીય જનતા પાર્ટીનાં નેતાનાં મોતનાં સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ કેટલાક અજાણ્યા શખ્સોએ ભાજપનાં નેતાને જીવતા સળગાવી દીધા હતા જે બાદ તેમનું મૃત્યુ થયું હતું. આ ઘટના મેડક જિલ્લાની છે. પોલીસે આ મામલે ગુનો નોંધ્યો છે. મેડક એસપી ચંદના દીપ્તિનું કહેવું છે કે ભાજપનાં નેતાને તેમની કારની અંદર કેટલાક લોકોએ આગ ચાંપી દીધી હતી. અમને તેમની બળી ગયેલી લાશ બળી ગયેલી કારની અંદરથી મળી છે. અમે આ મામલે કેસ નોંધ્યો છે અને તપાસ ચાલી રહી છે.

## ગાંધીનગર ખાતે કોંગ્રેસનાં ધારાસભ્યોની બેઠક યોજાઈ પ્રશાંત કિશોરને ગુજરાત લાવવા વિચારણા

ગાંધીનગર તા.૧૧: ગુજરાતમાં આગામી સમયમાં યોજાનાર વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીને લઈને કોંગ્રેસે તડામાર તૈયારી શરૂ કરી દીધી છે. જેને લઈ ગઈ કાલે કોંગ્રેસ ધારાસભ્યોની ગાંધીનગર ખાતે મહત્વની બેઠક મળી હતી આ બેઠકમાં સંગઠનને મજબૂત બનવાવા તેમજ ગુજરાત કોંગ્રેસમાં પ્રભારી અને પ્રદેશ પ્રમુખ અંગે જલ્દી નિર્ણય લેવામાં આવે તે અંગે પણ મહત્વની ચર્ચા કરવામાં આવી હતી.

ગત સાંજે શરૂ થયેલી બેઠક અંદાજીત ચાર કલાકથી વધુ સમય સુધી ચાલી હતી. બેઠકમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભામાં વિરોધ પક્ષનાં નેતા પરેશ ધાનાણી અને ભરતસિંહ સોલંકી, મધુસુદન મિસ્ત્રી અને અર્જુન મોઢવાડીયા સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. બેઠકમાં ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી, વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અને પ્રદેશ પ્રમુખના પદનો જલ્દી નિર્ણય લેવાય તે મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ પદો ઉપર તાત્કાલિક નિમણૂંક થાય તે માટે હાઈકમાન્ડને રજુઆત કરવા ધારાસભ્યને દિલ્હી મોકલવાની વાત ઉપર ધારાસભ્યોએ સહમતી દર્શાવી હતી જેમાં કોંગ્રેસના સિનિયર નેતા મધુસુદન મિસ્ત્રી દિલ્હી જશે અને હાઈકમાન્ડ સમક્ષ માંગ મૂકે સર્વ સંમતિ પણ દર્શાવવામાં આવી છે. મહત્વનું છે કે ગુજરાતમાં કોંગ્રેસની એકબાદ એક કારમો પરાજય મેળવ્યા બાદ ૨૦૨૨ની ચૂંટણી માટે સંગઠનમાં પરિવર્તન કરવું આવશ્યક બની ગયું છે ત્યારે વર્તમાન પ્રમુખ અને વિરોધ પક્ષના નેતા રાખવા એ અંગે હાઈકમાન્ડ નિર્ણય કરે તેવી માંગ ઉઠી છે ધારાસભ્યની બેઠકમાં પ્રશાંત કિશોરને પણ ગુજરાત કોંગ્રેસની જવાબદારી સોંપવામાં આવે તેવી માંગ ઉઠી છે તો જાણીતા ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરને મોટી જવાબદારી સોંપી શકે છે તેવું પણ મનાઈ રહ્યું છે.

## સમાચાર રાઉન્ડ અપ

- રાજકારણમાંથી અપરાધીકરણને જડમુળથી ઉખેડી કાઢવા સર્જરી કરો - કુંભકર્ણની નિંદ્રામાંથી જાગો : સુપ્રિમ કોર્ટ આકરા પાણીએ
- એટીએમમાં રોકડ નહી હોય તો બેંકોને દંડ કરાશે, તા. ૧ ઓકટોબરથી અમલ : રીઝર્વ બેંકનો નિર્ણય
- ખેડૂતોની નારાજગી દુર કરવા ભાજપ મેદાને : તા. ૧૬ ઓગષ્ટથી અભિયાન ચલાવશે
- કોંગ્રેસ પક્ષની સ્થિતિ બહુ ખરાબ : કાર્યકર્તાઓને કોઈ મળતું - સાંભળતું નથી : કપિલ સિબ્બલ
- દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનાં ૩૮૩૫૩ નવા પોઝીટીવ કેસ
- ૨૦૨૨ જાન્યુઆરીમાં ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ યોજવા સરકારનું આયોજન
- અફઘાનિસ્તાનમાં સરકારી સૈન્ય - તાલીબાન વચ્ચે ભીષણ જંગ : ભારતીય નાગરીકોને તત્કાલ પરત લાવવા ખાસ વિમાન મોકલાશે


ધો.૧૨ પછી શું ?
ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ - સંચાલિત
સેનેટરી ઈન્સ્પેકટર (SI) ડિપ્લોમાં કોર્ષ
મળવાપાત્ર તક : જીલ્લા પંચાયત દ્વારા mphw, PHC, UHC સેન્ટર, નગરપાલિકા, મહા નગરપાલિકામાં, રેલ્વે, પોર્ટ, એરપોર્ટ, મલ્ટીનેશનલ કંપનીઓ, તારાંકિત હોટલો, દવાખાના વગેરે અનેક જગ્યાએ નોકરીની વિશાળ તક..
જીએસપી સ્કૂલ
સરકારી ગોડાઉન પાછળ, સિંધી સોસાયટી, ગ્રાંધીગ્રામ, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૫૩૪૭૦/૮૮૬૬૨ ૬૨૬૫૬


શિવ હોસ્પિટલ, રાજકોટનાં સ્પાઈન સર્જન આપના શહેર જૂનાગઢમાં...


ગુજરાતનાં સૌપ્રથમ ફેલોશીપ સ્પાઈન સર્જન
ડૉ. અભિષ સંઘવી
MS (Ortho), DNB Fellow (Spine Surgery)
FMISS (Germany & S. Korea), FSCT (Italy), FCSS (Japan)
મણકા અને કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
કન્સલ્ટન્ટ સ્પાઈન સર્જન, રાજકોટ.
નીચે મુજબની તકલીફોવાળા દર્દીઓ માટે...
કમર તેમજ ડોકનો દુઃખાવો • ગાદીની તકલીફ • ચાલવાની તકલીફ
હાથ - પગની નસનો દુઃખાવો • મણકાના ફ્રેકચર તથા પેરાલીસીસ
સાયટીકા • મણકાના કેન્સર અને ટીબી • બાળકોમાં ખુંધની તકલીફ
દર મહિનાનાં બીજા શુક્રવારે - તા. ૧૪-૮-૨૦૨૧ • સમય : સવારે ૧૦:૩૦ થી ૧
સ્થળ : શ્રી હાટકેશ હોસ્પિટલ, કોલેજ રોડ, ભુતનાથ મંદિર પાસે, જૂનાગઢ
નામ લખાવવા માટે સંપર્ક : ૦૨૮૫ - ૨૫૫૩૫૫૨ / ૨૬૨૪૫૩૦
વધુ માહિતી માટે સંપર્ક : ૯૬૩૮૯ ૦૭૦૦૦
મહાપુજાધામ ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલની બાજુમાં, રાજકોટ.

ૐ ઉપચાર કેન્દ્ર
ડૉ. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
● નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭૨૬૦૦૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.


બીના ઈલેકટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, માઈક્રોવેવ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. સોઢાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

### જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયામાં દલાતરવાડી જેવો ઘાટ સર્જાયાનો આક્ષેપ

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વર્તમાન વાઇસ ચાન્સેલર અને તેના પુત્ર સહિતનાઓ વિરૂધ્ધ ભરતી પ્રક્રિયામાં ગેરરીતિ કર્યાની કોર્ટમાં રાવ

## અમાન્ય યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએટના સર્ટિફિકેટ ઉપર પી.એચ.ડી. કરી જે વિષય ભણ્યા જ ન હોય તેમાં પ્રાધ્યાપક બનાવી દીધાની જાગૃત નાગરિકની રાવ

(હિતેશ જોશી દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં વર્તમાન વાઇસ ચાન્સેલર અને તેના પુત્ર સહિત ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર સામે જૂનાગઢના એક જાગૃત નાગરિકે પ્રથમ એન્ટી કરપ્શન બ્યુરોમાં અને આ ફરિયાદના આશરે એક મહિના કરતા વધુ સમય પહેલા ફરિયાદ કરી હતી. જેમાં એસીબી દ્વારા કોઈ કાર્યવાહી હાથ ન ધરાતા ફરિયાદીએ જૂનાગઢ કોર્ટમાં લેખિત ફરિયાદ દાખલ કરતા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના અધિકારી વર્તુળો સહિત રાજકીય વર્તુળોમાં પણ ચર્ચાઓ સાથે ખળભળાટનો માહોલ ઉભો થવા પામ્યો છે.

બનાવની જાણકાર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગત અનુસાર જૂનાગઢના જાગૃત નાગરિક વિરલભાઈ એ. જોટવાએ ગત તારીખ ૦૩ જૂલાઈના રોજ જૂનાગઢ એસીબી નિયામક અને અધિક નિયામકને સંબોધીને પોતાની ફરિયાદ આપી હતી. જેમાં જૂનાગઢ કૃષિ યુનીવર્સીટીમાં સત્તાધીશો દ્વારા સત્તાના દુરૂપયોગ કરી પ્રિવેન્શન ઓફ એન્ટી કરપ્શન એક્ટ હેઠળ સત્વરે ગુનો દાખલ કરવા તેમના દ્વારા માંગણી કરવામાં આવી હતી. તેમણે આને કોગ્નિઝેબલ ગુનાની વિગતો ગણાવી ઉમેર્યું હતું કે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વર્તમાન વાઈસચાન્સેલર વિઠ્ઠલભાઈ પી. ચોવટીયાના પુત્ર જયકુમાર વિઠ્ઠલભાઈ ચોવટીયા હાલમાં મદદનીશ પ્રાધ્યાપક તરીકે ખાપટ ફાર્મ ખાતે ફરજ બજાવે છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના અભ્યાસના નિયમ મુજબ કૃષિ તજજ્ઞ અભ્યાસ કરેલો હોય તો જ તેઓને વધુ આગળ અભ્યાસ એટલે કે આગળના અભ્યાસ કરવા માટે મંજૂરી આપવામાં આવે છે પરંતુ જયકુમાર વિઠ્ઠલભાઈ ચોવટીયાએ ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ, ગાંધીનગરમાંથી એમ.એસ.સી. (આઈ.સી.ટી.-ઈન એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ)ની પદવી મેળવેલ છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી કે ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીમાં આ કોર્સ ચલાવવામાં કે માન્ય રાખવામાં આવતો નથી. તેમ છતાં વાઈસચાન્સલરે તત્કાલીન સમયે પોતાની સત્તાનો દુરૂપયોગ કરી પોતાના પુત્રને આગળ અભ્યાસ કરવા માટે એટલે કે પી.એચ.ડી.માં એડમીશન પણ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં અપાવેલ અને આગળ જતા મદદનીશ પ્રાધ્યાપક તરીકે પણ આજ અભ્યાસ ક્રમના આધારે નિમણુંક આપેલ છે. આમ રાજ્યની કૃષિ યુનિવર્સિટીના નિયમ વિરૂધ સમગ્ર કાર્યવાહી કરેલી હોવાના તેમણે આક્ષેપો કર્યા હતા. ઉપરાંત નિયમ અનુસાર વર્ગ-૨(બે)ની ભરતી કરતી વખતે ઈન્ટરવ્યૂ કમિટીમાં જે તે સમયના (૧) વાઈસચાન્સલર પાઠક, (૨) સંશોધક નિયામક અને અનુસ્નાતક વિદ્યા સાથે અધ્યક્ષ વિઠ્ઠલ ચોવટીયા, (૩) જે તે ફેકલ્ટીના વિભાગના હેડ, (૪) બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યો, (૫) ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રીસર્ચ (આઈ.સી.એ.આર.), ન્યુ દિલ્હીના સભ્ય વિગેરેનાઓ આ ઈન્ટરવ્યુમાં ઉપસ્થિત હોય છે. આ નિમણુંક કમિટીના તમામ સભ્યોએ આ હકીકત એટલે કે જય ચોવટીયાએ પી.એચ.ડી.ની ડીગ્રી ગેરકાયદેસર મેળવેલી તેમજ જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીમાં આ પ્રકારનો કોઈ અભ્યાસ ક્રમ કે વિષયની માન્યતા ન હોવા છતાં ગેરકાયદેસર ભરતી કરી અને ભરતી કરનાર દ્વારા એકબીજા સાથે મેલાપીપણું કરી સત્તાનો સંપૂર્ણ દુરૂપયોગ કરી અને પોતાના કર્મચારીના દીકરા જય ચોવટીયાને ગેરકાયદેસર રીતે અને નિયમો વિરૂદ્ધ નોકરીમાં ભરતી લેવા માટે નીતિ નિયમો વિરૂદ્ધ અને પોતાને મળેલી સતાનો દુરૂપયોગ કરી અને પ્રિવેન્શન ઓફ એન્ટી કરપ્શન એકટ હેઠળ સત્તાનો દુરૂપયોગ કરી અને ગંભીર ગુનો કરેલ હોય જેથી જવાબદારો સામે સત્વરે તપાસ કરી અને ગુનો દાખલ કરવા માંગણી કરી હતી. આ ઉપરાંત એસીબીને ફરિયાદ આપ્યા બાદ લગાતાર એક વર્ષ દરમ્યાન વધુ ચાર વખત રીમાઈન્ડર કરવા છતાં એસીબી દ્વારા કોઈ એકશન ન લેવાતા ફરિયાદી વિરલભાઈ અરસીભાઈ જોટવાએ પોતાના નામદાર હાઈકોર્ટના એડવોકેટ મારફત તે અરજી કરતા મામલો આખરે કોર્ટમાં પહોંચ્યો હતો. જ્યાં જૂનાગઢનાં નામદાર ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં તેમણે ઉપરોક્ત વિષય પરત્વે દાદ માંગી હતી.

આ મામલો કોર્ટ સુધી પહોંચતા કૃષિ યુનિવર્સિટી અધિકારી વર્તુળોમાં પણ આ બાબતે હાલ જોરશોરથી ચર્ચા ચાલી રહી છે તેમજ આ અંગેની તટસ્થ તપાસ થવી જોઈએ તેવી લાગણી વ્યક્ત કરી હતી.

## પ્રવાસી શિક્ષકોના મહેનતાણામાં ૬૬ ટકા સુધીનો વધારો કરવા સંચાલક મંડળ દ્વારા શિક્ષણમંત્રીને રજૂઆત

અમદાવાદ તા.૧૧

ગુજરાત રાજ્યના પ્રવાસી શિક્ષકોના મહેનતાણામાં તાસદીઠ ૬૬ ટકા સુધીનો વધારો કરવા માટે સંચાલક મંડળ દ્વારા શિક્ષણમંત્રીને રજૂઆત કરાઈ છે. હાલમાં પ્રાથમિકમાં તાસદીઠ રૂા.૫૦, માધ્યમિકમાં રૂા.૭૫ અને ઉચ્ચતર માધ્યમિકમાં રૂા.૯૦ મળે છે. જેમાં વધારો કરી પ્રાથમિકમાં રૂા.૭૫, માધ્યમિકમાં રૂા.૧૦૦ અને ઉચ્ચતર માધ્યમિકમાં રૂા.૧૫૦ કરવા માટે માગણી કરાઈ છે. પ્રવાસી શિક્ષકોના મહેનતાણાના દર ૨૦૧૫માં નક્કી કરાયા બાદ તેમાં કોઈ વધારો કરાયો ન હોવાથી વધારાની માગણી થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં ૨૦૦૯ પછી ગ્રાન્ટેડ શાળાઓમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી વિલંબમાં પડેલી છે. ૨૦૧૧ના ઠરાવથી સરકારે ભરતી પોતાના હસ્તક લીધી હતી અને ઠરાવની જોગવાઈ મુજબ રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં શિક્ષકોની પસંદગી તથા ભરતીની કાર્યવાહી શરૂ થઈ હતી.

કેન્દ્રીય ભરતી સમિતિ દ્વારા ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની ભરતીની કાર્યવાહી પણ થઈ રહી છે. આ સંજોગોમાં રાજ્યમાં ખાલી પડેલી શિક્ષકોની જગ્યા માટે પ્રવાસી શિક્ષકની યોજના અમલમાં મુકવામાં આવી હતી. સરકાર દ્વારા નક્કી કરેલા દર મુજબ પ્રાથમિક શિક્ષણમાં તાસદીઠ રૂા.૫૦ અને મહત્તમ દૈનિક તાસ ૬ મુજબ મહત્તમ દૈનિક વેતન રૂા. ૩૦૦ રાખવામાં આવ્યું છે. આજ રીતે માધ્યમિક શિક્ષણમાં તાસદીઠ રૂા.૭૫ અને મહત્તમ ૬ તાસ મુજબ દૈનિક રૂા.૪૫૦, જયારે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં તાસ દીઠ રૂા.૯૦ અને મહત્તમ ૬ તાસ મુજબ દૈનિક રૂા.૫૪૦ નક્કી કરવામાં આવ્યા છે. પ્રાથમિકમાં તાસ પધ્ધતિ ન હોય તો દૈનિક માનદ વેતન રૂા.૩૦૦ અને માસિક મહત્તમ રૂા.૭૫૦૦થી વધે નહીં તે રીતે તેમજ માધ્યમિકમાં રૂા.૧૩૪૦૦ અને ઉચ્ચતર માધ્યમિકમાં રૂા.૧૩૭૦૦ નક્કી કરવામાં આવ્યા હતા. રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીય ભરતી સમિતિ દ્વારા ભરતી કરવામાં આવતા કાયમી ફિક્સ પગારી કર્મચારીઓના વેતનમાં અંદાજે ૩થી ૪ ગણો વધારો થયો છે, જેથી સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે પ્રવાસી શિક્ષકોના મહેનતાણામાં પણ તાસ દીઠ વધારો કરવા માટે શિક્ષણમંત્રીને રજૂઆત કરી છે. સંચાલક મંડળ દ્વાર તાસદીઠ ૬૬ ટકા સુધીનો વધારો કરવા માટે પોતાની રજૂઆતમાં જણાવાયું છે. પ્રાથમિક શિક્ષણમાં તાસદીઠ રૂા.૭૫ મુજબ ૬ તાસના દૈનિક રૂા.૪૫૦, માધ્યમિકમાં તાસદીઠ રૂા.૧૦૦ મુજબ ૬ તાસના દૈનિક રૂા.૬૦૦ અને ઉચ્ચતર માધ્યમિકમાં તાસદીઠ રૂા.૧૫૦ મુજબ ૬ તાસના દૈનિક રૂા.૯૦૦ કરવા માટે રજૂઆત કરાઈ છે. પ્રવાસી શિક્ષકોના મહેનતાણાની રકમ ૬ વર્ષ પહેલા નક્કી કરવામાં આવી હતી. ૬ વર્ષમાં મોંઘવારીનો દર પણ લગભગ બમણો થઈ ગયો છે. જેથી આ સંજોગોમાં પ્રવાસી શિક્ષકોના મહેનતાણામાં વધારો કરવા માટે માંગણી કરવામાં આવી છે.

## જૂનાગઢ મહાનગરપાલિકાનાં વોર્ડ નં.૧૨ અને ૧૩માં ક્રાંતિ દિવસની ઉજવણી કરાઈ



જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા, બીજેપી યુવા પ્રમુખ મનનભાઈ અંભાણી, મહામંત્રી વીનશભાઈ હદવાની, અભયભાઈ રિબડીયાના માર્ગદર્શન નીચે આજે વોર્ડ નંબર ૧૨ અને ૧૩માં ક્રાંતિ દિવસની ઉજવણીના ભાગરૂપે મધુરમ બાયપાસ વીર દેવાયત બોદરજીની પ્રતિમાની સફાઈ અને પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યુવા ભાજપ ઉપપ્રમુખ ઋષિકેશભાઈ મર્થક તથા વનરાજભાઈ સુત્રેજા તથા યુવા મોરચાના વોર્ડ નંબર ૧૨ના યુવા પ્રમુખ પ્રિન્સભાઈ હુંણ, સાગરભાઈ વધેરા, અનિલભાઈ યુવા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી કાર્યક્રમ ઉજવ્યો હતો.

## પાંચ વખત ટાઈમ લઈને જવાબ રજૂ નહીં કરનાર વનતંત્રનાં મહિલા સરકારી અધિકારીને પાંચ હજારનો દંડ ફટકારતી હાઈકોર્ટ

### કોર્ટનો એક લિટીનો પણ આદેશ હોય તો તેનું સન્માન જળવાવું જોઈએ, અહિં તો લાગે છે કે આદેશને કચરા ટોપલીમાં ફેંકી દીધો છે, અધિકારીના આવા વલણની ઉપેક્ષા કરી શકાય નહીં : જસ્ટિસ સુપેહિયા

અમદાવાદ તા.૧૧

ગુજરાત હાઈકોર્ટે એક અધિકારીને જવાબ રજૂ નહી કરવા બદલ આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી અને પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. જસ્ટિસ એ.એસ. સુપેહીયાએ નોંધ્યું હતું કે હાઈકોર્ટનો આદેશ જો એક લીટીનો પણ હોય તો તેનું માન જળવાવું જોઈએ અને અધિકારીનો આવું વલણ ચલાવી લેવાય જ નહીં. કેસની વિગતો મુજબ શીવુબેન વસાણી નામની એક મહિલા રાજકોટ જીલ્લાના વન વિભાગ ખાતે ફરજ બજાવે છે અને પોતાની નોકરી બાબતે વિવાદ થતા ગુજરાત હાઈકોર્ટ ખાતે વર્ષ ૨૦૧૯માં અરજી કરી હતી. અરજીની પ્રાથમિક સુનાવણી બાદ હાઈકોર્ટ દ્વારા વન વિભાગને નોટીસ કાઢવામાં આવી હતી. તે મુજબ કેસ સુનાવણી ઉપર આવતા વન વિભાગ તરફથી જવાબ રજૂ નહિ કરાયો હોવાનું જાણીને કોર્ટ ભારે નારાજ થઈ હતી અને પાંચ વખત આદેશ કર્યા છતા પણ તેનું પાલન નહીં થતા પાંચ હજાર રૂપિયાનો દંડ કરાયો હતો. આથી કોર્ટે પૃચ્છા કરતા સરકારી વકીલ તરફથી રજૂઆત કરાઈ હતી કે, નોટિસ કાઢીને જવાબ માંગવામાં આવ્યો હોય ત્યારે વિભાગ દ્વારા સરકારી વકીલની કચેરીમાં નોડલ ઓફિસર અને વિભાગ બન્નેને જાણ કરવામાં આવે છે. તેઓએ જવાબ ફાઈલ કરવાનો હોય છે. પરંતુ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જો જવાબ આપવાનો હોય તો સરકારી વકીલે ઓફિસરના ઘરે જઈને વિનંતી કરવાની ના હોય. એક વખત નોટિસ નીકળી તે પછી કેસની આગળની કાર્યવાહી બાબત અને જવાબ રજૂ કરવાની દરકાર અધિકારીએ કરવાની હોય છે. હવે તો તમામ માહિતી ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ છે ત્યારે અધિકારીઓની આવી બેદરકારી ચલાવી લેવાય નહીં. કોર્ટે પાંચ વખત સમય આપીને છ વખત મુદત આપી હતી. તેમ છતાં પણ હજુ સુધી જવાબ રજૂ થયો નથી.

## સાંસદો અને ધારાસભ્યો વિરૂદ્ધ અપરાધિક કેસો સંભાળી રહેલા જજોની આગામી આદેશ સુધી બદલી ના થાય : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી તા.૧૧

સુપ્રીમ કોર્ટે મંગળવારે આદેશ આપ્યો છે કે, સાંસદો અને ધારાસભ્યો વિરૂદ્ધ અપરાધિક કેસો સંભાળી રહેલા જજોને સર્વોચ્ચ અદાલતના આગામી આદેશ સુધી તેમના પદ ઉપર ચાલુ રાખવા જોઈએ કારણ કે, પેન્ડિંગ કેસોને રદ કરવાની ખાતરી કરી શકાય. બેંચે એવું પણ કહ્યું કે, પેન્ડિંગ કેસોને રદ કરવાની ખાતરી કરવા માટે ધારાસભ્યો અને સાંસદો સામે ખટલામાં સામેલ સ્પેશિયલ કોર્ટના પ્રિસાઈડિંગ ઓફિસર અથવા સીબીઆઈ કોર્ટના અધિકારીઓ આગામી આદેશ સુધી તેમના પદ ઉપર જળવાઈ રહેવા જોઈએ. બેંચે સ્પષ્ટતા કરી હતી કે, આ આદેશ તેમની નિવૃત્તિ અથવા મૃત્યુ સુધી યથાવત રહેશે. કોર્ટે એવો પણ આદેશ આપ્યો હતો કે, સંબંધિત રાજયોની હાઈકોર્ટની મંજૂરી વિના ધારાશાસ્ત્રીઓ વિરૂદ્ધના કેસો પરત ખેંચવામાં ન આવે. આ આદેશ કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને અપાયો હતો જેના પરિણામે છેલ્લા એક વર્ષથી કેસો પેન્ડિંગ છે. મુખ્ય ન્યાયમૂર્તિ એન.વી. રમણની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની પીઠે સાંસદો તથા ધારાસભ્યો વિરૂદ્ધના અપરાધિક કેસો પેન્ડિંગ હોવાના સંદર્ભે અપાયો છે. સુપ્રીમે હાઈકોર્ટના તમામ રજિસ્ટ્રાર જનરલોને જજ, જગ્યા, પોસ્ટિંગની તારીખ, પોસ્ટિંગ દરમ્યાન કેસોને રદ કરવા, પેન્ડિંગ કેસોની સ્થિતિ અને અનામત આદેશની વિગતો આપવા કહ્યું છે. જરૂર પડે તો રજીસ્ટ્રારોને અરજી દ્વારા સુપ્રીમમાં પહોંચવા માટેની સ્વતંત્રતા પણ અપાઈ છે. આ અંગે વધુ સુનાવણી ૨૫મી ઓગસ્ટે થશે.

## ખંભાળિયા રઘુવંશી મહિલા મંડળ દ્વારા સેવા કાર્યો મારફતે તહેવારોની ઉજવણી કરાઈ

જામ ખંભાળિયા તા.૧૧



ખંભાળિયામાં રઘુવંશી મહિલા મંડળ દ્વારા સમયાંતરે આવતા તહેવારોની વિવિધ રીતે ઉજવણી કરવામાં આવે છે. સંસ્થા દ્વારા અહીંના સ્લમ વિસ્તારના લોકો માટે જુદી જુદી સેવાકીય પ્રવૃતિઓ તહેવારને અનુરૂપ કરવામાં આવે છે. દિવાસો એ સૌભાગ્યવતી સ્ત્રીઓનો તહેવાર છે. આ પ્રસંગે રઘુવંશી મહિલા મંડળ દ્વારા અહીંના ઘી ડેમ વિસ્તારમાં આવેલા સ્લમ વિસ્તારના એકસો જેટલા બહેનો સાથે આ દિવાસાનો પર્વ ઊજવવામાં આવ્યો હતો. ડેમ નજીક વસતા પરિવારોની મહિલાઓને દિવાસાના પારણા એટલે કે ભોજન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ આ બહેનોને સાડી પણ આપવામા આવી હતી. રઘુવંશી મહિલા મંડળના સદસ્યો દ્વારા આ સેવાકીય કાર્યો માટે સહયોગ સાંપડ્યો હતો. જેના ફળસ્વરૂપે આ સેવા પ્રવૃત્તિને સફળતા મળી હતી. આ સમગ્ર પ્રોજેકટ માટે જેમિનીબેન મોટાણી તથા તેમની કારોબારી ટીમના સદસ્યો સાથે જોડાયા હતા.

## ખંભાળિયા લેડીઝ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા "આપણી સંસ્કૃતિ આપણો વારસો" કાર્યક્રમ યોજાયો

જામ ખંભાળિયા તા.૧૧

ખંભાળિયામાં લેડીઝ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આપણી સંસ્કર્તિ આપણો વારસો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે દિપ પ્રાગટ્ય બાદ યમુના મહારાણી સત્સંગની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના પ્રમુખ રેખાબેન નકુમ દ્વારા સત્સંગને અનુરૂપ શ્રૃંગારની વસ્તુઓ, સેક્રેટરી હેતલબેન સવજાણીએ તેના બર્થ ડે નિમિત્તે આઈસ્ક્રીમ પાર્ટી, જોઈન્ટ સેક્રેટરી નિમિષાબેન નકુમે સત્સંગમાં ગુલાબના ફૂલોની સેવા, જાગુબેન તથા તેની ટીમ દ્વારા સત્સંગ સેવા આપવામાં આવી હતી. આ તકે પુનમબેન ચંદારાણા, પુનમબેન વાયા, આરતીબેન પંચમતિયા, નીતાબેન લાલ સહીતનાં ઉપસ્થિત રહયા હતાં.

## કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાને જન્મદિનની શુભેચ્છા પાઠવાઈ



જૂનાગઢ તા.૧૧

દત અને દાતારની ભૂમિ એવી નરસૈયાની નગરી જૂનાગઢમાં ફરજનિષ્ઠા અને કાર્યનિષ્ઠાને લઈ આગવી ઓળખ ઉભી કરી સોરઠવાસીઓના હૃદયમાં વસનાર ડી.વાય.એસ.પી. પ્રદીપસિંહ જી. જાડેજાને તેમના જન્મદિન નિમિતે કોમી એકતા રાષ્ટ્રિય એકતા સમિતિના બટુકભાઈ મકવાણા, વહાબભાઈ કુરેશી, રમેશભાઈ બાવળીયા, જિશાન હાલેપોત્રા, પંકજભાઈ ભરડા, સોહેલ સિદ્દીકી સહિતનાઓએ શુભેચ્છાઓ પાઠવી દીર્ઘાયુ આયુષ્યની શુભ કામનાઓ પાઠવી હતી.

## ઓક્સિજન ફાળવણી સંબંધિત નેશનલ ટાસ્ક ફોર્સના સૂચનોની કાર્યવાહીનો રિપોર્ટ રજૂ કરવા સુપ્રીમનો કેન્દ્રને નિર્દેશ

નવી દિલ્હી તા.૧૧

સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકારને રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ઓક્સિજન ફાળવણી સંબંધિત નેશનલ ટાસ્ક ફોર્સના સૂચનોના અમલીકરણ ઉપર બે અઠવાડિયાની અંદર એક એક્શન લેવાયેલો રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આ ટાસ્ક ફોર્સની રચના સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવી હતી. દેશમાં બીજી કોરોના વેવ દરમ્યાન જબરદસ્ત ઓક્સિજન કટોકટી હતી. ઘણા રાજયોમાં તેની ઉણપને કારણે ઘણા લોકોના મોતના અહેવાલ હતા. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, NTFમાં વરિષ્ઠ ડોકટરો અને નિષ્ણાંતોનો સમાવેશ થાય છે, તેથી કેન્દ્ર નીતિ નીતિ સ્તરે તેમની ભલામણોને અનુસરવાની અપેક્ષા રાખે છે, જેથી વર્તમાન અને ભવિષ્યમાં કોઈપણ આવશ્યકતાઓનો સામનો કરી શકાય. જસ્ટિસ ડી.વાય.ચંદ્રચુડ અને જસ્ટિસ એમ.આર.શાહની ખંડપીઠે પણ બે સપ્તાહ બાદ આગામી સુનાવણી માટે મામલો નક્કી કર્યો છે. કોરોના મહામારીનો સામનો કરવા માટેની તૈયારીઓ અંગે સૂઓમોટો લઈને દાખલ કરવામાં આવેલી અન્ય અરજીઓ સાથે આ બાબતની સૂચિ સામેલ હોય સર્વોચ્ચ અદાલતે કહ્યું કે એનટીએફનો અંતિમ અહેવાલ દાખલ કરવામાં આવ્યો છે અને રાષ્ટ્રીય રાજધાનીમાં ઓક્સિજનની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટેની પેટા સમિતિનો વચગાળાનો અહેવાલ પણ દાખલ કરવામાં આવ્યો છે.

## જૂનાગઢ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની મીટીંગ યોજાશે

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ જીલ્લાની સ્વનિર્ભર શાળાઓનાં સંચાલકોની મીટીંગનું આયોજન તા. ૧૩-૮-૨૧ શુક્રવારનાં રોજ સવારનાં ૯.૩૦ કલાકે હોટલ ઈન્દ્રલોક, રેલ્વે સ્ટેશન, જૂનાગઢ ખાતે કરવામાં આવેલ છે. આ મીટીંગમાં તમામ સંચાલકોએ હાજરી આપવાની રહેશે. આ મીટીંગમાં ગુજરાત રાજય સેલ્ફ ફાઈનાન્સ સ્કુલ મહામંડળનાં પ્રમુખ ભરતભાઈ ગાજીપરા, ગુજરાત રાજય સ્વનિર્ભર શાળા મહામંડળનાં પ્રવકતા ડો. દિપકભાઈ રાજયગુરૂ ઉપસ્થિત રહી શાળા સંચાલકોને માર્ગદર્શન આપશે.

## હવે ગુજરાતનાં અંકલેશ્વરમાં બનશે કોવેક્સિન : કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા

નવી દિલ્હી તા.૧૧


દેશભરમાં વેકસીનેશન થવાનું છે, તેથી મોટાપાયે વેક્સીનની જરૂરિયાત છે. તેથી વેક્સીનનું ઉત્પાદન વધારવાની પણ જરૂરિયાત છે. ગુજરાતમાં હાલ ઝડપથી વેકસીનેશન પ્રોગ્રામ ચાલી રહ્યો છે. આ વચ્ચે ગુજરાતમાં કોરોનાની વેક્સીન બનવાની જાહેરાત થઈ છે. ત્યારે હવે વેકસીન બનાવવામાં ગુજરાતનો મોટો રોલ હશે. અંકલેશ્વર સ્થિત કંપનીની સબસિડરીમાં કોવેક્સીન રસીના ઉત્પાદનને મંજૂરી આપી દેવાઈ છે. ત્યારે જ જલ્દી જ અંકલેશ્વરમાં કોવેકસીનનું પ્રોડકશન શરૂ થઈ જશે. આ વાતની માહિતી આપતા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સબકો વેક્સીન મુફ્ત વેક્સીન અંતર્ગત દેશની સૌથી મોટી વેક્સિનેશન ડ્રાઈવ ચાલી રહી છે.

ભારતમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની કોવિશીલ્ડ અને ભારત બાયોટેકની કોવેક્સિન વેક્સિનને હાલમાં માન્યતા પ્રાપ્ત અપાઈ છે. ત્યારે હવે કોવેકસીનનું ઉત્પાદન ગુજરાતના અંકલેશ્વરમાં કોવેક્સિનનું ઉત્પાદન થવા જઈ રહ્યું છે. દેશભરમાં વેક્સીનેશન થવાનું છે, તેથી મોટાપાયે વેક્સીનની જરૂરિયાત છે. તેથી વેક્સીનનું ઉત્પાદન વધારવાની પણ જરૂરિયાત છે. આવામાં અંકલેશ્વર સ્થિત સબસિડરીની વાર્ષિક ૨૦૦ મિલિયન ડોઝ ઉત્પાદનક્ષમતા છે. યુનિટ એના રેબિટ્સની વેક્સિનના ઉત્પાદનને અટકાવી કોરોના વેક્સિનનું ઉત્પાદન શરૂ કરશે. હાલ માત્ર હૈદરાબાદ અને બેંગલુરૂમાં જ કોવેક્સિનનું ઉત્પાદન થઈ રહ્યું છે. ત્યારે ગુજરાતનું નામ પણ તેમાં જોડાયું છે. આમ, કોરોના મહામારી નાથવામાં ગુજરાતનો પણ મોટો ફાળો રહેશે.

# એશિયા ખંડની શાન સોરઠના સાવજના જતન-સંવર્ધન-જનજીવનમાં સ્વીકૃતિ અંગેની જાગરૂકતા કેળવવા મુખ્યમંત્રી વિજય રૂપાણીનું આહવાન

**રાજયમાં પાંચ વર્ષમાં સિંહની સંખ્યામાં ૨૯ ટકાની વૃદ્ધિ-રાજયમાં સિંહ વધીને ૬૭૪ થયા : સિંહોના આનુવાંશિક ગુણો જાળવી રાખી સિંહ પ્રજાતિના સંવર્ધન માટે સૌરાષ્ટ્રમાં ત્રણ જિન પૂલ શરૂ કર્યા છે : સાસણ ગીરમાં સ્ટેટ ઓફ ધ આર્ટ હોસ્પિટલ અને ડીસીઝ ડાયગ્નોસ્ટીક રિસર્ચ સેન્ટરની સ્થાપના આવનારા દિવસોમાં કરવાની નેમ**





જૂનાગઢ, તા.૧૧

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ વિશ્વ સિંહ દિવસની રાજયના વન વિભાગ દ્વારા થયેલી ઉજવણીમાં ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સથી સહભાગી થતાં એશિયા ખંડની શાન-સોરઠના સાવજના જતન સંવર્ધન, સંરક્ષણ અને જનજીવનમાં સ્વીકૃતિની જાગરૂકતા વ્યાપક બનાવવા પ્રેરક આહવાન કર્યુ હતું.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતનું સદનસીબ અને ગૌરવ છે કે, એશિયાટીક લાયનની વિરાસત ગુજરાત ધરાવે છે. સોરઠ-ગીર પ્રદેશના આ સાવજની સાથે સ્થાનિક લોકો સહિત સૌના ભાવાત્મક જોડાણ, સિંહ જતન માટે યોગદાન અને સાર્થક પ્રયાસોને પરિણામે રાજયમાં સિંહોની સંખ્યામાં પાછલા વર્ષોમાં ૨૯ ટકા જેટલો વધારો થયો છે. ૨૦૧૫માં ૫૨૩ સિંહ હતા તે વધીને હવે ૬૭૪ થયા છે એમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, આ વૃદ્ધિ સ્પષ્ટ સૂચવે છે કે, સૌરાષ્ટ્રમાં માનવ વસ્તી સાથે સિંહોનો ઉછેર, જનજીવનમાં સ્વીકૃતિની વ્યવસ્થા એ માનસિકતા બની ગઈ છે. તેમણે આ માનસિકતાને વ્યાપક ઊજાગર કરવા અને સિંહના જતન, સંવર્ધન, સંરક્ષણમાં બાળકો, યુવાનો સહિત સૌ પ્રેરિત થાય તે માટે આ વિશ્વ સિંહ દિવસની ઉજવણી યથાર્થ બને તેવી અપેક્ષા દર્શાવી હતી.

મુખ્યમંત્રીએ સિંહની આપણી સંસ્કૃતિમાં જે મહત્તા છે તે વર્ણવતા ઉમેર્યુ કે, આપણે ત્યાં નરસિંહ અવતાર છે અને સિંહને શક્તિ ભકિતના પ્રતિક તરીકે પૂજનીય સ્વીકૃતિ મળેલી છે. એટલું જ નહિ, ભારતના રાજચિન્હ-એમ્બલમમાં પણ સિંહના મૂખની પ્રતિકૃતિ દર્શાવાયેલી છે.

વિજયભાઇ રૂપાણીએ રાજયમાં સિંહના વિચરણ-હરફરનો વિસ્તાર ગીરના જંગલોથી વિસ્તરીને ચોટીલા, સાયલા, અમરેલી, ભાવનગર જેવા સ્થળો જિલ્લાઓ મળી ૩૦ હજાર ચોરસ કિલોમીટર થયો છે તેની પણ ભૂમિકા આપી હતી.

વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું કે, સિંહ દર્શન માટે આવતા પ્રવાસીઓને સરળતાએ સિંહ જોવા મળે અને ગીર જંગલ સિવાયના વિસ્તારોમાં પણ સિંહ દર્શનની પ્રવાસન પ્રવૃત્તિ વિકસે તે માટે અમરેલીના આંબરડી અને જૂનાગઢના ઈન્દ્રેશ્વર પાસે લાયન સફારી વિકસાવવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, રાજય સરકારે સિંહના આરોગ્ય જતન, સંરક્ષણ માટે સાસણગીરમાં અદ્યતન લાયન હોસ્પિટલ, લાયન એમ્બ્યુલન્સ, રેસ્કયુ એન્ડ રેપિડ એકશન ટીમ, ટ્રેકર્સ અને વન્યપ્રાણી મિત્રના નવતર કન્સેપ્ટ વિકસાવી વનરાજની માવજત જાળવણીનું કામ જનસહયોગથી ઉપાડયું છે.

સિંહોના આનુવાંશિક ગુણો જાળવી રાખી સિંહ પ્રજાતિના સંવર્ધન માટે સૌરાષ્ટ્રમાં રામપરા, જૂનાગઢના સક્કર બાગ, સાતવીરડા એમ ત્રણ સ્થળોએ જિનપૂલ શરૂ કરવામાં આવ્યા છે.

એશિયાઇ સિંહોના સંરક્ષણને પ્રાધાન્ય આપીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ કેન્દ્ર સરકાર દ્વારા લાયન પ્રોજેકટની જાહેરાત કરેલી છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ લાયન પ્રોજેકટ અન્વયે આગામી વર્ષોમાં રેસ્કયુ સેન્ટર્સ હોસ્પિટલ, લેબોરેટરી, બ્રિડીંગ સેન્ટર, સિંહોની સારવાર સુશ્રુષા માટે સારવાર કેન્દ્રોમાં માળખાકીય સુવિધાઓ, રેડિયો કોલર અને મોર્ડન ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગી કરી સિંહ સંરક્ષણ અને સંવર્ધનની કડી મજબૂત બનાવવામાં આવશે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ એમ પણ ઉમેર્યુ કે, સાસણગીર ખાતે આગામી સમયમાં સ્ટેટ ઓફ ધ આર્ટ હોસ્પિટલ અને ડિસીઝ ડાયસ્ટિક એન્ડ રિસર્ચ સેન્ટરની સ્થાપના કરવાની નેમ છે.

મુખ્યમંત્રીએ વિશ્વ સિંહ દિવસની ઉજવણી નિમિત્તે વન વિભાગે ઓનલાઇન આયોજિત કરેલી ડ્રોઇંગ અને ફોટોગ્રાફી સ્પર્ધાના વિજેતાઓ જાહેર કર્યા હતા અને સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે સિંહની સ્વીકૃતિ અને શાન જાળવવા સૌને પ્રતિબદ્ધ થવા અનુરોધ કરતાં ઉમેર્યુ કે, એશિયાટીક સિંહનું ગૌરવ વિશ્વસ્તરે વ્યાપક ઊજાગર થાય તે માટે વિશ્વ સિંહ દિવસે સંકલ્પબદ્ધ બનીએ. વન પર્યાવરણ મંત્રી ગણપતસિંહ વસાવાએ એશિયા અને ગુજરાતના ગૌરવ રૂપ સિંહોને કારણે પ્રવાસન પ્રવૃત્તિ પણ વ્યાપક વિકસી છે અને સ્થાનિક રોજગાર અવસરો ખૂલ્યા છે તેની લાગણી પ્રાસંગિક સંબોધનમાં વ્યકત કરી હતી. તેમણે જણાવ્યું કે, ૨૦૧૯માં વિશ્વ સિંહ દિવસની ઉજવણીમાં પાંચહજાર શાળાઓ તથા ૧૧ લાખથી વધુ લોકોને જોડીને ગુજરાતે વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવી સિંહની સમૃદ્ધિનો ડંકો દુનિયામાં વગાડયો હતો.

વન મંત્રીએ કહ્યું કે, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ વન્યજીવો પ્રત્યે, તેમના આરોગ્ય જતન પ્રત્યે આગવી સંવેદના દર્શાવી છે. સિંહોમાં ભૂતકાળમાં જોવા મળેલી બિમારી સામે રક્ષણ આપવા મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં અમેરિકાથી રસી મંગાવી સિંહોને આપવામાં આવી હતી તેમ તેમણે ઉમેર્યુ હતું.

આ પ્રસંગે વન પર્યાવરણના અધિક મુખ્ય સચિવ અરૂણકુમાર સોલંકીએ વિશ્વ સિંહ દિવસની રૂપરેખા સાથે સ્વાગત પ્રવચન અને અગ્ર મુખ્ય વનસંરક્ષક તથા હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ ડી. કે. શર્માએ સૌનો આભાર વ્યકત કર્યો હતો. વન્યપ્રાણી સૃષ્ટિના અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રી શ્યામલ ટિકાદર, વન વિભાગના અધિકારીઓ ગાંધીનગરથી તેમજ સૌરાષ્ટ્રના વિસ્તારોની શાળાના બાળકો, વન કર્મીઓ, સ્વૈચ્છિક સંગઠનોના પ્રતિનિધિઓ વિડીયો કોન્ફરન્સથી આ ઉજવણીમાં જોડાયા હતા.

## ‘મારી નજરે મારૂં ગાંધીનગર’ શિર્ષક હેઠળ ફોટો સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

ફોટોગ્રાફર એસોસિએશન ગાંધીનગર દ્વારા વિશ્વ ફોટોગ્રાફી દિવસ નિમિતે " મારી નજરે મારૂ ગાંધીનગર ફોટો સ્પર્ધાનું આયોજન કરેલ છે જેમાં ભાગ લેવા ઈચ્છુક દરેક સ્પર્ધકોએ નીચે જણાવેલ મુદ્દા ધ્યાનમાં રાખી ભાગ લઈ શકે છે. ૧. "મારી નજરે મારૂ ગાંધીનગર"ની લાક્ષણિક તસ્વીર સ્પર્ધકે ૨ કોપી અલગ અલગ જગ્યાની ૮x૧૨ સાઈઝની આરજીબી પ્રિન્ટની હાર્ડ કોપીમાં આપવાની રહેશે. ૨. આ સ્પર્ધામાં દરેક ઉમરની વ્યક્તિ ભાગ લઈ શકે છે. ૩. સ્પર્ધા ભાગ લઈને હાર્ડ કોપી જમાં કરવાની તારીખ ૧૧ ઓગસ્ટથી ૧૬ ઓગસ્ટ સુધીની છે, ૧૬ ઓગસ્ટ બાદ એન્ટ્રી લેવામાં આવશે નહિ તેની નોંધ લેવી.૪. સ્પર્ધામાં ટોટલ વહેલા તે પહેલા ધોરણે ૧૦૦ એન્ટ્રી માન્ય છે અને દરેક વ્યક્તિએ વધુમાં વધુ બે ફોટા અલગ અલગ જગ્યાના આપવાના રહેશે. ૫. ૮x૧૨ સાઈઝના બે ફોટો અલગ અલગ જગ્યાની હાર્ડ કોપી બંધ કવરમાં આપવી અને કવર ઉપર સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો. ૬. ભાગ લેનાર સ્પર્ધકો માટે ૫૦૦૦ થી વધુના ઈનામ રાખેલ છે જેમાં ૧ થી ૫ ક્રમ પ્રમાણે ઈનામ અપાશે. ૭. ભાગ લેનાર સ્પર્ધકોએ વિશ્વ ફોટોગ્રાફી દિવસે એટલે ૧૯ ઓગસ્ટના રોજ સાંજે ૫:૦૦ વાગે સત્કાર ગાર્ડન રેસ્ટોરન્ટ, કુડાસણ ખાતે આવવાનું રહેશે ત્યાં નિર્ણાયક દ્વારા પ્રદર્શનમાં લાગેલ ફોટામાંથી વિજેતા જાહેર કરવામાં આવશે. ૮. સ્પર્ધકે ૧૯ ઓગસ્ટના રોજ પોતે એક વ્યક્તિએ આવવાનું રહેશે. ૯. ફોટા જમાં કરવાનું સ્થળ મંગલમ ફોટો સ્ટુડિયો, સેકટર -૧૬, ઘ -૫, ગાંધીનગર. અનંતભાઈ ભાવસાર, ફોનઃ ૯૪૨૬૩ ૮૮૬૮૩, ફોટો જમા કરવાનો સમય સવારે ૧૦:૦૦ થી ૧૨:૩૦ અને સાંજે ૪:૦૦ થી ૭:૦૦ નો રહેશે. ૧૦. ભાગ લેનાર સ્પર્ધકોએ પોતાની ફોટો કોપીની સોફ્ટ કોપી અમારા ઈમેઈલ આઈડી **paggandhinagar@gmail.com** ઉપર મેઈલ કરવાની રહેશે.

## દાતાર સેવક ગણે જૂનાગઢનાં ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાને જન્મ દિનની શુભેચ્છા પાઠવી



જૂનાગઢ, તા.૧૧ : ઉપલા દાતારના મહંત ભીમબાપુના પ્રતિનિધિ તરીકે દાતાર સેવક ગણ દ્વારા જૂનાગઢના ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજાને પુષ્પગુચ્છ તેમજ દાતારની જગ્યાનો પ્રસાદ આપી જન્મદિનની શુભેચ્છા આપવામાં આવી હતી. આ તકે ઉપલા દાતારના મહંત ભીમબાપુએ પ્રદિપસિંહ જાડેજાને આર્શીવચન પાઠવ્યા હતા.

## બ્રહ્માનંદ વિદ્યાલય ચાંપરડા ખાતે આવતીકાલે દોડ સ્પર્ધા યોજાશે

જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢ જિલ્લામાં તા. ૧૨ ઓગસ્ટના રોજ એથ્લેટીકસ રમતની અન્ડર ૧૯ ભાઈઓ માટે માટે દોડ સ્પર્ધા શ્રી બ્રહ્માનંદ વિદ્યાલય ચાંપરડા વિસાવદર ખાતે યોજાશે. રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષાની દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા જૂનાગઢ જિલ્લામાં રમતની અન્ડર ૧૯ ભાઈઓ માટે ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર,૮૦૦ મીટર, અને ૧૫૦૦ મીટર દોડસ્પર્ધા તારીખ ૧૨/૮/૨૦૨૧ ના રોજ બ્રહ્માનંદ વિદ્યાલય, ચાપરડા, વિસાવદર જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જૂનાગઢ જિલ્લાના અન્ડર ૧૯ ખેલાડીઓ પોતાના ઓરિજિનલ આધારકાર્ડ અને એક ઝેરોક્ષ સાથે ૮ કલાકે સ્પર્ધા સ્થળે સ્વખર્ચે હાજર રહેવા જણાવવામાં આવે છે.

આ સ્પર્ધામાં તા.૧૫/૦૮/૨૦૦૨ થી ૧૪/૦૮/૨૦૦૭ એટલે ૧૯ વર્ષથી નાના અને ૧૪ વર્ષથી મોટા ભાઈઓ ભાગ લઈ શકશે. તેમજ એક ખિલાડી એક જ ઈવેન્ટમાં ભાગ લઈ શકશે. આ ઉપરાંત દરેક ભાઈઓએ પોતાના ઓરિજીનલ આધારકાર્ડ અને એક ઝેરોક્ષ સાથે રાખવાની રહેશે. સ્પર્ધામાં પ્રથમ આવનાર ખેલાડી જૂનાગઢ ખાતે ઝોનકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

## ગુજરાતનું ગૌરવ



અમદવાદ, તા.૧૧

એડવર્ટાઈઝીંગ એન્ડ કમ્યુનીકેશન સર્વિસ લીમીટેડનાં ડાયરેકટર શ્રીમતી વિભુતી ભટ્ટને તાજેતરમાં ગુજરાત ગૌરવ રત્ના એવોર્ડ ૨૦૨૦થી સન્માનિત કરવામાં આવેલ છે. ગુજરાતનાં વિકાસમાં શ્રીમતી વિભુતી ભટ્ટનાં અસામાન્ય ફાળા અને ભૂમિકાની નોંધ લઈ નોલેજ પ્લસ ફાઉન્ડેશન અને ધ એસોસિએશન ઓફ ઈન્ડિયન અમેરિકન્સ ઈન નોર્થ અમેરિકા, યુએસએ દ્વારા શ્રીમતી વિભુતી ભટ્ટને એવોર્ડ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

## ઓબીસીમાં સમાવેશને લઈને જે જ્ઞાતિઓમાં અન્યાયની ભાવના છે, તે દુર કરવા પ્રયત્નો થવા જોઈએ : અર્જુન મોઢવાડિયા

અમદાવાદ, તા.૧૧ : ગુજરાત કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે લોકસભામાં સર્વાનુમતે ઓબીસીબીલ પાસ કરવામાં આવ્યું કે જે તે રાજ્યોમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી)માં જે તે જ્ઞાતિઓને સમાવવાનો કે બહાર કરવાનો નિર્ણય ઓબીસી કમીશનની ભલામણોના આધારે રાજય સરકારો કરી શકશે. આ બીલને હું આવકારૂ છું. પરંતુ સાથે સાથે મારી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પાસે એવી પણ અપેક્ષા છે કે કોઈપણ જ્ઞાતિને ઓબીસીમાં સમાવેશ માટેના જે કોઈ પ્રકારના માપદંડો હોવા જોઈએ તે માપદંડો પહેલેથી નક્કી કરી દેવામાં આવે. તેમજ આ માપદંડોમાં જે જ્ઞાતિઓ ખરી ઉતરતી હોય તેમનો સમાવેશ ઓબીસીમાં કરવામાં આવે તેમજ જે જ્ઞાતિમાં પોતાને અન્યાય થયો છે એવી ભાવના સાથે સમાજમાં કડવાશ ઉભી થયેલ છે, તેને પણ દુર કરવાનો પ્રયત્ન કરવામાં આવે. વધુમાં ઉમેર્યુ હતું કે, અગાઉ અમે જ માંગણી કરેલ કે કેટલાક ઉચ્ચ વર્ગની જે જ્ઞાતિઓનો ઓબીસીમાં સમાવેશ થયેલ નથી. તેમાં પણ કેટલાક લોકો સામાજિક અને આર્થિક રીતે પછાત છે જ તેમના માટે ઈકોનોમિક બેકવર્ડ કલાસ (ઈબીસી)ની જોગવાઈ કરવામાં આવે. અગાઉના સમયમાં લોકસભામાં સર્વાનુમતે બીલ પાસ કરીને આવી જ્ઞાતિઓનો ઈબીસીમાં સમાવેશ કરવાની જોગવાઈ કરેલ હતી. તેમજ તેમના માટે ૧૦% અનામતની પણ જોગવાઈ કરેલ હતી. વધુમાં જણાવ્યું હતું કે મારી રાજય સરકારને ફરી વિનંતી છે કે અન્ય પછાત વર્ગો (ઓબીસી) માં સમાવેશના માપદંડો પહેલેથી નક્કી કરી દેવામાં આવે. જેથી આવી જ્ઞાતિઓના લોકોને આ પ્રકારનો અનામતનો લાભ મળે અને જે જ્ઞાતિઓ આ મામદંડોમાં પાસ ન થતી હોય તેમના માટે ઈબીસીમાં સમાવેશ કરવામાં આવોલ જેથી કોઈને પણ અન્યાય ના થાય.

## રિલાયન્સ ન્યૂ એનર્જી સોલર લિમિટેડ એમ્બ્રી ઈન્કમાં મૂડીરોકાણ કરશે

મુંબઈ, તા.૧૧

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL)ની સંપૂર્ણ માલિકની પેટાકંપની રિલાયન્સ ન્યૂ એનર્જી સોલર લિમિટેડ (RNESL)ની સાથે મળી વ્યુહાત્મક ભાગીદારો પૌલસન એન્ડ કંપની ઈન્ક તથા બિલ ગેટ્સ અને અન્ય રોકાણકારોએ સાથે મળીને અમેરિકાના મેસેચ્યૂસેટ્સ સ્થિત એનર્જી સ્ટોરેજ કંપની એમ્બ્રી ઈન્કમાં ૧૪૪ મિલિયન અમેરિકન ડોલરનું મૂડીરોકાણ કરવાની જાહેરાત કરી છે. આ મૂડીરોકાણ કંપનીને લાંબા સમય માટે ઊર્જાનો સંગ્રહ કરવાની સિસ્ટમ્સના વેપારને વૈશ્વિક ફલક પર વિસ્તારવામાં મદદરૂપ બનશે. RNESL ૫૦ મિલિયન અમેરિકી ડોલરનું મૂડીરોકાણ કરીને એમ્બ્રીમાં ૪૨.૩ મિલિયન શેર્સનો પ્રિફર્ડ સ્ટોક હાંસલ કરશે.

ગ્રીડ-સ્કેલ સ્ટેશનરી સ્ટોરેજ એપ્લિકેશનમાં ઉપયોગમાં લેવાતી લિથિયમ-આયર્ન બેટરી સાથે સંકળાયેલા કિંમત, દીર્ઘાયુષ્ય અને સુરક્ષાના નિયંત્રણોને પાર કરે તેવી પેટન્ટેડ ટેક્નોલોજી અને ડિઝાઈન ઉપર આધારિત તેમજ ૪-૨૪ કલાક સુધી ચાલે તેવી એમ્બ્રીની લોંગ-ડ્યૂરેશન એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ છે. જયારે બિનપરંપરાગત ઊર્જા ઈલેકિટ્રક પાવર ગ્રીડમાં ઝડપથી આવી રહી છે ત્યારે આ ટેક્નોલોજી ઊર્જાનો સંગ્રહ કરવાની ક્ષમતામાં અનેકગણો વધારો કરવામાં મદદરૂપ નીવડશે.

RNESL અને એમ્બ્રી ભારતમાં વિશાળ કક્ષાની બેટરી મેન્યુફેકચરિંગ ફેસિલિટી સ્થાપવા માટે ખાસ સહયોગ સાધશે, જે રિલાયન્સ ગ્રીન એનર્જીની પહેલનું કદ વિસ્તારશે અને કિંમતો નીચી લાવશે.

**જામનગરમાં ગીગા ફેકટેરી સ્થાપશે**

આ વર્ષે જૂન મહિનામાં શેરધારકોને સંબોધન કરતાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ જામનગરમાં ધીરૂભાઈ અંબાણી ગ્રીન એનર્જી ગીગા કોમ્પલેકસ પ્રોજેકટના ભાગરૂપે ઈન્ટરમિટન્ટ એનર્જીના સંગ્રહ માટે એક ગીગા ફેકટરી સ્થાપશે તેવા આયોજનની જાહેરાત કરી હતી. “અમે ઊર્જાનો વિશાળ ક્ષેત્રે સંગ્રહ કરી શકે તેવી નવી અને અત્યાધુનિક ઈલેકટ્રો-કેમિકલ ટેક્નોલોજીની શોધ કરી રહ્યા છીએ. ઉત્પાદન, સંગ્રહ અને ગ્રીડ કનેકિટવિટીના સંયોજન થકી ચોવીસ કલાક વીજળી પુરવઠો મળી રહે તેવી ઉચ્ચ ગુણવત્તા અને ભરોસાવાળી ટેક્નોલોજી હાંસલ કરવા માટે બેટરી ક્ષેત્રના વૈશ્વિક અગ્રણીઓ સાથે સહભાગિતા સાધીશું,’’ તેમ મુકેશ અંબાણીએ જણાવ્યું હતું.

**10 MWhથી 2 GWh**

સુધીના વીજ સંગ્રહ માટે જરૂરી સિસ્ટમના પ્રોજેકટને એમ્બ્રી તેવી ટેકનોલોજી પૂરી પાડે છે. લિથિયમ-આયન બેટરીઓ કરતાં વધુ કિફાયતી એવી કેલ્શિયમ એન્ડ એન્ટિમોની ઈલેકટ્રોડ બેઝ્ડ સેલ્સ એન્ડ કન્ટેઈનરાઈઝ્ડ સિસ્ટમનું કંપની દ્વારા ઉત્પાદન કરવામાં આવશે જે કોઈપણ આબોહવામાં ૨૦ વર્ષ સુધી એર કંડિશનિંગની જરૂરિયાત વગર ન્યુમતમ ઘસારા સાથે કાર્યાન્વિત રહી સેવા આપશે. એમ્બ્રીની સિસ્ટમ્સ ખાસ કરીને વિશાળ કદની એપ્લિકેશન્સ માટે સુસંગત છે, જેમ કે, દિવસ દરમ્યાન સંગ્રહ થયેલી સોલર વીજળીને સાંજ તથા સવારના મહત્તમ વીજ માંગના સમયે પૂરી પાડવા માટે આ ટેક્નોલોજી એકદમ સુસંગત છે. હાલ કંપની એવા ગ્રાહકો શોધી રહી છે જે વર્ષ ૨૦૨૩માં કે એ પછીના સમયગાળા માટે પોતાના કોમર્શિયલ ઓપરેશન્સના વિશાળ કદના પ્રોજેક્ટ્સ અમલી બનાવવા જઈ રહ્યા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કુદરતી સંપદાનું નિકંદન કાઢતું વિશ્વ પારોઠના પગલા ભરશે કે નહીં ?

વિશ્વને એકવીસમી સદીમાં પહોંચવા માટે અનેરો થનગનાટ હતો અને તેમાં પ્રવેશ સાથે આધુનિકતાતરફની દોટ વધતી ચાલી જેમાં વિશ્વના એક પણ દેશે આધુનિકતાના વાઘા ઘારણ કરતા સમયે પોતાના દેશની કુદરતી સંપદાનું જાણે- અજાણે કતલ કરી રહ્યા હતા- નિકંદન કાઢી રહ્યા હતા. અને આખરે માનવજાત માટે ની ઘોર ખોદી રહ્યા હતા(અત્યારે પણ ઘોર ખોદી રહ્યા છે.) તેનો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. એકવીસમી સદીમાં પ્રવેશતા મોટાભાગના દેશોએ માનવતાને કોરાણે મૂકી દીધી હોય તેવી સ્થિતી મોટાભાગે બનીગઈ. આધુનિક્તાનો અંચળો ઓઢી વિકાસની દોડમાં વિશ્વના મોટાભાગના દેશો જોડાઈ ગયા... તો તેમાં પણ આધુનિકતામાં રહેવા વિવિધ દેશો વચ્ચે સ્પર્ધાની દોડ વધીપડી છે. અને વિકાસની આંધળી દોડમાં કુદરતી સંપદાનું નિકંદન વિશેષ પ્રમાણમાં કાઢીનાખવામાં આવ્યું. તો વાતાવરણમાં કાર્બનનું પ્રમાણ પણ વિકાસશીલ દેશો વધારતા ગયા..... આ હવા પ્રદૂષણ માનવજાતને કઈ સ્થિતીને પહોંચાડશે તે બાબતે કોઈ પણ દેશે વિચાર ન કર્યો. તો એજ બાબત જળ પ્રદૂષણ બાબત બની રહી છે કુદરતી જળ સ્ત્રોતો ઉપર બાંધો બાંધીને કે રોકીને ફળદ્રુપ જમીનોને મોટામાં મોટું નુકશાન પહોંચાડ્યુ છે તે સાથે જળ અને વાયુમાં ઝેર ઓકતા ઉદ્યોગોને વધુ પ્રમાણમાં વેગ અને મંજૂરી આપી દીધી પરિણામે જળ અને વાયુ પ્રદુષણમા બેહદ વધારો થયો અને આખરે ગ્લોબલ વોર્મિંગ સામે આવ્યું અને તેની અનુભૂતિ વિશ્વની પ્રજાને છેલ્લાં બે દાયકાથી થઈ રહી છે. વિશ્વમાં એક પછી એક દુર્ઘટનાઓ એવી બનતી જઈ રહી છે કે વિશ્વ આગળ વધવાને બદલે પાછળ હટી રહ્યું છે. વિશ્વમાં જયારે પ્લાસ્ટિકની શોધ થઈ અને પ્લાસ્ટીકના વિવિધ પ્રકારે ઉપયોગ કરવા તેના વિશ્વભરમાં ગુણગાન ગવાયા..... પરંતુ તેના ઉપયોગ પછીથી ભવિષ્યે થનારમાનવજાત અને કુદરતી સંપદા સહિતનાને પારાવાર નુકશાન થનાર નુકશાન બાબતે એક પણ દેશના વૈજ્ઞાનિકોએ સંશોધન ન કર્યુ..... પરંતુ જયારે પ્લાસ્ટીક કચરો ફળદ્રુપ જમીનો માટે નુકશાન દેહી બન્યો, વહેતા જળ સ્ત્રોતો અટકી પડયા, માનવજાતમાં રોગો પ્લાસ્ટીક ઉદ્યોગ ઉત્પાદક બન્યો ત્યારે વૈજ્ઞાનિકોએ સંશોધન કર્યું અને પ્લાસ્ટિક માનવજાત માટે નુકશાન દેહી હોવાનું સ્વીકાર્યું તે સાથે પ્લાસ્ટીક કચરો દરિયામાં પહોંચ્યો ત્યારે વિશ્વના દેશો જાગ્યા અને પ્લાસ્ટીક કચરો જ્યાં ત્યાં ન ફેકવા તથા રિસાઈક્લિગ કરી ઉપયોગમાં લેવાનું નક્કી કર્યું. પરંતુ એક પણ દેશ તેના ઉત્પાદન ઉપર રોક લગાવવા તૈયાર ન થયો આવી છે એકવીસમી સદીની આધુનિકતા......!

માનવજાત પૃથ્વી ઉપર જન્મ લઈને કુદરતના ખોળે રમતો થયો. પૃથ્વીએ તેનું લાલન-પાલન-પોષણ કર્યું. એજ ધરતી ઉપરનું કુદરતી સંપદાનું નિકંદન કાઢી રહ્યો છે... પરિણામ વિશ્વભરની પ્રજા સામે આવી રહ્યા છે. છતાં માનવી કુદરતને બચાવવા કુદરતી સંપદાને બચાવવા કે જાળવી રાખવાની વિચાર ધારા- બુધ્ધિમતા ખોઈ ચૂક્યો છે તેમ કહેવું કદાચખોટું નહીં હોય.....! વિશ્વના દેશો વિવિધ સંશોધન કરી પ્રગતિના પથ ઉપર અવ્વલ નંબર રહેવા સ્પર્ધામાં ઉતરી પડ્યા છે તે સાથે દરેક દેશે પોતાનું આર્થિક ચિત્ર સુપર ડુપર બતાવવા વિશ્વ સમક્ષ શો બાજી કરે છે. જેનું સત્ય સમયે સમયે બહાર આવી જાય છે.... છતાંય દરેક દેશની સરકારો જાણવા છતાં અજાણી બની જાય છે. કારણ કે એમનો સિધ્ધાંત છે તેરી બી ચૂપ ઓર મેરી બી ચૂપ....! પરંતુ કુદરતી ખેલ નિરાલો છે જેને જાણવા છતાં કોઈ દેશની સરકાર જરૂરી પગલાં લેવા તૈયાર નથી... વિશ્વમાં તાજેતરમાં કથિત ચીનના વુહાનમાં સંશોધનની એક જ ભૂલ કે પછી જાણી બૂજીને કરેલ પ્રયોગ અને કદાચ જૈવિક એટેક મતલબ કોરાના વાયરસે વિશ્વભરના દેશોની પ્રગતિના દાવા, ૨૧મી સદીના પારદર્શિતાનો પરપોટો ફોડી નાખ્યો છે.... તે વાત દરેક દેશોએ સ્વિકારી સમગ્ર માનવજાતે શીખ લેવી જ રહી અને કુદરતી સંપદા બચાવવા સાથે તે સંપદા વધારવાની ફરજ બની રહે છે.....નહી તો....!! વિનાશ નક્કી છે....!!

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ઉત્સાહ જ માનવીના ભાગ્યશાળીપણાનું માપ છે.

- તિરૂવલ્લુર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૦, મુ. મોહરમ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ સુદ-૩ બુધપૂજન, મધુશ્રવા તૃતિયા, હરિયાળી ત્રીજ તા.૧૧ ઓગષ્ટ ૨૦૨૧, બુધવાર, પારસી તા.ગાથા-૧, મુસ્લિમ તા.૨, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, શિવ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૨૬, સૂ.અ.૧૯:૨૬

આજનો દિવસ સવારે ૯:૩૧ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), બપોરે ૩:૨૨ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : તમારા માર્ગને આડે આવતા અવરોધો દૂર થાય. પ્રવાસમાં સાફળતા મળે.
વૃષભ : જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. મનની મૂંઝવણનો ઉકેલ મળે.
મિથુન : લાભની નવિન તક સાંપડે. માંગલિક કાર્યોનું આયોજન થાય.
કર્ક : વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે. ગૃહજીવનમાં મતભેદ રહે.
સિંહ : શત્રુઓને પીછેહટ કરવી પડે. વ્યાપાર-ધંધાક્ષેત્રે પ્રગતિ થાય.
કન્યા : આર્થિક ક્ષેત્રે સાંજોગો બદલાય. મહેનત બાદ સફળતા પ્રાપ્ત થાય.
તુલા : અટકી-અટકીને કાર્યમાં સફળતા મળે. નાણાંભીડ તીવ્ર બને.
વૃશ્ચિક : આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય.ગૃહજીવનમાં ચકમક ઝરે.
ધન : મુસાફરી-પ્રવાસથી લાભ થાય. નવિન લાભની તક સાંપડે.
મકર : મિલન-મુલાકાતમાં સાફળતા મળે. પ્રતિકૂળ સમયમાંથી માર્ગ મળે.
કુંભ : પ્રવાસમાં વિઘ્ન, કાર્યમાં અણધારી રૂકાવટ આવે.
મીન : આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. ધીરજના ફળ મીઠા મળે.

# ગુજરાતમાં ત્રીજી લહેરમાં બાળકોને સુરક્ષીત રાખવા માટે રાજય સરકાર અને નિષ્ણાંત તબીબોની જોરશોરથી તૈયારીઓ

ગાંધીનગર તા.૧૧

કોરોનાની સંભવિત ત્રીજી લહેર બાળકો માટે વધુ ઘાતક છે તેવી ચર્ચા થઈ રહી છે અને વાલીઓમાં પોતાના સંતાન માટે ચિંતા વધી રહી છે. આ પરિસ્થિતિમાં લડવા માટે સરકાર કેવી સજ્જ છે અને બાળકોના ડોકટર્સ કઈ રીતની તૈયારીઓ કરી રહ્યા છે તે અંગે ઈન્ડિયન એકેડમી ઓફ પીડિયાટ્રિશયન જાણ્યું કે કોરોનાની સંભવિત ત્રીજીલહેરમાં બાળકોને સુરક્ષિત રાખવા માટે કેવી તૈયારીઓ થઈ રહીછે, તેની જાણકારી આપીછે. બાળકોને ધ્યાનમાં રાખીને ઈન્ડિયન એકેડમી ઓફ પિડીયાટ્રીક્સ સંભવિત કોવિડની ત્રીજી લહેર સામેની સ્થિતીને પહોંચી વળવા માટે રાજય સરકારના આરોગ્ય વિભાગ સાથે મળી બાળકોના ડોકટરોને તાલીમ આપવાનુંશરૂ કર્યુંછે.આ માટે આઈએપીએ રાજયના ૫ ઝોનપ્રમાણે પ્રતિનિધિઓ સાથેની ટાસ્ક ફોર્સની રચના પણ કરી છે. પિડીયાટ્રીક્સ કોવિડ સંદર્ભેટાસ્ક ફોર્સટીમ રાજ્યભરમાં આરોગ્ય વિભાગ અને પીડિયાટ્રિશ્યન ડોકટરો સાથે સંકલન કરશે. આ ટ્રેનિંગમાં ગાયનેકોલોજીસ્ટને પણ જોડવામાં આવશે. ૯ ઓગસ્ટથી શરૂ થયેલ તાલીમ કાર્યક્રમ ૧૩ ઓગસ્ટ સુધી ચાલશે. આઈએપીના પ્રમુખ યોગેશ પરીખનું કહેવું છે, કે તેઓ રાજયભરના પિડીયાટ્રીશયન સાથે સંલકન કરી રહ્યાં છે અને આગામી દિવસોમાં જયારે-જ્યારે જરૂર પડશે, ત્યારે બાળ રોગના ડોકટરો આરોગ્ય વિભાગની સાથે રહીને બાળકોની સારવાર કરશે. આઈએપી ગુજરાતના સેક્રેટરી મનીષ મહેતાએ જણાવ્યુ કે અમે ગંભીરતા પૂર્વક અને મિશન મોડ ઉપર કામ કરી રહ્યાં છીએ. એકેડેમીએ રાજયભરમાંથી બાળકોની હોસ્પિટલનો ડેટા એકઠા કર્યા છે. કેટલા બેડ, આઈસીયુ બેડ, વેન્ટિલેટર, ઓક્સિજન, ઓક્સિજનની વ્યવસ્થા વગેરે જેવી વિગતો મેળવી છે. જેમાં અત્યાર સુધી રાજયની ૩૦૦થી વધુ ચિલ્ડ્રન હોસ્પિટલનો ડેટા અમારી પાસે આવ્યો છે. હાલમાં ૭ હજારથી વધુ બેડ બાળકો માટે ઉપલબ્ધ છે જેમાંથી ૫૦% બેડ આઈસીયુ-ઓક્સિજન વાળા છે, જયારે ૨૦% વેન્ટિલેટર સાથેના બેડ છે. ટાસ્ક ફોર્સના ચેરમેન ડો. દિગંત શાસ્ત્રીએ જણાવ્યું કે, કોરોનાની અગાઉની બે લહેરના અનુભવો ઉપરથી પાણી પહેલા પાળ બાંધવી ખૂબ જરૂરી હોય છે, તે પ્રમાણે જ આપણી તૈયારીઓ સ્થિતને પહોંચી વળવા માટે સક્ષમ હોવી જોઈએ. રાજયભરમાં ખાનગી અને સરકારી હોસ્પિટલના બાળનિષ્ણાંત કુલ ૧૮૦૦ ડોકટર સભ્યોનો સમાવેશ થાય છે, આ સિવાય અન્ય બાળ રોગ નિષ્ણાંતો અને એમ.ડી.નો અભ્યાસ કરતાઓનો પણ સમાવેશ થાય છે, એટલે અંદાજે ૨ હજારથી વધુ બાળ રોગના ડોકટરો છે, જેમને આરોગ્ય વિભાગ કોવિડની સારવાર સંદર્ભે તાલીમ આપશે. ઉપરાંત સરકાર સમક્ષ હેલ્પલાઈન શરૂ કરવા માટે પણ સૂઝાવ મુકયો છે, જેમાં પણ આઈએપી સહયોગ આપશે.

### ટાસ્કફોર્સમાં સામેલ અગ્રણી ડોક્ટર્સ

- ડો. યોગેશ પરીખ,પ્રમુખ, IAP-ગુજરાત
- કેપિટલ ઝોન - ડો. અભય શાહ (અમદાવાદ)
- ઉત્તર ઝોન - ડો.સંદિપ ત્રિવેદી (ઈડર)
- મધ્ય ઝોન - ડો.નિલેશ બેંકર (આણંદ)
- દક્ષિણ ઝોન - ડો.રાકેશ દેસાઈ (સુરત)
- સૌરાષ્ટ્ર ઝોન - ડો. યજ્ઞેશ પોપટ (રાજકોટ)

**થર્ડ વેવમાં સ્કૂલો શરૂ કરવી બાળકો માટે ઘાતક**

ત્રીજી લહેરના ભણકારા વધી રહ્યા છે. આ વચ્ચે ઘરે ઘરે શરદી-ખાંસીના કેસ વધી રહ્યા છે. આવામાં રાજ્ય સરકાર ધીરે ધીરે શાળાના વર્ગો શરૂ કરવાના નિર્ણય લઈ રહી છે. ત્યારે નિષ્ણાંત તબીબ ડો. પાર્થિવ મહેતાએ ચેતવણી આપી છે કે, આવા સમયે સ્કૂલો શરૂ થતાં બાળકોને જોખમ વધી શકે છે. કોઈપણ સમયે રાજયમાં કોરોનાની ત્રીજી લહેર આવી શકે છે. આવામાં લોકોની બેદરકારી અંગેરાજય સરકારની કોવિડ કમિટિના સભ્યે ડો. પાર્થિવ મહેતાએ ગંભીર ચેતવણી આપતા કહ્યું કે, ત્રીજી લહેર આવશે જ, લોકો બેદરકાર બિલકુલ પણ ન રહે. જે દેશોએ માસ્ક મામલે ઢીલાશ રાખી તે તમામ આજે પરિણામ ભોગવી રહ્યા છે. શાળાઓ ખોલવા અંગે રાજય સરકારે નિર્ણય કર્યો ત્યારે પરિસ્થિતિ અલગ હતી. હાલના સમયે દેશમાં ધીમે ધીમે કેસ વધી રહ્યા છે, જે ખૂબ જ સુચક છે. હાલનું વાતાવરણ બાળકો સહિત પરિવારના અન્ય સભ્યો માટે પણ જોખમરૂપ છે. તેમણે વધુમાં જણાવ્યું કે, હાલ શરદી-ખાંસીના કેસ વધી રહ્યા છે. આવામાં બાળકો પણ તેનાથી બચી શક્યા નથી. આવામાં શાળામાંથી બાળક જયારે ઘરે પહોંચે તો તે પરિવારના અન્ય લોકોને પણ સંક્રમિત કરી શકે છે. સ્કૂલ ખૂલ્યા બાદ પીડિયાટ્રિશયન પાસે શરદી-ખાંસી વાયરસથી ઈન્ફેક્શનના કેસ વધી રહ્યા છે. આ ઈન્ફેક્શન વધી રહ્યું છે. તેથી બાળકોનું સ્કૂલે ન જવુ જ વધુ હિતકારક છે.

## ભારત સહિત વિશ્વનાં તમામ દેશોએ

# કોરોનાની લડાઈમાં હજુ છ મહિના સુધી ખાસ સાવચેતી અને કાળજી લેવી જરૂરી : વૈજ્ઞાનિકો

ચેન્નઈ તા.૧૧

ડિજીટલ યુગમાં પ્રથમ મહામારીનો મુકાબલો કરવા વિક્રમી ઝડપે વેક્સિન તૈયાર કરવામાં આવી હતી અને વિશ્વભરના મોટા ભાગના દેશોમાં કડક લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું પરંતુ આજે કોવિડ-૧૯ સંકટને એક વર્ષ કરતાં વધુ સમય વિતી જવા છતાં હજુ આપણે નોવેલ કોરોના વાયરસ સામે સંપૂર્ણ વિજય હાંસલ કરી શક્યાં નથી કારણ કે સંક્રમણ દ્વારા વાયરસના નવા નવા સ્વરૂપ બહાર આવતાં જાય છે માટે જ વિશ્વ આરોગ્ય સંઘના મુખ્ય વૈજ્ઞાનિક ડો. સૌમ્યા સ્વામીનાથને લોકોને હજુ કમસેકમ છ મહિના વધુ કોરોના પ્રોટોકોલનો ચુસ્ત અમલ કરવા અનુરોધ કર્યો છે કારણ કે હવે નવા નિયંત્રણો, માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગના કારણે લોકોની ધીરજ ખૂટતી જાય છે. કોવિડ-૧૯ અંગે સૌમ્યા સ્વામીનાથને ગત સપ્તાહમાં ચેન્નઈ ખાતે જણાવ્યું હતું કે મને ખબર છે કે બધા હવે કોરોનાથી થાકી ગયાં છે. દરેક વ્યક્તિ પોતાના પરિવારજનોને મળવા માંગે છે. પાર્ટીઓનું આયોજન કરવા માંગે છે, પરંતુ હજુ ઢીલ મૂકવાનો આ સમય નથી હજુ આપણે બીજા છ મહિના વધુ કાળજી દાખવીએ. જયારે પૂછવામાં આવ્યું કે શું બીજા છ મહિનામાં પરિસ્થિતિ સુધરી જશે ? ત્યારે વિશ્વ આરોગ્ય સંઘના આ મુખ્ય વૈજ્ઞાનિકે જણાવ્યુંછે કે, આ છ મહિનામાં વેક્સિન કવરેજ વધશે પરંતુ એટલું બધુ નહીં વધે કે વાયરસ તેનાથી અદ્રશ્ય થઈ જશે પરંતુ જો આગામી છ મહિનામાં વેક્સિન કવરેજ વધુ હશે તો પરિસ્થિતમાં ચોક્કસ સુધારો થવા લાગશે. ભારતે ૨૦૨૧ના અંત સુધીમાં સમગ્ર પુખ્ત વયની વસ્તીની વેક્સિનેશન પ્રક્રિયા પૂરી કરવાનું લક્ષ્યાંક નિર્ધારીત કર્યુ છે. ૨૦૨૧ માટેની વસ્તી ગણતરીના પ્રોજેકશન એવો નિર્દેશ આપે છે કે ભારતની પુખ્ત વસ્તી અત્યારે ૯૪ કરોડ છે. હવે જયારે કોવિશીલ્ડ, કોવેક્સિન, સ્પુતનિક વી જેવી વેક્સિનનોમાં દેશના ઉપયોગ થઈ રહ્યો હોવાથી અને મોડર્ના તેમજ જહોન્સનની વેક્સિનને ટૂંક સમયમાં મંજૂરી મળતાં આવી જવાની હોવાથી ભારતે અત્યારથી ૩૧, ડિસે. સુધીમાં કુલ ૧૮૮ લાખ ડોઝ આપવાના રહેશે અને જો આટલા ડોઝ આપી શકીશું તો વેક્સિનેશનનું લક્ષ્યાંક હાંસલ થશે. કેન્દ્રીય આરોગ્યમંત્રાલયે ૮, ઓગસ્ટના રોજ જણાવ્યું હતું કે દેશમાં અત્યાર સુધીમાં કુલ ૫૦.૬ કરોડ વેક્સિનના ડોઝ આપવામાં આવ્યાં છે. આમ પાત્ર ભારતીયોમાં ૩૦ ટકા કરતાં ઓછા લોકોને કોવિડ વેક્સિનનો અત્યાર સુધીમાં કમસેકમ એક ડોઝ મળી ગયો છે અને ૬, ઓગસ્ટના રોજ સંપૂર્ણ વેક્સિનેશન જેમનું થઈ ગયું છે તેની વસ્તી ૮ ટકા છે. ૮, ઓગસ્ટના રોજ દૈનિક વેક્સિનેશન ડોઝની સંખ્યા ૫૫.૯૧ લાખ હતી. આમ ગણતરી કરીએતો હજુ ૧૩૮ કરોડ ડોઝ આપવાના બાકી છે. દેશે જો સમગ્ર પુખ્ત વયની વસ્તીનું વેક્સિનેશન કરવાનું લક્ષ્યાંક હાંસલ કરવું હોય તો ડિસે. ૩૧ સુધીમાં દરરોજ ૯૩ લાખથી વધુ શોટ્સ આપવા પડશે.

# મહામારીની લહેરો તો આવ્યા જ કરશે, માણસે તેનો સમજદારીપૂર્વક સામનો કરવો જ પડશે

ત્રાહિમામ્...! હે ઈશ્વર, સકળભોમમાં એવું કયું સ્થળ છે જ્યાં કોરોનાશબ્દનું જ અસ્તિત્વ નથી ! ભૂતકાળમાં આ ધરતીએ અનેક વિપદાઓ સહન કરી છે, લાખો-કરોડો લોકોએ જીવ ગુમાવ્યા છે. અત્યાધુનિક હોસ્પિટલો, વાહનો કે વિજ્ઞાનની શોધ થઈ નહોતી તોયતતે ઉગારી લીધા હતા. આજે વૈભવી સુખ-સુવિધાઓમાં રાચતો માણસ કેમ હેરાન થાય છે ? આધુનિક તબીબી સગવડો અને દવાઓ હોવા છતાં એક રોગને કેમ નાથી શકાતો નથી ? કોરોનાએ જેટલું તેલ પાડ્યું એટલું તો કેન્સર અને ટીબી જેવા રીઢા દર્દોએ પાડ્યું નથી ! બે-બે વર્ષ વીતવા આવ્યાં છતાં એની એ જ વાતો ! વાત માનવી તો કોની ? સરકારની, આરોગ્ય નિષ્ણાંતોની કે સ્વયંની ?! સમુંસૂતરૂ થવાની આશા રાખવી કે સહ્યા કરવું? શું કરવું? કંઈ સમજાતું નથી. જેમ વાવઝોડાંની આગાહી કરવામાં આવે એમ કોરોનાની લહેરોની ભવિષ્યવાણી કરવામાં આવે છે ! ભવિષ્યનું સૂઝતું જ હોય તો વર્તમાનને બચાવવાનું કંઈક કરોને..! સહદેવને કોઈ પૂછતું તો જ કહેતો, પરંતુ અહીં તો વગર પૂછ્યે જ બધું જગજાહેર છે, તો કેમ હોનારતને ટાળી શકતા નથી !? લહેર આવશે જ એવું છાતી ઠોકીને કહેવામાં આવે છે, પણ રોકવાના પ્રયાસો કેમ નહિ ? કોરોનાની બીજી લહેરે ભારતમાં સૌથી વધારે આતંક મચાવ્યો એ દ્રશ્યતો હજુ આંખોમાં કેદ છે અને ત્રીજી લહેરના ભણકારા સંભળાવા લાગ્યા !! ત્રણેક મહિના પહેલાં સ્વજનોના મોતના માતમમાં કોઈ ભાગીદાર બનતું નહોતું; જ્યારે હવે લોકો બેરોકટોક બની હજારોની ભીડમાં મ્હાલે છે ! કોરોનાનો પ્રકોપ વધે એટલે બધા ઘરમાં, ઘટે એટલે બહાર ! જંગલમાંથી છૂટો પડેલો વાઘ કે સિંહ માનવવસ્તીમાં આવી ચડે ત્યારે લોકો બીકના માર્યા ઘરમાં પૂરાઈ જાય અને જેવો પકડાય એટલે બધાં હાશકારો અનુભવી બહાર નીકળે એવી પરિસ્થિતિ કોરોના અને માણસની છે. જાણે કોરોના રોગ નથી, પણ વાઘ છે ! સાવ માણસનીય ભૂલ નથી, કારણ કે પાપી પેટનો સવાલ છેને ! બહાર નીકળે નહિ તો ખાય શું ? પેટને ઠારવા માટે મજૂરી તો કરવી પડેને ! પન્નાલાલ પટેલે તો માનવીની ભવાઈમાં કાળુના મોઢામાં શબ્દો મૂક્યા છે, "ભૂંડામાં ભૂંડી ભૂખ નહીં, પણ ભૂખથીય ભૂંડી ભીખ છે" પણ હું કહું છું કે, "ભીખથીય ભૂંડી ભૂખ છે...!" વિશ્વના મોટાભાગના દેશોમાં રસીકરણ શરૂ થઈ ચૂક્યું છે. ક્યાંક પૂર્ણતાના આરે છે. છતાં પરિસ્થિતિ ઠેરની ઠેર છે. કોરોનાની બીજી લહેર વિષે આગાહી કરનારા નિષ્ણાંતોએ કહ્યું છે કે, ઓગસ્ટ મહિનામાં જ ત્રીજી લહેર શરૂ થશે. ઓક્ટોબર મહિનામાં કોરોના પીક ઉપર હશે એટલે કે રૌદ્ર સ્વરૂપ ધારણ કરશે ! રાહતની વાત એ છે કે, બીજી લહેરની તુલનામાં ત્રીજી લહેર વધારે ઘાતક નહિ હોય. ટૂંકમાં, લહેર તો આવશે જ અને ભૂતકાળની પરિસ્થિતિ જોતાં આવ્યા જ કરશે એ નક્કી છે, પરંતુ તેને રોકવાની હિંમત કોઈ કરે એમ નથી !! સરકારનું વલણ તો આજ દિન સુધી સમજી શકાયું નથી ! કડક નહિ અને ઢીલું પણ નહીં ! "જેમ ચાલે એમ ચાલવા દો" એવી વૃત્તિ જોવા મળી રહી છે. કાં તો સખત લોકડાઉન લાદી દો અને કાં સામાન્ય પરિસ્થિતિ કરી દો. કોરોના સાથે જીવવું પડશે. કેટલાં વર્ષો સુધી પ્રતિબંધો લગાવશો ? ક્યાં સુધી શિક્ષણ ઠપ રાખશો ? એનું પરિણામ એ આવશે કે, આજે દેશ કોરોના સામે લડી રહ્યો છે અને થોડાં વર્ષો બાદ ગરીબી અને ભૂખમરા સામે લડશે! માણસ પોતાનું મૂળ કર્મ ભૂલી અર્થહીન લાલસાના કારણે બધું જ પોતાનું કરવાની વૃત્તિનું પરિણામ તો ભોગવતો નથીને !? દરેક માણસને સુખ-સગવડમાં જીવવાનો હક છે, અધિકાર છે. પરંતુ મર્યાદામાં રહીને સજીવસૃષ્ટિને હાનિ પહોંચાડ્યા વગર જીવન વ્યતીત કરીએ. જાગૃત બનીએ. સંસારના ચક્રને ગતિમાન રાખવા માટે મજૂરી તો કરવી જ પડશે. લહેરો તો આવ્યા જ કરશે, માણસે તેનો સમજદારીપૂર્વક સામનો કરવો પડશે. ત્રીજી લહેર આવે જ નહીં એવી ભગવાનને પ્રાર્થના.

# ઉત્તમ પુજા



## શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

એક જંગલમાં એક અતિપ્રાચીન શિવ મંદિર હતું. ત્યાં તે વિસ્તારનો જે રાજા હતો તે દરરોજ શિવલીંગની પુજા કરવા આવતો. તે ભક્તિયુકત થઈને વિવિધ પ્રકારના સંગધિત પુષ્પો અને પુજાની સામગ્રી પોતાના દિવ્યરથમાં લાવી નિયમિત નિર્મળ જળ અને સંગધિત પુષ્પો વડે શિવપુજન કરતો.

આ વિસ્તારમાં ભીલ જાતિનો કઠીયારો પણ રહેતો હતો. તેને પણ આ શિવ મંદિર અને તેમાં બિરાજતા શિવ લીંગ ઉપર અપાર શ્રધ્ધા હતી. તેની પાસે કોઈ વાસણ ન હતું. તેથી પાસેથી નદીમાંથી ખોબા ભરી આવી અને શિવલીંગ ઉપર ચડાવતો. તે ઉપરાંત જંગલમાં આસપાસ ઉગેલા છોડ ઉપરથી ફુલ વગેરે લાગી શિવલીંગ ઉપર ચડાવતો. રાજા અને ભીલ જાતિનો કઠીયારો બન્નેય પોતાની શ્રધ્ધ અને ભક્તિપ્રમાણે શિવજીની પુજા કરતા હતા.

આ બન્નેયની નિયમિત રીત પુજા થતી જોઈ એક વખત પ્રાતઃ કાળે માતા પાર્વતીજીએ શિવજીને ઉદ્દેશીને એક પ્રશ્ન કર્યો, 'હે નાથ, છેલ્લા કેટલાક સમયથી એક રાજા અને એક ભીલ જાતિનો કઠીયારો નિયમિત રીતે શ્રધ્ધાભક્તિ સાથે તમારી ઉત્તમ પ્રકારે પુજા કરે છે. હવે મને પ્રશ્ન એ થાય છે કે, આ બન્નેયમાંથી ઉત્તમ પુજા ખરેખર કોની ગણાય ?'

શિવજીએ પાર્વતીજીની મુંઝવણ દુર કરતાં તેમના પ્રશ્નનો ઉત્તર આપતા જણાવ્યું, 'હે દેવી, તમારા આ પ્રશ્નનો જવાબ તમને આવતીકાલે અવશ્ય મળી જશે.'

બીજા દિવસ સવારે હંમેશાની જેમ જ ભીલ જાતિનો કઠીયારો શિવજીની પુજા કરવા માટે નિકળ્યો. આ સમયે વરસાદ પડવા શરૂ થઈ ગયો હતો. આકાશમાં વિજળી ચમકારા મારી રહી હતી અને ગરજવાનો ભયંકર અવાજ પણ આવી રહ્યો હતો. આવા ભયંકર વાતાવરણ વચ્ચે પણ શિવપુજન કરવા નિકળેલો ભીલ જાતિનો કઠીયારો પોતાના રોજના નિયમ મુજબ શિવજીને જળાભિષેક કરવા લાગ્યો તે શિવ મંદિરમાં હતો ત્યાં જ વિજળી શિવ મંદિર ઉપર ત્રાટકી મંદિરની છત તુટી પડી. શિવ મંદિરમાં રહેલા ભીલ જાતિના કઠીયારાએ વિચાર કર્યા, મંદિરનો કાટમાળ શિવલીંગ ઉપર પડે તો તેમને ઈજા થાય. તેથી તેણે પોતાના શરીર વડે શિવલીંગને ઢાંકી દીધુ. તેણે પોતાની પીઠ ઉપર ઉપરથી પડતો કાટમાળ ઝીલી લીધો.

બીજી બાજુ બરાબર આ જ સમયે રાજા સુગંધિત ફુલો અને શુધ્ધ જળ લઈ અને શિવ મંદિર પાસે આવ્યો. પરંતુ મંદિર તુટી પડેલ છે તે જોઈને ત્યાંથી જ પાછો વળી ગયો. તે પોતાના રાજમહેલ પરત ગયો. જ્યારે ભીલ જાતિના કઠીયારાએ જયારે વાતાવરણ શાંત થયું ત્યારે મંદિરમાંથી સફાઈ કરી ફરી ખોબે ખોબે શિવલીંગ ઉપર જળનો અભિષેક કરી, ખુશ્બુદાર ફુલો શિવલીંગ ઉપર ચડાવ્યા. પોતાને થયેલ ઈજાની પણ તેણે પરવા ન કરી. ત્યારે હસતાં- હસતાં શિવજીએ પાર્વતીજીને સંબોધીને કહ્યું, 'દેવી , ગઈકાલે તમે જે પ્રશ્ન મને પુછેલો તેનો જવાબ તમને મળી ગયો ?

# ભારતમાં બહુલતાવાદનો અભાવ અમેરિકા સાથેનાં વ્યૂહાત્મક સંબંધો અને ભાગીદારીને જોખમમાં મૂકી શકે છે

નવી દિલ્હી તા.૧૧

અમેરિકાના વિદેશ મંત્રી એન્ટોની બ્લિંકને પોતાની બે દિવસની મુલાકાત દરમ્યાન ભારતીય નેતૃત્વ સાથે વ્યાપક ચર્ચા વિચારણા કરી હતી. તેના એજન્ડામાં એફઘાનિસ્તાનમાં તાલીબાનનો ફરી ઉદય, ઈન્ડો પેસિફિક મામલો અને કોવીડ-૧૯ સામેના પગલાઓ વગેરેનો સમાવેશ થતો હતો. બ્લિંકનો ભારપૂર્વક જણાવ્યું હતું કે વોશિંગ્ટનાની વિદેશ નીતિની ટોચની અગ્રીમતામાં ભારત-અમેરિકા ભાગીદારીને સુદઢ બનાવવાની બાબત છે. તેમના ભારતીય સમકક્ષ પણ પ્રાદેશિક ચિંતાઓ અને બહુપક્ષીય મુદ્દાઓ ઉપર સાથે કામ કરવાની સમજૂતિ ઉપર વિવિધ મંતવ્યો અંગે વાત કરી હતી. બ્લિંકનો જણાવ્યું હતું કે ભારત અમેરીકાની ભાગીદારી એ ચીન વિરોધી નથી, પરંતુ ભારપૂર્વક દોહરાવ્યું હતું કે બંને દેશો મુક્ત, ખુલ્લા અને સુરક્ષીત ભારત પેસિફિકનું વિઝન ધરાવે છે. દ.ચીન મહાસાગરમાં પોતાના પડોશીઓ વિરૂદ્ધ ચીનાની આક્રમકતા તેમજ લદાખમાં ભારત સાથે અથડામણ કે જ્યાં ટેંકસ, મિસાઈલ્સ અને ફાઈટર વિમાનો સાથે ૧૦૦૦૦ જેટલી સેનાઓ એક બીજા સામે આવીને ઊભી છે.

જૂન,૨૦૨૦માં હિંસક અથડાણો થઈ ત્યારથી લદાખની સ્થિતિ ગંભીર છે કે જ્યારે ૨૦ ભારતીય સૈનિકો મૃત્યુ પામ્યાં હતાં. અમેરિકન દળોની વાપસીના પગલે અફઘાનિસ્તાનમાં સ્થિતિ સ્ફોટક બની છે કારણ કે તાલિબાનોએ મોટા ભાગના વિસ્તારો ઉપર કબજો જમાવી દીધો છે. ભારતઅમેરિકાની ભાગીદારીનું વ્યૂહાત્મક મૂલ્ય લોકતાંત્રિક અને બહુલતાવાદી ભારતના આધારે અનુમાનિત છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોથી આરએસએસ હેઠળના સંગઠનોની આક્રમકતા વધતાં તીવ્ર ધાર્મિક ધ્રુવીકરણ થઈ રહ્યું છે. આરએસએસ મુસ્લિમ શાસનની સદીઓનું વેર લેવા કટ્ટરવાદી વિચારધારાનો પ્રચાર પ્રસાર કરી રહ્યું છે. લોકો પણ સરકારની ફાંસીવાદી નીતિઓ અને કર્મશીલો, પત્રકારો અને આલોચકોને રાષ્ટ્રદ્રોહ જેવા કડક કાયદા હેઠળ જેલમાં ધકેલી દેવાની હરકતથી હતાશ અને નારાજ છે. સરકારે મૂડિવાદીઓની તરફેણમાં કોઈ પણ જાતની ચર્ચા વગર ત્રણ કિસાન વિરોધી કાયદાઓ પાસ કર્યા હતાં જેના કારણે હજારો કિસાનોને છેલ્લા ૯ મહિનાથી દિલ્હીના સીમાડે આંદોલન કરવા ડેરા તંબૂ તાણીને બેસવું પડ્યું છે. આમ વધતા જતાં રાજકીય અને સામાજિક-આર્થિક તણાવથી વ્યૂહાત્મક ભાગીદારીના મૂલ્ય સામે જોખમ ઊભુ થાય છે. અમેરિકાને ચિંતા એ વાતની છે કે જો વિમુખ થયેલા ૧૭૫ મિલીયન મુસ્લિમો ઈસ્લામિક રાષ્ટ્રોનું સમર્થન મેળવશે તો તે ભારતની પ્રાદેશિક સ્થિરતા માટે સારૂ ભાવિ સૂચક બાબત નથી.ભારત જે બહુલતાવાદ ગુમાવી રહ્યું છે તે ભારત અમેરિકા સબંધોના ભોગે આવશે.

# ટીવી ચેનલો દ્વારા રેટિંગ વધારવા માટે યુદ્ધ જેવો ઉન્માદ ઊભો કરવામાં આવે છે

વોશીંગ્ટન તા.૧૧

કોરોનાના ભયને નિવારવા માટે હું ઉપરાછાપરી બે ફિલ્મો જોઉ છુ એ બંનેમાં એક ઉપદેશ છે. માઈકલ મુરેની કેનેડીયન બેકનમાં અમેરિકાના પ્રમુખ કેનેડા સામે યુદ્ધ જેવી સ્થિતિનું નિર્માણ કરે છે કારણ કે ૧૯૯૦-૯૧માં સોવિયેત સંઘનું જોખમ ઓસરી જતાં શાંતિના સમયમાં તેનુ રેટિંગ ઘટી ગયું હોય છે. શાંતિના કારણે તેમના મિત્ર હેકરનો બિઝનેસ ખલાસ થઈ જાય છે કે જેઓ એક શસ્ત્રના ઉત્પાદક છે. બીજી ફિલ્મ 'વેગ ધ ડોગ'માં એક સ્પીન ડોક્ટર રોબર્ટ ધ નીરો છે અને દસ્ટીન હોફમેને ફિલ્મ નિર્માતાની ભૂમિકા ભજવી છે અને આ દ્વારા બિલ ક્લિન્ટન જેવા દેખાતા ઉમેદવારની ચૂટણી પ્રચાર બચાવવાનો પ્રયાસ કરવામાં આવે છે કે જેઓ મતદાનના બે સપ્તાહ પૂર્વે સેક્સ કૌભાંડમાં ફસાયેલ હોય છે. આ બંને એક રાષ્ટ્રીય ઉન્માદ ઊભો કરે છે અને યુદ્ધ નહીં હોવા છતાં અલબેનિયા સાથે યુદ્ધ અંગેનું એક ઝનૂન પેદા કરે છે. આપણે ત્યાં આ રીતે જ રેટીંગ વધારવા માટે ટીવી ચેનલો પર યુદ્ધનુ નિર્માણ કરવામાં આવે છે.ટીવી ચેનલોએ પોતાના રેટીંગ ઉપર નજર રાખીને એક પ્રકારનો યુદ્ધ જેવો ઉન્માદ ઊભો કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવીને રાષ્ટ્રીય હેતુ સર કરે છે. કેનેડા પાસે અમેરિકા ઉ પર ઝીકવા માટે અણુબોંબ છે એવું એક ટીવી એન્કર જાહેરાત કરે છે જેને કારણે એક પ્રકારનો દેશમાં આક્રોશ ઊભો થાય છે અને આ પ્રકારની ફિલ્મ દ્વારા સરકારની ટીકા કરવામાં આવે છે જેનો હેતુ વ્યંગ કરવાનો હોય છે. પરંતુ શું આપણે ત્યાં બોલિવૂડમાં સત્તાધીશો પર આ પ્રકારનો વ્યંગ કરવાની હિંમત છે ખરી ? હું માનું છું કે જયારે ડબલ ડિસ્ટીલ સેન્સરશિપ માટેનું નવું વિધેયક તૈયાર થઈ રહ્યું છે ત્યારે આ પ્રકારનો પ્રશ્ન પૂછવો એ પણ એક અસંવેદનશીલ હરકત છે.આપણે ત્યાં આપણી સંકુચિત વિનોદવૃત્તિ છે. આપણે એક બીજા સામે જોક કરી શકીએ છીએ પરંતુ સત્તાધીશ સામે આપણે હસી શકતાં નથી. આપણે સરકાર માઈબાપની સામે વ્યંગ કરી શકતા નથી. કેટલાક યુવાન સ્ટેન્ડઅપ કોમેડીયનો આવી કોશિશ કરે છે પરંતુ તેમને પણ સંસ્કૃતિનું જતન કરવા માગતી પોલીસ અને સત્તાવાળાઓનો રોષ વહોરવો પડેછે. આમ ટીવી ચેનલોને માત્ર પોતાનું રેટિંગ વધારવામાં રસ હોય છે અને એટલા માટે જ ટીવી ચેનલો ઉપર યુદ્ધ જેવો માહોલ ઊભો કરવામાં આવે છે.

# કોરોના કાળમાં સરકારની નિષ્ફળતાથી ભારતમાં ગોદામો અનાજથી ઊભરાઈ રહ્યાં છે

નવી દિલ્હી તા.૧૧

કોવિડ-૧૯ મહામારી પૂર્વે પણ ભારત વિશ્વમાં સૌથી વધુ અલ્પ પોષિત લોકોનો દેશ હતો. જુલાઈમાં સંયુકત રાષ્ટ્રસંઘના પાંચ સંગઠનો દ્વારા સંયુક્ત રીતે જાહેર કરાયેલ વિશ્વમાં ખાદ્ય સુરક્ષા અને પોષણની સ્થિતિ ઉપરના અહેવાલની અદ્યતન આવૃત્તિમાં એવું જાહેર કરાયું છે કે સરકારના પક્ષે મહામારી અને તેની અસરોનો યોગ્ય સામનો કરવામાં નિષ્ફળતાને કારણે દેશમાં ભૂખમરો અને ખાદ્ય અસુરક્ષામાં સારો એવો વધારો થયો છે. રિપોર્ટના ડેટા અનુસાર ૨૦૧૮-૨૦માં ભારતમાં પ્રવર્તતી મધ્યમથી તીવ્ર ખાદ્ય અસુરક્ષામાં ૬.૮ ટકાનો વધારો થયો છે. જ્યારે કોવિડ મહામારીના ફેલાવા બાદ ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહેલ લોકોની સંખ્યા વધીને ૯.૭ કરોડ થઈ છે. વિડંબના એ વાતની છે કે જ્યારે સરકાર પાસે તેના ગોડાઉનમાં અભૂતપૂર્વ ૧૦૦ મિલિયન ટન અનાજ પડ્યું છે તેમ છતાં આવું થઈ રહ્યું છે. જ્યારે ભારતના ગોદામો અનાજથી ઊભરી રહ્યાં છે તેમ છતાં લોકો કેમ ભૂખે મરી રહ્યાં છે ? ઓછી અને અનિશ્ચિત આવક સાથે અસંગઠિત અર્થતંત્ર ઉપર નિર્ભર પરિવારોને પર્યાપ્ત અને પોષણયુક્ત ખોરાકની ખાતરીબદ્ધ ઉપલબ્ધી નથી. મહામારીએ આ લાંબા સમયથી પ્રવર્તતી સમસ્યાને વધુ વણસાવી છે. વિશ્વમાં ભારત પાસે અનાજનો સૌથી વધુ અને વિશાળ જથ્થો છે. ૧, જુલાઈ ૨૦૨૧ના રોજ ભારત પાસે ૧૨૦ મિલિયન ટન અનાજ છે જ્યારે તેની સામે એવા અંદાજ છે કે ૨૦૨૦માં વૈશ્વિક સ્તરે ૨૩૭ કરોડ લોકો ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહ્યાં હતાં. તેની સામે ૨૦૧૯ની તુલનાએ આવા લોકોની સંખ્યામાં ૩૨ કરોડનો વધારો થયો છે. વૈશ્વિક ખાદ્ય અસુરક્ષામાં દ.એશિયા એકલાનો ૩૬ ટકા હિસ્સો છે. એસઓએફઆઈ રિપોર્ટમાં રજૂ કરેલ ખાદ્ય અસુરક્ષાના અંદાજો ખાદ્ય સુરક્ષાના વૈશ્વિક રીતે સ્વીકૃત બે નિર્દેશકો ઉપર આધારીત છે જેમાં એક નિર્દેશક છે પ્રિવેલન્સ ઓફ અન્ડર નરીસમેન્ટ (પીઓયુ) એટલે કે પ્રવર્તમાન અલ્પપોષણ કે જેમાં કેલોરીની સતત ઊણપથી પીડાતાં લોકોના પ્રમાણને અંદાજવામાં આવે છે અને તાજેતરમાં અનુભવ આધારીત નિર્દેશક છે જેને પ્રિવેલન્સ ઓફ મોડરેટ એન્ડ સિવીયર ફૂડ એનસિક્યોરિટી (PMSFI) એટલે કે પ્રવર્તમાન મધ્યમથી અતિ ભારે ખાદ્ય અસુરક્ષા.

# ટ્રિબ્યુનલોમાં ખાલી જગ્યાઓ ભરો અથવા તેને બંધ કરી દો : સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હી તા.૧૧

સુપ્રીમ કોર્ટે જુદી-જુદી ટ્રિબ્યુનલોમાં પડી રહેલ ખાલી જગ્યાઓને લઈ કેન્દ્ર સરકારનો ઉધડો લઈ જણાવ્યું કે, શું તમે ટ્રિબ્યુનલો ચાલુ રાખવા માંગો છો અથવા બંધ કરી દેવા માંગો છો ? એટલી મોટી જગ્યાઓ ખાલી હોવાથી ટ્રિબ્યુનલો નિષ્ક્રિય જણાઈ રહી છે. સુપ્રીમ કોર્ટની બે જજોની બેન્ચે સરકારનું ધ્યાન ખેંચતા જણાવ્યું કે, ૨૦ પ્રિસાઈડીંગ અધિકારીઓ, ૧૧૦ ન્યાયિક સભ્યો અને ૧૧૧ ટેકનિકલ સભ્યોની જગ્યાઓ દેશની જુદી-જુદી ટ્રિબ્યુનલોમાં ખાલી છે. સી.જે.આઈ.એ એટોર્ની જનરલ તુષાર મહેતાને પ્રશ્ન કર્યો કે, અમને ખબર નથી કે તમે ટ્રિબ્યુનલોને ચાલુ રાખવા માંગો છો અથવા બંધ કરવા માંગો છો. જજ સૂર્યકાન્તે સરકારને પૂછ્યું કે, તમે તમારા વલણ બાબત અઠવાડિયામાં ખુલાસો કરો અન્યથા અમે ટોચના આધિકારીઓને કોર્ટ સમક્ષ હાજર રહેવા જણાવીશું. સુપ્રીમ કોર્ટે બે અરજીઓની સુનાવણી સંદર્ભે ઉપરોક્ત ટિપ્પણીઓ કરી હતી. એક અરજીમાં કેન્દ્ર સરકારના જાહેરનામાને પડકાર્યો હતો. જેમાં સરકારે જબલપુરની ડીઆરટીને લખનૌ ખસેડવા આદેશ કર્યો હતો કારણ કે, જબલપુરમાં કોઈ પ્રિસાઈડીંગ અધિકારી ન હતો અને બીજી અરજીમાં ગુડ્સ એન્ડ સર્વિસ અપેલેટ ટ્રિબ્યુનલની સ્થાપના કરવા માંગણી કરાઈ હતી. જજની ટિપ્પણી સામે જવાબ આપતા તુષાર મહેતાએ કહ્યું કે, જબલપુરમાંથી ડીઆરટી ખસેડવાની હકીકત ખરી છે જે સરકારની ભૂલ છે. ખાલી જગ્યાઓ માટે મહેતાએ પડતર કેસોને દોષ આપ્યો હતો. જો કે સી.જે.આઈ.એ ધ્યાન દોર્યું કે, અમુક લોબીઓ જગ્યાઓ ભરવાની તરફેણમાં નથી એ માટે જગ્યાઓ ભરાતી નથી. બીજી બાજુ જજ સૂર્યકાન્તે કહ્યું કે, તમે ટ્રિબ્યુનલોને નિષ્ક્રિય બનાવી નહીં શકો. જો તમે ચાલુ રાખવા માંગો છો તો ખાલી જગ્યાઓ ભરો. કોર્ટે કહ્યું કે, અઠવાડિયામાં ખુલાસો નહીં થાય તો અમે અધિકરીઓને બોલાવીશું. આ ટિપ્પણી સામે મહેતાએ જણાવ્યું કે, એની જરૂર નહીં પડે અમે ૧૦ દિવસમાં બધી સ્થિતિ સ્પષ્ટ કરીશું.

# ઓક્સિજન વધારવા અને જીવન વિકસાવવા માટે પૃથ્વીનું પરિભ્રમણ ધીમું થયું છે : અભ્યાસમાં સંશોધન

નવી દિલ્હી તા.૧૧

મિશિગન યુનિવર્સિટીના સંશોધકો કરવામાં આવેલા એક નવા અભ્યાસ મુજબ પૃથ્વીનું પરિભ્રમણ ધીમું થઈ રહ્યું છે. આ પ્રક્રિયાને સવિસ્તાર સમજાવતા કહે છે કે ચારસો અબજ વર્ષ પૂર્વે પૃથ્વીની પરિભ્રમણની અવધિ લગભગ ૬ કલાકની હતી. પરંતુ ધીરે-ધીરે ઘટીને તે આજે તે ૨૪ કલાકની જોવા મળે છે. ૨.૪ અબજ વર્ષા પહેલાની સ્થિતિ જોઈએ તો અત્યારના કરતા ૧૦માં ભાગનો ઓક્સિજન હશે. જે ખૂબ જ મોટી છલાંગ છે. આ ઓક્સિજનમાં આવેલો ઉછાળાના લીધે પ્રાણી તથા વનસ્પતિ વિકાસ પામી વિકાસ પામી શક્યા જેમ-જેમ વધુ વૃક્ષ વિકસિત થયા તેમ-તેમ તેઓ ઓક્સિજન બનાવા લાગ્યા. સંશોધનકારાએ આ ઓક્સિજનમાં આવેલો ઉછાળો કયાંથી થયો તે શોધવા માંગતા હતા તેના માટે તેઓએ હ્યુરોન તળાવમાં આવેલ સિંખોલ મધ્ય ટાપુ ઉપર નજર કરી. ત્યાંના પાણીમાં ૪૦૦ મિલિયન વર્ષ જૂનો ચૂનાનો પત્થર, ડોલોમાઈટ, જીપ્સમ, બેડરોકના સ્તર અસ્તિત્વમાં હતા અનો જે દરિયાના ખારાપાણીમાંથી રચાયેલા હતા અને તે સમગ્ર ખંડમાં ફેલાયેલા હતા. અહીં જાંબલી ઓક્સિજનનું નિર્માણ કરતા કાર્બો બેકટેરિયા હતા જે ફોટો સિન્થેસિસ (પ્રકાશ સંશ્લેષણનો) ઉપયોગ કરી ઓક્સિજનાનું ઉત્પાદન કરતા હતા. પરંતુ આની સાથે બીજા સફેદ સલ્ફર ઓક્સિડાઈજીંગ બેકટેરિયા પણ હતા તે જે દિવસે અને સાંજે સાઈનો બેકટેરિયાને ઢાંકી દેતા હતા. જેના લીધે તેઓ સૂર્યપ્રકાશનો અવરોધતા હતા અને સાયનો બેક્ટરીયાને પ્રકાશ સંશ્લેષણની ક્રિયામાં અવરોધિત થતા હતા. જ્યારે સૂર્યપ્રકાશનું સ્તર ખૂબ જ ઉંચા લેવલે પહોચતું ત્યારે આ બેકટેરિયા સાઈનો બેકટેરિયાની પાછળ જતા રહેતા. જેના લીધે સાઈનો બેકટેરિયા ઓક્સિજનનું નિર્માણ કરી શકતા હતા.

# અયોધ્યા રામ મંદિર ૨૦૨૫ સુધીમાં બની જશે પણ ભક્તોને એ પહેલાં જ પ્રવેશવા મંજૂરી અપાશે

અયોધ્યા તા.૧૧

અયોધ્યામાં રામ મંદિરનું બાંધકામ ૨૦૨૫ સુધી પૂર્ણ થઈ જશે પણ અનુમાન છે કે, ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં અંશતઃ બાંધકામ પૂર્ણ કરવામાં આવશે જેથી ભક્તોને મંદિરમાં પ્રવેશી દર્શન અને પૂજા કરવા પરવાનગી આપવામાં આવશે. મંદિરનું બાંધકામ યોજના મુજબ ચાલી રહ્યું છે અને ડિસેમ્બર ૨૦૨૩ સુધી અંશતઃ તૈયાર થઈ જશે. આ પ્રોજેક્ટ ભાજપનું અતિ મહત્ત્વપૂર્ણ ગણવામાં આવે છે. ભાજપાએ દાયકાઓથી મંદિર આ જ સ્થળે બનાવવાનું વચન આપ્યું હતું જે પૂર્ણ કરવા જઈ રહ્યું છે.

મંદિરની લંબાઈ ૩૬૦ ફીટ હશે અને પહોળાઈ ૨૩૫ ફીટ અને પ્રત્યેક માળની ઊંચાઈ ૨૦ ફીટની હશે. મંદિર નિર્માણ અને ભક્તોને પ્રવેશ આપવાની ઘટના રાજકીય રીતે ઘણી મહત્ત્વપૂર્ણ અને સૂચક છે. આગામી લોકસભાની ચૂંટણીઓ ૨૦૨૪ના મધ્યમાં યોજાવાની છે. જો બધુ સમસુતરી રીતે પૂર્ણ થઈ જશે તો ભાજપ પાસે ચૂંટણી પ્રચાર માટે મોટો શસ્ત્ર હાથવગું થઈ જશે, જેના આધારે તે મતદારોને ખેંચી શકે છે. મંદિરની ડિઝાઈન ત્રણ દાયકાઓમાં ઘણી વખત બદલાઈ છે છેવટે સર્વમાન્ય ડિઝાઈનથી મંદિર નિર્મિત કરવામાં આવી રહ્યું છે.

સુપ્રીમ કોર્ટના ચુકાદાના પગલે રામ મંદિર નિર્માણનો માર્ગ મોકળો થયો હતો. વડાપ્રધાન મોદીએ ૫મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ રામમંદિરના નિર્માણ અને વ્યવસ્થા માટે શ્રીરામ જન્મભૂમિ તીરથ ક્ષેત્ર ટ્રસ્ટની રચનાની જાહેરાત લોકસભામાં કરી હતી. જેમની આગેવાની હેઠળ મંદિર બનાવવામાં આવી રહ્યું છે.

# ભારતમાં શ્રેષ્ઠ પત્રકારત્વ હવે ઓસરી રહયું છે

મુંબઈ તા.૧૧

પસંદકરાયેલા કાર્ટૂન પહેલા અન્ય પ્રકાશનોમાં પ્રિન્ટ કે ઓનલાઈન અથવા સોશિયલ મીડિયા ઉપર પ્રસિદ્ધ થયાં હતાં અને તેથી તેની યોગ્ય ક્રેડિટ આપવામાં આવી છે. આજના કાર્ટૂનમાં કિર્તીશ ભટ્ટે દેશના રમત ગમત ક્ષેત્રના સર્વોચ્ચ સન્માન રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડના નવા નામાભિધાન મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ તરીકેની ટ્વીટ દ્વારા જાહેરાત કરતાં એવું જણાવ્યું હતું કે ભારતભરના નાગરિકો તરફથી આવી અનેક વિનંતીઓ મળી હતી. આલોક નિરંતરે આ અંગે એક કાર્ટૂન દોરીને ગોલ્ફર અદિતી અશોક સામે વ્યંગ કર્યો હતો. શનિવારે ફાઈનલ રાઉન્ડમાં ઓલિમ્પિક ગેમ્સમાં સહેજ માટે અદિતી મેડલ ચૂકી ગઈ હતી અને ચોથા ક્રમે આવી હતી. આ અંગેના કાર્ટૂનમાં એવું કહેવામાં આવ્યું છે કે અદિતી તું સ્ટાર છે કારણકે તારા લીધે જ ભારતમાં લોકોએ ગોલ્ફની રમત નિહાળી હતી અને તે પણ આ રમત કેવી રીતે રમવામાં આવે છે તે જાણ્યાં વગર નિહાળી હતી. બીજા એક કાર્ટૂનમાં આર પ્રસાદે પણ વેધક વ્યંગ કર્યો છે.

સુપ્રીમ કોર્ટે જજોને ધમકીઓ અને કનડગતની ફરિયાદ ઉપર યોગ્ય પગલાઓ નહીં લેવા બદલ સીબીઆઈ અને ઈન્ટેલિજન્સ બ્યુરોની કડક આલોચના કરી હતી ત્યાર બાદ આર પ્રસાદે ઈકોનોમિક ટાઈમ્સમાં આ કાર્ટૂન દોર્યુ હતું. જેમાં કાર્ટૂનમાં એવું લખવામાં આવ્યું છે કે તમે પુસ્તકની જેમ સુરક્ષીત છો કારણકે માઈ લોર્ડ યુ આર સેફ ગાર્ડિંગ. એટલે કે આપ સ્વયં આપનું રક્ષણ કરો છો.દરમ્યાન ભારતમાં મીડિયા સંકટનો સામનો કરી રહ્યાં છે. મીડિયામાં અનેક વખત છટણી અને પગાર ઘટાડા જેવા પગલાં લેવામાં આવે છે.આમ શ્રેષ્ઠ પત્રકારત્વ હવે ઓસરી રહ્યું છે.

# શું બીજા લગ્નના બાળકો પૂર્વજોની મિલકતમાં ભાગ લેવા માટે હક્કદાર છે ? : સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરી

નવી દિલ્હી તા.૧૧

શું બીજા લગ્નના બાળકો પૂર્વજોની મિલકતમાં ભાગ લેવા માટે હક્કદાર છે ? તેવો પ્રશ્ન સુપ્રીમ કોર્ટની એક વિશેષ અરજી દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે. અરજદારે આ મામલે ઉચ્ચ ન્યાયલયની એ ટિપ્પણીનો પડકારતા સર્વોચ્ચ ન્યાયાલયના દ્વાર ખખડાવ્યા છે, જેમાં કોર્ટે કહ્યું હતું કે, બાળકોને તેમની દાદીની સંપત્તિમાંથી હિસ્સો મળશે નહીં કેમકે તે "બીજા લગ્ન" દ્વારા પેદા થયા છે. જજ સંજય કિશન કૌલ અને હૃષિકેશ રોયની ખંડપીઠે નોટિસ જારી કરી અને એ પણ જોયું કે પૈતૃક સંપત્તિમાં બીજા લગ્ન દ્વારા થયેલ બાળકોનો તેમાં હિસ્સો હશે કે નહિ, આ એક મોટો સવાલ રાવસિદ્ધપ્પવિ.મલ્લિકાર્જુન એન્ડ અન્ય (૨૦૧૧) ૧૧ એસસીસી ૧ એન્ડ અન્યમાં વિચારણા ઉપર છે. ઉપરોક્ત કેસમાં ચુકાદો જાહેર થયા બાદ આ બાબત સૂચિબદ્ધ કરવામાં આવશે એમ કોર્ટે જણાવ્યું હતું. ૨૦૧૧ અનુસંધાનિત વિલંબિત કેસ હિંદુ વિવાહ અધિનિયમ ૧૯૫૫ ધારા ૧૬ નિયમ મુજબ લગ્નનું કોઈપણ બાળક જે ધારા ૧૧ હેઠળ શૂન્ય હોયછે, ત્યારે જ કાયદેસર ગણાશે જ્યારે લગ્ન કાયદેસર હશે. જો કે ધારા ૧૬(૩)માં નિયમ છે કે આ પ્રકારના લગ્નના કોઈપણ બાળકને મંજૂરી આપવામાં નહિ આવે જે શૂન્ય છે અથવા જેને ધારા ૧૨ હેઠળ રદ કરવામાં આવેલ હોય. આ અધિનિયમ હેઠળ એવા બાળકો પોતાના માતા-પિતાના કાયદેસર સંતાન ના હોવાના કારણે એવા કોઈ અધિકાર પ્રાપ્ત કરવામાં અસમર્થ હોયછે. સુપ્રીમ કોર્ટે અન્ય એક કેસમાં કહ્યું હતું કે શૂન્ય વિવાહથી પેદા થયેલ બાળકો પૈતૃક સહદાયિક સંપત્તિના ઉત્તરાધિકારી તરીકે દાવો કરવા હકદાર નથી જો કે તેઓ સ્વંય પોતાના પિતા દ્વારા અર્જિત સંપત્તિમાં એક હિસ્સાનો દાવો કરવા હકદાર છે. જ્યારે અન્ય એક કેસમાં અલગ વિચાર રજૂ કરવામાં આવ્યો કે આવા બાળકોને પોતાના માતા-પિતાની સંપત્તિ સિવાય પૈતૃક સંપત્તિ મેળવવાનો અધિકાર છે પછી ભલે તે સ્વંય અર્જિત હોય અથવા પૈતૃક. જસ્ટિસ જીએસ સિંઘવી અને જસ્ટિસ એકે ગાંગુલીની ખંડપીઠે આ નિયમની વ્યાખ્યા કરતા કહ્યું કે, અધિનિયમની ધારા ૧૬ (૩) ને ધ્યાન આપતા અમે એ નિર્ણય ઉપર આવ્યા છીએ કે આ ધારા મુજબ આવા બાળકો કોઈપણ વ્યક્તિની સંપત્તિમાં અધિકારના હકદાર નહિ હોય જો તેમના માતા-પિતા ના હોય. જો કે આ નિષેધ તેમના માતાપિતાની સંપત્તિ ઉપર લાગું થશે નહિ. ખંડ(૧) અને (૨) ધારા ૧૬ની સ્પષ્ટ રૂપે ઘોષણા કરે છે કે આવા બાળકો કાયદેસર હશે એટલે કે જો તેમને કાયદેસર ઘોષિત કરવામાં આવ્યો હોય તો તેમની સાથે ભેદભાવ કરી શકાય નહિ અને તે અન્ય કાયદેસર બાળકોની જેમ સમકક્ષ હશે અને તમામ અધિકારના હકદાર રહેશે પોતાના માતા-પિતાની સંપત્તિ, સ્વ-અર્જિત અને પૈતૃક બંને. આમ, ગેરકાયદેસર લગ્ન દ્વારા થયેલ બાળકોની સંપત્તિના અધિકાર મામલે ન્યાયાધીશોના જુદા-જુદા મંતવ્યો જોવા મળ્યા. જસ્ટિસ સંજય કિશન કૌલ અને કેએમ જોસેફની ખંડપીઠે માર્ચ ૨૦૨૦માં આ મુદ્દો ઉઠાવનાર એક અન્ય એસએલપી ઉપર વિચાર કરતાં રજીસ્ટ્રારને આ મુદ્દા ઉપર વધુ ધ્યાન આપવા કહ્યું જેથી મોટી બેંચના સંદર્ભમાં પેપરો ભારતના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ મૂકી શકાય.

# જૂનાગઢ રોજગાર વિનિમય કચેરી દ્વારા અનુબંધમ જોબ પોર્ટલ લોન્ચ કરાયું

જૂનાગઢ, તા.૧૧ : જૂનાગઢ રોજગાર વિનીમય કચેરી દ્વારા અનુબંધમ જોબ પોર્ટલ લોન્ચ કરવામાં આવેલ છે. આ પોર્ટલના માધ્યમથી રોજગાર ઈચ્છુક ઉમેદવારો તથા નોકરીદાતાને જોડાવા માટે ઓનલાઈન પ્લેટફોર્મ મળશે. ઉપરોક્ત પોર્ટલ દ્વારા ઉમેદવારોને રોજગારીની તકો મેળવી શકશે તથા નોકરીદાતાઓને કુશળ માનવબળ મેળવવામાં મદદ મળી શકશે. પોર્ટલ ઉપર રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રજીસ્ટ્રેશન કરવા જૂનાગઢ રોજગાર કચેરી દ્વારા જણાવવામાં આવ્યુ છે. વધુ માહિતી માટે રોજગાર સેતુ કોલ સેન્ટર નંઃ ૬૩૫૭૩૯૦૩૯૦ ઉપર સંપર્ક કરવો.રજીસ્ટ્રેશન લીન્ક : **https://anubandhm. gujarat. gov. in/ zcciunt/sighup**

# વિપક્ષોનાં હોબાળાનાં કારણે સદનમાં કામકાજ ઠપ, ૫ ઓગસ્ટ સુધીમાં ૧૩૩ કરોડથી વધુ રૂપિયા નષ્ટ

નવી દિલ્હી તા.૧૧

મોનસૂન સત્રના ત્રીજા અઠવાડિયાની કાર્યવાહી પણ હોબાળાના કારણે અર્થવિહિન નીવડી. સદનમાં વિપક્ષ પેગાસસ જાસૂસી કાંડ, મોંઘવારી અને કૃષિ કાયદાઓ અંગે હુમલાવર છે. આ સત્રમાં એક દિવસ પણ કાર્યવાહી બરાબર રીતે ચાલી શકી નાથી. રાજયસભામાં જારી હોબાળાની વચ્ચે ત્રીજા અઠવાડિયાની ઉત્પાદકતા ૨૪ ટકા સુધી પહોંચી ગઈ છે. પ્રથમ અઠવાડિયાની સરખામણીએ લગભગ ૮ ટકાનો ઘટાડો થયો છે. ત્યાં બીજા અઠવાડિયાની અપેક્ષાએ ૯ ટકાનો વધારો થયો છે. પ્રથમ અઠવાડિયાની ઉત્પાદકતા ૩૨.૨ ટકા હતી. બીજા અઠવાડિયાની ઉત્પાદકતા ૧૩.૭ ટકા સુધી થઈ ગઈ હતી, બીજા અઠવાડિયામાં પેગાસસ મુદ્દા અંગે સંસદમાં એક દિવસ પણ કામકાજ થઈ શકયું નાથી. કુલ મીલાવીને ઉચ્ચ સદનમાં આ અઠવાડિયે ૨૪ ટકા જ કામ થઈ શકયું છે. ૧૭ પાર્ટીઓના ૬૮ સાંસદ ચર્ચામાં સામેલ થયા જે પાર્ટીઓના સાંસદોએ થોડાક સમય માટે ધારાસભ્યો ઉપર ચર્ચામાં ભાગ લીધો તેમાં અન્નાદ્રમુક, આપ, બીજદ, ભાજપ, કોંગ્રેસ, ભાકપા, સીપીએમ, દ્રમુક, જદયુ, રાકાંપા, રાજદ, આરપીઆઈ, શિવસેના, તેદેપા, તમિલમનીલા કોંગ્રેસ (મુપનાર), ટીઆરએસ, વાઈએસઆરસીપીના નેતા સામેલ થયા. સરકારી સૂત્રો મુજબ ત્રીજા અઠવાડિયામાં ૧૭ પાર્ટીઓના ૬૮ સાંસદ ખરડાઓ ઉપર ચર્ચા દરમ્યાન સામેલ થયા, જેમાં ૮ ખરડા પાસ થયા. જો કે વધુ સમય હોબાળાની ભેટ ચઢી ગયો. ૧૯ જુલાઈથી શરૂ થયેલા મોનસુન સત્રમાં પાંચ ઓગસ્ટ સુધીમાં ૧૩૩ કરોડથી વધુ રૂપિયા નષ્ટ થઈ ચુકયા છે.

# ખેતીની જણસ દશ દિવસ વેંચવાની બંધ કરી દે તો સરકાર ખેડૂતોને પગે લાગતી આવશે

## જૂનાગઢના કિસાન પુત્રે ખેડૂત નેતા રાકેશ ટીકૈતને પત્ર પાઠવ્યો

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢમાં રહેતા કિસાન પુત્ર દિનેશ પી. ભાદરકાએ દિલ્હીમાં આંદોલન ચલાવી રહેલા ખેડુત નેતા રાકેશ ટીકૈતને એક પત્ર પાઠવી ધ્યાન દોર્યુ છે કે, ખેડુતોના હિતમાં ચલાવી રહેલા આંદોલન માટે હું આપનો અભિનંદન પાઠવું છું પરંતુ આ આંદોલનને નવ-નવા મહિના વિતી ગયા હોવા છતાં હજુ સુધી ખેડુતોના પક્ષમાં કેન્દ્ર સરકારે કોઈ નિર્ણય લીધો નથી અને કાળા કાયદા રદ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે. ત્યારે મારે આપને જણાવવાનું કે, આ આંદોલનમાં તમે સાચા માર્ગે જઈ રહયા નથી અનો આ આંદોલનનો ખરા અર્થમાં સફળ બનાવવું હોય તો આપના આંદોલન સાથે જોડાયેલા તમામ ખેડુતો જો પોતાની ખેતીની જણસ દશ દિવસ સુધી વેંચવાનું બંધ કરી દે તો ભારત સરકાર ખેડુતોનો પગે લાગતી આવશે. એટલે ફકત દશ દિવસ આ આંદોલનને આ રીતે વેગવાન બનાવવામાં તમે સફળ રહયા તો ખેડુતોના હિતમાં સારકાર ઝુકી જશે, અન્યથા આપના આ કિસાન આંદોલનનો કોઈ મતલબ નથી અનો તમો કિસાનોના નાણાં અને સમય બરબાદ કરી રહયા છો.

# ટ્રાયલ ડેટા સાર્વજનિક કર્યા વિના કોરોના વેક્સિનને મંજૂરી કેમ ? : સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી


નવી દિલ્હી તા.૧૧

કોરોના વેક્સિનના ટ્રાયલનો ડેટા સાર્વજનિક કરવાની માંગવાળી અરજી ઉપર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અને આઈસીએમઆરને નોટિસ મોકલી છે. અરજીકર્તા જેકબ પુલિયેલે માંગ કરી હતી કે લોકોને ટ્રાયલ ડેટા વિષે જાણવાનો અધિકાર છે. સાથે જ એ પણ ખબર હોવી જોઈએ કે આની મુશ્કેલીઓ અને જોખમ શું છે. અરજીકર્તાના વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું કે, આ પહેલીવાર છે જ્યારે વેક્સિન ટ્રાયલનો ડેટા સાર્વજનિક કર્યા વગર આટલા વ્યાપક સ્તર ઉપર ઈમરજન્સી ઉપયોગની મંજૂરી આપવામાં આવી છે. કોર્ટે કહ્યું છે કે, નોટિસ પાઠવવાનો મતલબ એ નથી કે વેક્સિન ઉપર કોઈપણ પ્રકારનો પ્રશ્ન ઉઠાવવામાંઆવી રહ્યોછે. સુપ્રીમ કોર્ટે જનહિતની અરજી દ્વારા ૨ માંગો રાખી છે- એક કે કોરોના વેક્સિનના ક્લિનિકલ ટ્રાયલના ડેટા જાહેર કરવામાં આવે અને બીજી કે, કોઈને પણ વેક્સિન લેવા માટે મજબૂર તો નથી કરવામાં આવી રહ્યા. લોકોને વેક્સિન લેવા મજબૂર કરવા અને ટ્રાયલનો ડેટા સાર્વજનિક કરવાની અરજી ઉપર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે. જો કે સુપ્રીમ કોર્ટે વેક્સિન લગાવવા માટે મજબૂર કરવા ઉપર રોક લગાવવાની ના કહી. જસ્ટિસ એલ. નાગેશ્વર રાવે કહ્યું કે, દેશમાં ૫૦ કરોડ લોકોને વેક્સિન લગાવવામાં આવી ચૂકી છે. તમે શું ઈચ્છો છો કે વેક્સિનેશન કાર્યક્રમ બંધ કરી દેવામાં આવે? દેશમાં પહેલાથી જ વેક્સિન હેસીસટેંસી ચાલી રહી છે. તેમણે કહ્યું કે, ડબલ્યુએચઓએ પણ કહ્યું છે કે વેક્સિન હેસીસટેંસીએ ઘણું નુકસાન કર્યુ છે. તેમણે કહ્યું કે, શું તમને લાગે છે કે લોકહિતમાં છે, જ્યાં સુધી આપણે જાણી ના લઈએ કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા કંઈક ગંભીર રીતે ખોટું કરવામાં આવ્યું છે ? આપણે વેક્સિન લેવામાં ખચકાટ સામે લડી રહ્યા છે, તો આવી અરજી લોકોના મનમાં શંકા પેદા નથી કરી રહી? અમને શંકા છે કે જ્યારે અમે આ અરજી ઉપર વિચાર કરીએ છીએ તો એ સંકેત ના આપવો જોઈએ કે આપણે વેક્સિન લેવામાં ખચકાટને પ્રોત્સાહન આપી રહ્યા છીએ. વેક્સિનની જરૂરીયાત ઉપર અમેરિકનસુપ્રીમ કોર્ટ સહિત અને વિદેશી અદાલતોના આદેશ છે. તમે આ રીતે પબ્લિક હેલ્થ સાથે છેડછાડ ના કરી શકો. કોર્ટે કહ્યું કે, ૧૦૦ વર્ષમાં આપણે આવી મહામારી નથી જોઈ, આ કારણે ઈમરજન્સીમાં વેક્સિનને લઈને સંતુલન બનાવવું જરૂરી છે. તો અરજીકર્તા તરફથી પ્રશાંત ભૂષણે કહ્યું કે, સીરો રિપોર્ટ પ્રમાણે ૨/૩ લોકો કોવિડ સંક્રમિત થઈ ચૂક્યા છે. આવામાં કોરોનાની વેક્સિનથી એન્ટીબોડી વધારે કારગર છે. હવે પોલિસી બનાવવામાં આવી છે કે વેક્સિન નહીં લગાવવામાં આવી હોય તો યાત્રા નહીં કરી શકો. અનેક પ્રતિબંધો લગાવવામાં આવ્યા છે. સરકાર ક્લિનિકલ ડેટા સાર્વજનિક નથી કરી રહી. વેક્સિન સ્વૈચ્છિક છે તો જો કોઈ વેક્સિન નથી લેતું તો તેને કોઈ સુવિધાઓથી વંચિત ના કરવામાં આવે. સુપ્રીમ કોર્ટમાં આ અરજી રાષ્ટ્રીય તકનીકી સલાહકાર ગ્રુપના પૂર્વમેમ્બર જેકબ પુલિયેલ દ્વારા દાખલ કરવામાં આવી છે.

### ઈન્ટરનેટ ઉપર મચાવી દીધી હતી ધમાલ...

# ‘બચપન કા પ્યાર’ ગીત ગાનારા સહદેવને ગીફ્ટમાં મળી ૨૩ લાખની એસયુવી કાર





અમદાવાદ તા. ૧૧

છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા ઉપર એક ગીત ખૂબ સાંભળવા મળી રહ્યું છે. આ કોઈ બોલીવુડ કે હોલીવુડ ગીત નથી પણ બચપનનો પ્રેમ છે. હા, અમે વાત કરી રહ્યા છીએ સુકમાના સહદેવની. જેના આ ગીતના કારણે ઈન્ટરનેટ ઉપર ધૂમ મચાવી અને રાતોરાત સનસનાટી મચી ગઈ. આવી સ્થિતિમાં હવે એમજીના શો-રૂમના માલિકે ખુશ થઈને તેને ૨૩ લાખ રૂપિયાની એમજી હેક્ટર એસયુવી ભેટ આપી છે. ભેટમાં મળેલી કાર ઈલેક્ટ્રિક કાર છે.

બચપનનું પ્રેમ ગીત હવે ઈન્ટરનેટ ઉપર ઘણું પસંદ કરવામાં આવી રહ્યું છે અને તેના ઉપર મીમ્સને લઈને ઘણાં બધા રીલ્સ બનાવવામાં આવી રહી છે. સેલિબ્રિટીઝે સહદેવ દ્વારા ગવાયેલા ગીતો ઉપર ઘણી હસ્તીઓએ વીડિયો અને રીલ બનાવ્યા. રેપર અને ગાયક બાદશાહે તો સહદેવ સાથે બચપન કા પ્યાર, ગીત લઈને આવી રહ્યા છે. જેનું શૂટિંગ પૂરૂં થઈ ગયું. છે. આ ગીત આજે તા.૧૧ ઓગસ્ટે રિલીઝ થશે. આ ગીતમાં આસ્થા ગિલ પણ છે. આ પહેલા બોલિવૂડ સિંગર બાદશાહે પણ સહદેવ સાથે વીડિયો કોલ ઉપર વાત કરી હતી અને તેમને મળવા માટે ચંદીગઢ બોલાવ્યો હતો. સહદેવના ગીતનું બોલિવૂડ તો ફેન થયું પરંતુ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બધેલ પણ આ ગીતના ચાહક બન્યા. મંગળવારે સીએમ બઘેલ સહદેવને મળ્યા અને આ ગીત સંભળાવવા કહ્યું, આ વીડિયો પણ સીએમ બઘેલ દ્વારા સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ કરવામાં આવ્યો હતો. વીડિયો શેર કરતા સીએમ બઘેલે લખ્યું હતું. બાળપણનો પ્રેમ. વાહ!

જણાવી દઈએ કે, સહદેવના પિતા ખેડૂત છે, તેમના ઘરમાં મોબાઈલ, ટીવી, કંઈપણ નથી. તેણે બીજાના મોબાઈલમાંથી ગીત સાંભળ્યા બાદ પોતાની શાળામાં આ ગીત ગાયું હતું. જે આજે તેમના માટે મોટી ભેટ બનીને આવ્યું છે. જીવન બદલાવામાં વધારે સમય નથી લાગતો, જિંદગીને જીવવાની જરૂર છે. તાજેતરમાં, તેમના ઈન્ટરવ્યુ દરમ્યાન સહદેવે કહ્યું હતું કે તે મોટો થઈને ગાયક બનવા માંગે છે.

# ગુજરાતની ૨૦૦૦૦ શાળાને સ્કૂલ ઓફ એકસીલન્સમાં સમાવતા ૮૦૦૦ કરોડના પ્રોજેકટનું વડાપ્રધાન મોદી ૫ સપ્ટેમ્બરે કરશે લોકાર્પણ

નવી દિલ્હી તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી દિવસોમાં માદરે વતન આવી શકે છે. વડાપ્રધાન મોદી ગુજરાતમાં સ્કૂલ ઓફ એકસીલન્સ પ્રોજેકટનું લોકાર્પણ કરવા આવી રહ્યા છે. આ પ્રોગ્રામ ગાંધીનગરમાં આવેલા મહાત્મા મંદિરથી તેનું લોકાર્પણ કરાશે.

વડાપ્રધાન મોદી આગામી ૫ સપ્ટેમ્બર એટલે કે શિક્ષકદિન નિમિતે ગુજરાતના પ્રવાસે આવશે. જ્યાં વડાપ્રધાન મોદી ગુજરાતની શાળાઓને મોટી ભેટ આપશે. આ દરમ્યાન વડાપ્રધાન મોદી શિક્ષણ વિભાગના કમાન્ડ એન્ડ કટ્રોલની પણ મુલાકાત લઈ શકે છે.

આપને જણાવી દઈએ કે, સ્કૂલ ઓફ એકસીલન્સ પ્રોજેકટમાં પ્રથમ તબક્કામાં લગભગ ૮ હજાર કરોડ જેટલો માતબર ખર્ચો આવશે. જેમાં રાજયની ૨૦ હજાર પ્રાથમિક સ્કૂલોને અપગ્રેડ કરી સ્કૂલ ઓફ એક્સીલન્સમાં સમાવેશ કરાશે. તાલુકા દીઠ પ્રથમ તબક્કામાં ૪ સ્કૂલોને સ્કૂલ ઓફ એક્સીલન્સમાં સમાવેશ કરાશે. પ્રથમ ૧૦૦૦ દિવસમાં ૧૦ હજાર સ્કૂલોને સ્કૂલ ઓફ એકસીલન્સ તરીકે તૈયાર કરવામાં આવશે. બાકીના ૫૦૦ દિવસમાં ૧૦ હજાર સ્કૂલોને સ્કૂલ ઓફ એકસીલન્સ તરીકે તૈયાર કરાશે.

સુપ્રીમ કોર્ટએ એવાં વાલીઓની અરજી રદ કરી દીધી છે કે, જેઓ રાજય બોર્ડને એવી સૂચનાઓ આપવા વિનંતી કરી રહ્યાં હતાં કે, ‘ધોરણ ૧૦ અને ૧૨માંની જ્યારે પરીક્ષાઓ જ નથી યોજાઈ તો પછી તેઓની પરીક્ષા ફી પરત કરવાનો આદેશ આપવામાં આવે.’ જોકે, જસ્ટિસ એએમ ખાનવિલકર અને જસ્ટિસ દિનેશ માહેશ્વરીની પીઠએ જણાવ્યું કે, ‘તેઓને આ દલીલમાં કોઈ જ દમ નથી દેખાતો.’ જયારે રાજયોની માધ્યમિક અને ઉચ્ચ પરીક્ષા બોર્ડ્સની દલીલ વધારે મજબૂત છે કે પરીક્ષાની તૈયારીઓ તો હતી પરંતુ ખરા સમયે જ કોરોનાનો પ્રભાવ વધવા લાગ્યો. એટલાં માટે તૈયારીઓ ઉપર કરવામાં આવેલ તમામ ખર્ચ પૂર્ણ થઈ ગયો. એવામાં ફી પરત આપવી એ તેમના કાબુમાં અને હિત એમ બંને માટે યોગ્ય નથી. પરીક્ષા ફી દ્વારા તો બોર્ડનું સંચાલન થાય છે.

તાજેતરમાં જ બોમ્બે હાઈકોર્ટએ એક વાલીની અરજી ઉપર મહારાષ્ટ્ર શિક્ષા બોર્ડને ફી પરત આપવાની અરજી ઉપર વિચાર કરવાનો આદેશ આપ્યો હતો. એવામાં બંધના ગેટ ખુલી ગયા જેવી સ્થિતિથી બચવા માટે બોર્ડએ સુપ્રીમ કોર્ટનો સહારો લીધો.

સુપ્રીમ કોર્ટએ રાજયોની શિક્ષા અને પરીક્ષા બોર્ડ તરફથી જવાબી સોગંદનામું મળ્યા બાદ જાણ્યું કે, તેઓની દલીલ અને તર્ક વ્યાજબી છે. કોરોનાની બીજી લહેરને ધ્યાને રાખતા સીબીએસઈ સહિત દેશભરના તમામ શિક્ષણ બોર્ડએ ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ રદ કરી દીધી હતી. એવામાં દિલ્હી હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. તેમાં એવી માંગ કરવામાં આવી હતી કે સીબીએસઈ અને અન્ય બોર્ડના વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨માંની પરીક્ષા ફી પરત કરવામાં આવે.

# વેરાવળ સેશન્સ કોર્ટે તાલાલા તાલુકા પંચાયત કચેરીમાં કરોડો રૂપિયાની ગેરરીતિ કરનાર ત્રણ આરોપીના જામીન ફગાવી દીધા

તાલાલા તા.૧૧

ગીર-સોમનાથ જિલ્લાના તાલાલા ખાતે તાલુકા પંચાયત કચેરીમાં કરોડો રૂપિયાની સરકારી નાણાંની ગેરરીતિ કરનાર ત્રણ આરોપીઓની આગોતરા તથા એક આરોપીની રેગ્યુલર જામીન અરજીઓ વેરાવળ સેસન્સ કોર્ટ દ્વારા ફગાવી દીધેલ છે. આ અંગે જિલ્લા સરકારી વકીલ કેતનસિંહ વાળાએ જણાવેલ કે, તાલાલા ખાતે તાલુકા પંચાયત કચેરીમાં કરાર આધારીત ફરજ બજાવતા કર્મચારીએ પોતાનું નામ પગારની બેંક એડવાઈઝરીમાં ઉમેરી દર મહિને રૂા.૧૦ લાખ જેવી રકમ પોતાના એકાઉન્ટમાં તથા અન્યોના એકાઉન્ટમાં નાખી રૂા.૧ કરોડ ૪૮ લાખ જેવી માંતબર સરકારી નાણાંની ગેરરીતી કરેલ હોવાની ફરીયાદ પોલીસમાં નોંધાયેલ અને તપાસ અધિકારી દ્વારા તપાસ હાથ ધરતા આ ગુનામાં આરોપી નાયબ હિસાબી અધિકારી મેહુલ વિનોદરાય આમલસેડા ઉ.વ.૪૧ રહે.ધારી અગાઉ આર્મીમાં ફરજ બજાવી ચુકેલ જેની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ દરમ્યાન પુછપરછ કરતા જે તે વખતના ટી.ડી.ઓ.ના ચાર્જમાં રહેલ કાળુ સરમણભાઈ રામ તથા હિસાબી શાખાના નિવૃત કર્મચારી બાબુભાઈ મોતીભાઈ શુકલ અને ટી.પી.ઓ.ના ચાર્જમાં રહેલ જયેશગીરી પ્રવિણગીરી ગોસ્વામીના નામો ખુલવા પામેલ છે. ઉપરોકત ગુનામાં આરોપી કાળુ રામ તથા બાબુ મોતીભાઈ શુકલ તેમજ જયેશગીરી પ્રવિણગીરી ગોસ્વામીએ આગોતરા જામીન મેળવવા અને કસ્ટડીમાં રહેલ મેહુલ વિનોદરાય આમલસેડાએ રેગ્યુલર જામીન મેળવવા વેરાવળની સેસન્સ કોર્ટના જજ વી.જી.ત્રીવેદી સમક્ષ જુદી-જુદી અરજીઓ કરેલ જેમાં સરકારી વકીલે દલીલો સરકારી નાણાંની ઉચાપત તેમજ શિક્ષકોના પગારબીલો અને નિવૃત શિક્ષકોના રજા રૂપાતરના બીલો ચુકવાઈ ગયેલ હોવા છતાં બીજી વખત આરોપીઓએ એકબીજાને મદદ કરી ગેરરીતી કરેલ હોય જેથી આવા આરોપીઓને જામીન આપવામાં આવે તો સરકારી તીજોરીઓમાં ગેરરીતિઓ થતી રહે અને તેની સીધી અસર આમ જનતા ઉપર તથા દેશના અર્થતંત્ર ઉપર થશે તેવી દલીલોને માન્ય રાખી આ તમામ આરોપીઓની જુદી-જુદી અરજીઓ ફગાવી દેતો હુકમ કરેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

# ઉનામાં તાલુકા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક મળી



ઉના તા. ૧૧

આગામી શ્રાવણ અને ભાદરવા મહિનામાં સાતમ-આઠમ, ગણેશજીની સ્થાપના તથા મુસ્લીમ સમાજમાં મહોર્રમના તહેવારો શરૂ થઈ રહયા છે ત્યારે ઉના તાલુકા પોલીસ સ્ટેશનો પીઆઈ વિજયસિંહ ચૌધરીના અધ્યક્ષસ્થાને શાંતિ સમિતિની બેઠક મળી હતી. જેમાં પીએસઆઈ જે.વી. ચુડાસમા હાજર રહયા હતા અને બંને સમાજમાંથી ઉના પાલિકાના ઉપપ્રમુખ ચંદ્રેશભાઈ જોશી, નગરસેવક મનોજભાઈ બાંભણીયા, પરેશભાઈ બાંભણીયા, ચેમ્બર પ્રમુખ ઈશ્વરલાલ જેઠવાણી, એડવોકેટ રામજીભાઈ પરમાર, વિહિપના નિપુલ શાહ તથા મુસ્લીમ સમાજના આગેવાન યાદગારબાપુ, હાજી શબીરશાહ સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. અને તહેવારાની સરકારની ગાઈડલાઈન મુજબ ઉજવણી કરવાની હિન્દુ-મુસ્લીમ સમાજના અગ્રણીઓએ સાહમતી આપી હતી.

# માણાવદરમાં શિવાલયો અને વૈષ્ણવ હવેલીમાં અલૌકિક શણગારના દર્શન







માણાવદર તા. ૧૧

માણાવદર શહેરમાં કોરોનાના હળવા થયેલા કેસો બાદ મંદિરો દર્શનાર્થીઓ માટે ખુલ્યા છે ત્યારે શ્રાવણ માસના પ્રથમ સોમવારે શહેરના પ્રાચીન અને જગતથી અનોખા એવા બે પોઠીયા ધરાવતું ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર દેશ વિદેશમાં પ્રચલિત છે અને લોકોની અનેરી આસ્થા છે. શ્રાવણ માસના પ્રથમ સોમવારે મહાઆરતીના શણગાર સાથે અલૌકિક દર્શન કરી ભકતજનો ભાવવિભોર થયા હતા. અને પ્રાચીન એવી વૈષ્ણવ હવેલીમાં શ્રીનાથજીના હિંડોળાના અલૌકિક દર્શનનો ભકતજનો લાભ લઈ રહયા છે.

# નાસાએ મંગળ જેવા સ્થળે એક વર્ષ સુધી રહેવા માટે પૃથ્વીવાસીઓ પાસેથી અરજીઓ મંગાવી



ન્યુયોર્ક તા.૧૧

મંગળ ઉપર અંતરીક્ષ યાત્રીઓનો મોકલવાના પ્રયાસના ભાગરૂપે અમેરિકન અંતરીક્ષ એજન્સી નાસાએ મંગળ ગ્રહ જેવા સ્થળ ઉપર એક વર્ષ સુધી રહેવા માટે ચાર લોકોની અરજી મંગાવી છે. વાસ્તવમાં નાસા મંગળ ગ્રહ ઉપર અંતરીક્ષ યાત્રીઓનો મોકલતા પહેલા તેમનો ભવિષ્યના મિશનોના વાસ્તવિક પડકારો માટે તૈયાર કરવા માંગે છે. શુક્રવારે નાસાએ મંગળ ગ્રહ જેવી પરિસ્થિતિ ધરાવતાં સ્થળ ઉપર એક વર્ષ વિતાવવા માટે અરજીઓ મંગાવી છે. આ લોકો ૧૭૦૦ ચો.ફૂટમાં ફેલાયેલા થ્રીડી પ્રિન્ટર દ્વારા તૈયાર કરેલા માર્સ ડ્યૂન અલ્ફામાં રહેશે જે હ્યુસ્ટનમાં જહોન્સન સ્પેસ સેન્ટરની બિલ્ડીંગમાં છે. નાસાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, મંગળ ગ્રહ ઉપર ભવિષ્યના મિશનોના વાસ્તવિક જીવનના પડકારો સામે ઝઝુમવાની તૈયારીમાં નાસા એ અભ્યાસ કરશે કે કઈ રીતે અત્યંત પ્રેરીત વ્યકિત આટલા લાંબા સમય સુધી જમીન આધારીત આભાસી પરિસ્થિતિમાં રહી શકે છે. મંગળની જેવી બનાવવામાં આવેલી આ જગ્યા ઉપર એક મિશન જેવા જ પડકારો રહેશે. તેમાં સંસાધનોની મર્યાદા, સાધનોની નિષ્ફળતા, કોમ્યુનિકેશનમાં વિલંબ અને અન્ય પર્યાવરણીય તણાવ પણ રહેશે આ ઉપરાંત તેમાં રહેનારા લોકો સીમ્યુલેટેડ સ્પેસ વોક, વૈજ્ઞાનિક સંશોધન, આભાસી વાસ્તવિકતા અને રોબોટ નિયંત્રણનો ઉપયોગ કરી શકશે. નાસા આવા ત્રણ મિશનોની યોજના તૈયાર કરી રહ્યું છે. તેને ક્રૂ હેલ્થ એન્ડ પરફોર્મ્સ એક્સપ્લોરેશન એનાલોગ તરીકે ઓળખવામાં આવે છે. આગામી મિશન ૧, સપ્ટે.થી ૩૦, નાવે સુધી ચાલશે.

નાસાના હ્યુસ્ટનમાં સ્પેસ સેન્ટર એડવાન્સ્ડ ફૂડ ટેકનોલોજી સંશોધનના વડા વૈજ્ઞાનિક ગ્રેસ ડગ્લસે જણાવ્યું છે કે મંગળ ગ્રહની સપાટી ઉપર રહેવાની જટીલ જરૂરિયાતોને સમજવા માટે અને સમાધાન માટે એનાલોગનું મહત્વ રહેલું છે. તેમણે જણાવ્યું છે કે, પૃથ્વી ઉપર આ રીતે રહેવાથી આપણને અંતરીક્ષ યાત્રીઓ જેમનો સામનો કરે છે એવા શારીરિક અને માનસિક પડકારોનો સમજવામાં અને તેનો મુકાબલો કરવામાં મદદરૂપ રહેશે. આ માટે માત્ર અમેરિકન નાગરિકો જ અરજી કરી શકે છે અને તેમની ઉમર ૩૦થી ૫૫ વર્ષની હોવી જોઈએ.

આ ઉપરાંત અરજદારોની અંગ્રેજીમાં દક્ષતા, સારૂ શારીરિક સ્વાસ્થ્ય હોવું જોઈએ અને ધુમ્રપાન કરતા ન હોવા જોઈએ. એટલું જ નહીં શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો કોઈ માન્યતા પ્રાપ્ત સંસ્થાથી એન્જિનિયરીંગ, ગણિત કે બાયોલોજિકલ, ફિઝીકસ કે કમ્પ્યુટર સાયન્સ જેવા એસટીઈએમ ક્ષેત્રમાં માસ્ટર ડિગ્રી અથવા ઓછામાં ઓછા બે વર્ષના પ્રોફેશનલ એસટીઈએમ ધરાવતા હોવા જોઈએ અથવા તો ટેસ્ટ પાયલટ પ્રોગ્રામ ઉપર પણ વિચારણા કરી શકાશે.

# ઉનાના પાતાપુર ગામે વીજ પુરવઠો શરૂ ન થતા ખેતી પાક નિષ્ફળ જવાની દહેશત

ઉના તા.૧૧

ઉના પંથકમાં તાઉતે વાવાઝોડાની તબાહીથી વિજ પોલ, વિજ વાયર, ટ્રાન્સફોર્મ સહિત ધરાશાઈ થતા ભારે નુકસાન થયેલ અને વિજ પુરવઠો બંધ હોવાના કારણે લોકો રાત્રીના અંધારામાં દિવસો કાઢેલ હોય ત્યારબાદ પીજીવીસીએલની ટીમ દ્વારા કામગીરી શરૂ કરાતા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વિજપુરવઠો શરૂ થયેલ અને અમુક ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ ખેતીવાડીમાં વિજપુરવઠો શરૂ થયેલ નથી. હાલ ચોમાસામાં વરસાદ ખેચાતા ખેડૂતોએ ખેતીમાં વાવેતર કરેલ પાકને પાણીની જરૂરિયાત હોય જેથી વિજપુરવઠો જરૂરી છે. જોકે ખેતરમાં પાક બાજરી, મગફળી સહિતનો પાક સુકાવવા લાગ્યો હોય તેમ વરસાદ ન થતાં અને ખેતીવાડી વિજપુરવઠો ચાલુ ન થવાના કારણે ખેડૂતોને પોતાના ખેતી પાક નિષ્ફળ જવાની ચિંતા સતાવી રહી છે.

વાવાઝોડાના ૧૦૦ દિવસથી વધુ સમય થઈ ગયેલ હોવા છતાં ગોકળ ગતિએ ચાલતી પીજીવીસીએલની કામગીરી સામે પાતાપુર ગામના ખેડૂતોમાં ભારે રોષ ઉઠવા પામેલ છે અને ખેતી પાકને સમયસર પાણી મળી રહે તેને ધ્યાને રાખી પીજીવીસીએલ દ્વારા તાત્કાલીક વિજપુરવઠો શરૂ કરવામાં આવે તેવી ખેડૂતોની માંગણી ઉઠવા પામેલ છે તેમજ પીજીવીસીએલ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. તેમાં વિજપોલ ઉપર જર્જરીત વાયરો ફીટ કરતા હોવાની ખેડૂતોમાં રાવ સાંભળવા મળેલ અને ગતે ત્યારે જર્જરીત વાયરો પડે તો ખેડૂત તેમજ માલઢોરને જાનહાની થવાનો ભય રહે તો હોય આ બાબતે પીજીવીસીએલ દ્વારા યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવા માંગણી ઉઠેલ છે.

# ભારતમાં સિંહને રાષ્ટ્રીય પ્રાણીનો દરજ્જો આપવા રાજ્યસભાના સાંસદ નથવાણીનો અનુરોધ

## વર્લ્ડ લાયન ડેના દિવસે ટ્વીટ કરી વીડિયો મેસેજ દ્વારા સિંહપ્રેમી પરિમલ નથવાણીએ સરકાર પાસે માંગણી કરી



દ્વારકા તા.૧૧

વર્લ્ડ લાયન ડેની સમગ્ર વિશ્વમાં ઉજવણી કરવામાંઆવી રહી છે. ત્યારે સિંહપ્રેમી રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીએ ટ્વીટ કરીને તથા વીડિયો મેસેજ દ્વારા ભારતમાં સિંહને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા અનુરોધ કર્યો છે. સમગ્ર વિશ્વમાં એશિયાટીક અને તેમાંય ગીરના સિંહની ખ્યાતિ ફેલાયેલી છે. સિંહોના સંવર્ધન, સંરક્ષણ માટે પરિમલભાઈએ રાજ્યસભામાં સરકાર સમક્ષ સૂચનો રજુ કર્યા હતાં. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ સિંહના મહત્ત્વને ધ્યાને લઈને 'પીએમ પ્રોજેક્ટ લાયન વિઝન'ની જાહેરાત કરી અને તે દિશામાં સરકારે કાર્ય શરૂ કર્યું છે. પરિમલભાઈના સિંહ પ્રેમથી સૌ પરિચિત છે અને તેઓ ગીરના સિંહ પ્રત્યે વિશેષ લગાવ ધરાવે છે. તેમણે ટ્વીટરમાં જણાવ્યું છે કે, અન્ય વન્ય પ્રાણીઓ પણ છે, પણ સિંહ લુચ્ચુ પ્રાણી નથી ! પરિમલભાઈનો વીડિયો સંદેશ દ્વારા પણ આ પ્રકારની લાગણી અને માંગણી વ્યક્ત કરી છે. તેઓએ સિંહોને મહત્ત્વ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા થઈ રહેલા પ્રયાસો અને પ્રોજેક્ટ આવકારવાની સાથે સાથે વીડિયો સંદેશમાં ટ્વીટ દ્વારા અપાયેલો સંદેશ વિસ્તારપૂર્વક સમજાવી છે. તેમણે કહ્યું છે કે, આપણે કયું પ્રાણી શ્રેષ્ઠ છે એમાં પડવું નથી, પરંતુ સિંહને રાષ્ટ્રીય પશુ જાહેર કરવાની પ્રબળ લાગણી જ વ્યક્ત કરી છે. સિંહને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવાની લાગણી વ્યક્ત કરતો પરિમલભાઈને વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

# "ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ" માટેના કોર્ષની સાતમી બેંચનો જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે શુભારંભ



જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના કુલપતિની પ્રેરણાથી વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી દ્વારા તા.૯મી ઓગસ્ટથી તા.૨૬મી ઓગસ્ટ સુધી ભારત સરકારના કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલયના નિર્દેશ મુજબ પંદર દિવસીય સર્ટીફિકેટ કોર્ષ ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સની સાતમી બેંચનો શુભારંભ કુલપતિ ડો. વી.પી. ચોવટીયાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કુલપતિ, ડો. વી.પી. ચોવટીયાએ જણાવ્યું હતું કે, આ કોર્ષ યુવા ફર્ટીલાઈઝર ડીલરોના જ્ઞાનમાં ચોકકસ વધારો કરશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી. તેમજ તાલીમાર્થીઓને પોષક તત્વોના વ્યવસ્થાપન અંગેની જાણકારી તેમજ વાપરવાની વૈજ્ઞાનિક પધ્ધતિ, લીકવીડ ફર્ટીલાઈઝર, બાયો ફર્ટીલાઈઝર તેમજ નેનો ફર્ટીલાઈઝરની સમજણ અને તે મુજબ રાસાયણિક ખાતરોનો કાર્યક્ષમ ઉપયોગ જેવા વિષયોનું વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ તાલીમનો ડીલરો શકય તેટલો લાભ લઈ અને ખેડૂતોના માર્ગદર્શક ચોકકસ બને તેવો અનુરોધ કર્યો હતો.

આ કોર્ષ દરમ્યાન તાલીમાર્થીઓને મળેલ જ્ઞાનથકી ખેડૂતોના પ્રશ્નોનું સચોટ માર્ગદર્શન મળશે તેવી આશા વ્યકત કરી હતી. ડો. એચ.એમ. ગાજીપરા, વિસ્તરણ શિક્ષણ નિયામકએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી હંમેશા સૌરાષ્ટ્રના ખેડૂતોના કૃષિ વિષયક જ્ઞાનમાં વધારો થાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. આ તાલીમ કાર્યક્રમમાં સર્વે તાલીમાર્થીઓને તજજ્ઞો તરફથી આપવામાં આવતા કૃષિ વિષયક જ્ઞાનથી તેમના જ્ઞાનમાં ચોકકસ વધારો થશે તેવી આશા વ્યક્ત કરી હતી. આ તકે અરવિંદભાઈ ટીંબડીયા, સેક્રેટરી, એગ્રો ઈનપુટ એસોસીએશન, ન્યુ દિલ્હીએ જણાવ્યું કે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારના ખેડૂતોના હિતમાં કોવિડ-૧૯ની સરકારની ગાઈડલાઈનના ચુસ્ત અમલ સાથે આ કોર્ષ શરૂ કરવામાં આવેલ છે. તેમની આ પહેલને તેમણે આવકારી હતી અને એસોસીએશન વતી અભિનંદન પાઠવ્યા હતા.

આ તાલીમ કાર્યક્રમમાં સર્વે તાલીમાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ વૈજ્ઞાનિકો દ્વારા આપવામાં આવતાં જ્ઞાનને ખેડૂત ભાઈઓ સુધી પહોંચાડે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. આ તકે ઈન્ચાર્જ આચાર્ય અને ડીન, કૃષિ મહાવિદ્યાલય તથા પ્રાધ્યાપક અને વડા, કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, ડો. એસ.જી. સાવલીયા પણ ઉપસ્થિત રહી અને આ કોર્ષની રૂપરેખા આપી હતી. આ તાલીમ કાર્યક્રમને સફળ બનાવવા ડો. એચ.સી. છોડવડીયા, ડો. વી.જે. સાવલીયા, પ્રો. પિન્કીબેન શર્મા તેમજ વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીનાં સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન ડો. એચ.સી. છોડવડીયાએ કર્યુ હતું.

# આજે ફુલ કાજળી વ્રત : શિવાલયોમાં કુંવારીકાઓએ શ્રધ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરી



(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૧૧

પવિત્ર શ્રાવણ માસ એટલે વ્રત અને તહેવારોનો. મહિનો આજરોજ શ્રાવણ માસની ત્રીજનાં દિવસે કુંવારી કન્યાઓ શિવમંદિરમાં વહેલી સવારે પહોંચી શાસ્ત્રોક્ત વિધિ કરી પૂજા-અર્ચના કરી ભોલેનાથને અર્પીત કરેલ સુગંધિત પુષ્પો સાથે લાવીને ફળાહાર કરતી વખતે ફુલ સૂંઘીને કરે છે અને આજે ભોળેનાથની આરાધના કરે છે. પૌરાણિક કથાઓ અનુસારમાં પાર્વતીએ મહાદેવ સાથે લગ્ન કરવા માટે વ્રત કર્યું હતું અને એ પરંપરા મુજબ આજે પણ કુંવારી કન્યાઓ મનોવાંચ્છીત વર મેળવવા ફુલ કાજળીનું વ્રત કરે છે. કેશોદ શહેરમાં આવેલાં જુદા-જુદા શિવાલયોમાં સવારથી કુંવારી કન્યાઓએ પૂજાપો લઈને શ્રધ્ધાપૂર્વક ફુલ કાજળીનાં વ્રત નિમિત્તે પૂજા આરાધના શાસ્ત્રોક્ત વિધિ અનુસાર કરી હતી.

# વંથલી રોડ ઉપર આવેલ નોબલ ટાઉનશીપ ખાતે શ્રી પાર્થેશ્વર મહાદેવ મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજાશે



જૂનાગઢ તા. ૧૧


વંથલી રોડ ઉપર આવેલ નોબલ ટાઉનશીપ ખાતે શ્રી પાર્થેશ્વર મહાદેવ મંદિરનાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. શ્રાવણ માસનાં પવિત્ર દિવસો દરમ્યાન શિવલીંગ સાથે શિવ પરીવાર અને દિશા દેવની પ્રાણ પ્રતિષ્ઠાનો યજ્ઞ, પુજા અને દેવદર્શન અને પ્રસાદ ભોજનનાં કાર્યક્રમનું તા.૧૪-૮-૨૦૨૧નાં રોજ શનિવારે બપોરે ૧૨.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. વિનુભાઈ અમીપરા, બીનાબેન અમીપરા તથા સોસાયટી પરીવાર દ્વારા આમંત્રીતોને નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. (તસ્વીર : હિતેશ પારેખ)

# મેંદરડા તાલુકાનાં આલીધ્રા નજીક અકસ્માત : એકનું મૃત્યું

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ સી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પોલીસ કોન્સ્ટેબલ ઈન્દ્રજીતસિંહ રણવીરસિંહએ સ્વિફ્ટ ફોરવ્હીલ કાર નં. જીજે-૨૫એએ - ૩૮૬૮નાં ચાલક વિક્રમભાઈ ગોગનભાઈ ખુંટી પ્રાઈવેટ નોકરીવાળા વિરૂધ્ધ નોંધાવેલ છે કે, આ કામનાં આરોપીએ પોતાના હવાલાવાળી કાર પોતે જાણતા હોય કે, વધુ સ્પીડે વાહન ચલાવવાથી કોઈપણ ઈસમ ચાલતો કે ટુવ્હીલર ઉપર આવતો હોય તો ચોકકસ તેમનું મૃત્યું નીપજશે તેમ જાણવા છતાં મજકુર શખ્સો પોતાના હવાલાવાળી કાર જાણી જોઈને રોંગ સાઈડમાં ચલાવી સામેથી આવતી ટુવ્હીલર સાથે અથડાવી અને ટુવ્હીલર ચાલક હરેશભાઈ ચનાભાઈ વાઘેલા રહે. ડેડકીયાળી વાળાનું મોત નીપજાવી તથા ટુવ્હીલરની પાછળ બેઠેલા શિલ્પાબેન હરેશભાઈને ઈજા પહોંચાડયાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા મેંદરડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મેંદરડાની બાળાઓ દ્વારા ફૂલ કાજળી વ્રતની ઉજવણી કરવામાં આવી



મેંદરડા તા.૧૧

મેંદરડામાં જાનવી, ક્રીશા, વૃત્તિ વગેરે બાળાઓએ શ્રાવણ માસની અજવાળી સુદ ત્રીજના દિવસે સવારે સુર્યોદય પહેલા ઉઠી સ્નાન આદીથી પરવારીને શણગાર સજી ભગવાન ભોળેનાથ મંદિરે જઈ પ્રથમ શિવ પાર્વતીની પૂર્ણ શ્રધ્ધાથી પૂજા કરી હતી. આ દિવસે ભગવાનને પ્રિય એવા ફુલને સુંઘ્યા પછી જ ફળાહાર અને જલપાન કરે છે. આ વ્રત કરનારના સર્વ મનોરથ પુરા થાય છે.

# પાક જેલમાંથી ભારતીય માછીમારોને મુકત કરવા તેમનાં પરિવારની સરકારને દર્દભરી અરજ



દ્વારકા તા.૧૧

સૌરાષ્ટ્રનાં ઓખા બેટ દ્વારકા દરિયાકિનારા ઉપર માછીમારી ઉદ્યોગથી લાખો લોકો રોજગારી મેળવે છે. અહીંથી પાકિસ્તાની જળસીમા નજીક હોવાથી માછીમારો પાક વિસ્તારમાં ચાલ્યા જવાથી પાક સિકયોરીટીનાં હાથે બંદી બને છે. અત્યારે ૫૮૮ જેટલા માછીમારો અને ૧૨૦૦ જેટલી બોટો પાક જેલમાં કેદ છે. ૨૦૧૫માં ૫૭ બોટો મુકત કરવામાં આવી હતી. ત્યારબાદ કોઈ બોટ મુકત થઈ નથી. ૧૪ ઓગસ્ટ પાક માટે અને ૧૫ ઓગસ્ટ ભારત માટે મહત્વની છે. કોરોના મહામારી ચાલી રહી છે. ત્યારે બેટ દરિયા ખેડૂ ફિશિંગ બોટ એસોસિએશન દ્વારા દ્વારકા પ્રાંત અધિકારીની કચેરીએ માછીમારી પરિવાર દ્વારા દર્દભરી અરજ કરી પોતાનાં પરિવારનાં સભ્યોને પાક જેલમાંથી છોડાવવા સરકારને અપીલ કરી હતી.

# વિસાવદર તાલુકાનાં મોણીયા ગામે સગીર બાળાનાં લગ્ન કરવા અંગે પાંચ સામે ફરીયાદ

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી અને બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી હસમુખભાઈ એમ. રામાણીએ કૌશીકભાઈ ધનજીભાઈ મકવાણા રહે. વડેરા, ધનજીભાઈ કરશનભાઈ મકવાણા, અંબાબેન ધનજીભાઈ, ધીરૂભાઈ સોમાભાઈ રાઠોડ રહે. મોણીયા, કંચનબેન રાઠોડ વાળા વિરૂધ્ધ એવી ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ પાયલબેન ધીરૂભાઈની ઉંમર લગ્ન વખતે ૧૭ વર્ષ પાંચ માસ અને ૧૮ દિવસ હોવાનું જાણતા હોવા છતાં વર પક્ષ અને કન્યા પક્ષનાં આરોપીઓએ લગ્ન કરાવી એક બીજાની મદદગારી કરી અને બાળ લગ્નધારાનો ભંગ કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા વિસાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વંથલીનાં નવાગામ ખાતે જુગાર દરોડો : ૭ ઝડપાયા

જૂનાગઢ તા. ૧૧

વંથલી પોલીસો ચોકકસ બાતમીનાં આધારે નવાગામ ખાતે જુગાર દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા ૭ શખ્સોને કુલ રૂા.૪૮,૯૦૦ની રોકડ, મોબાઈલ અને વાહનો વગેરેનાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. અન્ય એક જુગાર દરોડામાં બાંટવા પોલીસે જુગાર અંગે દરોડો પાડતા એક શખ્સને રૂા.૯૧૦ની રોકડ સાથે ઝડપી લીધેલ જયારે ચાર શખ્સો નાસી છૂટતા કુલ પાંચ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢમાં જુગાર દરોડો ૬ને ઝડપી લેતી પોલીસ

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ બી ડીવીઝન પોલીસો શ્રીનાથનગરની બાજુમાં આવેલા દેશાઈનગર વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતા બે મહિલા સહિત ૬ને રૂા. ૨૧,૫૭૦ની રોકડ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં દેશી હાથ બનાવટનો તમંચો અને જીવતા કાર્ટીઝ સાથે એક ઝડપાયો

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ એસઓજી પોલીસે ગઈકાલે સુખનાથ ચોક ઢુંઢળનાં પુલ પાસેથી ચેકીંગ દરમ્યાન આદિલ રજાકભાઈ સોલંકી ગામેતી (ઉ.વ.૨૭) રહે. સુખનાથ ચોક, તાર બંગલા પાસે વાળાનાં કબ્જામાંથી દેશી હાથ બનાવટનો તમંચો નંગ-૧ તથા જીવતા કાર્ટીઝ નંગ-૨ મળી આવ્યા હતા. જયારે આ કામનાં આરોપી હાજર નહી મળી આવેલ રાજકુમાર યાદવ પાસેથી મેળવેલ હોય અને રેડ દરમ્યાન જાહેરમાંથી તમંચો અને જીવતા કાર્ટીઝ સાથે આદિલ ઝડપાઈ જતા કુલ રૂા.૧૦,૨૦૦ નો મુદામાલ જપ્ત કરી તેના વિરૂધ્ધ હથિયારધાર ભંગ અંગે ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ ચલાવી રહેલ છે.

# મેંદરડા– જૂનાગઢ હાઈવે ઉપરથી કારમાંથી ૨૯ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

જૂનાગઢ તા. ૧૧

મેંદરડાનાં પીએસઆઈ કે.એમ. મોરી તથા સ્ટાફે ગઈકાલે મેંદરડા - જૂનાગઢ હાઈવે રોડ ઉપર આલીધ્રા ગામથી આગળ સ્વિફટ ફોરવ્હીલ કાર નં. જીજે-૨૫ એએ - ૩૮૬૮નાં ચાલક વિક્રમભાઈ ગોગનભાઈ ખુંટી પ્રાઈવેટ નોકરી વાળાને તપાસ કરતા તેમની પાસેથી કારમાંથી ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાંડની ૨૯ બોટલો તથા ખાલી ખોખા અને તુટેલ બોટલ નંગ-૧૯ તેમજ ફોરવ્હીલ કાર વગેરે મળી કુલ રૂા.૨,૧૬,૬૦૦નો મુદામાલ ઝડપી લીધેલ છે.

આ રેડ દરમ્યાન ભૂપત ઉર્ફે ભીમો ડાયાભાઈ શામળા હાજર નહી મળી આવતા મેંદરડા પોલીસો બે વિરૂધ્ધ પ્રોહિબીશન અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


મહાનગર સેવા સદન, જૂનાગઢ
સ્ટ્રીટ લાઈટ શાખા
જાહેર નિવિદા નં.૫/ ૨૦૨૧–૨૨

જુ.મ.ન.પા./સ્ટ્રીટલાઈટ/જા.નં.૧૨૬ તા.૦૬/૦૮/૨૦૨૧

જુનાગઢ મહાનગર સેવા સદન,સ્ટ્રીટ લાઈટ શાખા,"સ્વામી વિવેકાનંદ ભવન" આઝાદ ચોક, જૂનાગઢ ફોન નં. (૦૨૮૫) ૨૬૨૪૪૫૨ ધ્વારા આ વિભાગ હેઠળની સ્ટ્રીટલાઈટ શાખા માટે "૧૫મું નાણાપંચ" ગ્રાન્ટ ની રકમ માંથી વોર્ડ નં. ૧,૨,૪,૫,૬,૭,૮ તથા ૧૩ માં ABC કેબલ સપ્લાય કરી ફીટ કરવાનાં કામનાં ભાવ. ગુજરાત રાજય સરકારશ્રીના R&B Electrical વિભાગના યોગ્ય કેટેગરીમા નોંધાયેલા અનુભવી કોન્ટ્રાકટરશ્રી, પાસેથી નીચેના કામ માટે ફકત ઓનલાઈન પર્સેન્ટેજ રેટથી ભાવો માંગવામાં આવે છે. ઓનલાઈન ટેન્ડર ભરવા તેમજ ભરેલ ટેન્ડરો ઓન લાઈન મુકવા સબંધી વધુ વિગત website://https ://junagadh.nprocure. .com ઉપર થી તા. ૧૨/૦૮/૨૦૨૧ થી જોવા મળશે અને ટેન્ડરો ઓન લાઈન ભરવાના રહેશે. ઓનલાઈન ભરેલ ટેન્ડર અંગેનાં દસ્તાવેજો ફકત રજી. એડી/સ્પીડપોસ્ટ નિયત સમય મર્યાદામાં મોકલી આપવાનાં રહેશે. પોસ્ટ થી રવાના કરેલ દસ્તાવેજ મોડા મળશે તે અંગેની કોઈ જવાબદારી મહાનગરપાલિકા,જૂનાગઢ ની રહેશે નહી. આ કામો અંગેની વિગતવાર ટેન્ડર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ અને માહિતી વિભાગની વેબ સાઈટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે. સંપર્ક ફોન નં. (૦૨૮૫) ૨૬૨૪૪૫૨

| | |
|---|---|
| કોરા ભાવ પત્રક ડાઉન લોડ કરવાની છેલ્લી તારીખ તથા સમય | તા. ૩૧/૦૮/૨૦૨૧ ૧૮–૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રક ઓન લાઈન ભરવાની છેલ્લી તારીખ તથા સમય | તા. ૩૧/૦૮/૨૦૨૧ ૧૮–૦૦ કલાક સુધી |
| ટેન્ડર ડોકયુમેન્ટ રજી.પોસ્ટ એ.ડી.થી સબમીટ કરવાની તારીખ તથા સમય | તા. ૦૩/૦૯/૨૦૨૧ ૧૮–૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ પત્રકો ઓનલાઈન ખોલવાની સંભવીત તારીખ તથા સમય | તા. ૦૪/૦૯/૨૦૨૧ ૧૬–૦૦ કલાકે |

માહિતી/જુના/૪૦૯/૨૧



## પશ્ચિમ રેલ્વે બિન આરક્ષિત દૈનિક વિશેષ ટ્રેનોની ૭ જોડી દોડાવશે

હવે પછીની સૂચના આવે ત્યાં સુધી વિશેષ ટ્રેનો નિયમિત દોડશે

| ટ્રેન નં. | પ્રારંભીક અને ગંતવ્ય સ્ટેશન | પ્રારંભ થવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૫૨૧ | રાજકોટ - સોમનાથ પેસેન્જર | ૧૬.૦૮.૨૦૨૧ | ૧૮.૦૫ કલાકે | ૨૩.૨૫ કલાક (એજ દિવસે) |
| ૦૯૫૨૨ | સોમનાથ - રાજકોટ પેસેન્જર | ૧૭.૦૮.૨૦૨૧ | ૦૪.૪૫ કલાકે | ૦૯.૪૫ કલાક (એજ દિવસે) |
| | સ્ટોપ : ભક્તિનગર, કોઠારીયા, રીબડા, ગોંડલ, ગોમટા, વીરપુર, નવાગઢ, જેતલસર જં., ચોકી સોરઠ, વડાલ, જૂનાગઢ જં., શાપુર જં., બંધનાથ, લુશાળા, બડોદર, કેશોદ, માળીયા હાટીના, ચોરવાડ રોડ અને વેરાવળ સ્ટેશન બંને દિશામાં | | | |
| ૦૯૫૧૬ | પોરબંદર - કાનાલુસ પેસેન્જર | ૧૬.૦૮.૨૦૨૧ | ૧૦.૨૫ કલાકે | ૧૨.૫૦ કલાક (એજ દિવસે) |
| ૦૯૫૧૫ | કાનાલુસ - પોરબંદર પેસેન્જર | ૧૬.૦૮.૨૦૨૧ | ૧૫.૦૦ કલાકે | ૧૭.૧૫ કલાક (એજ દિવસે) |
| | સ્ટોપ : રાણાવાવ, રાણા બોરડી, શાખપુર, તરસાઈ, વાંસજાળીયા, જશાપર, ભાણવડ, ગોપ જામ અને લાલપુર, જામ સ્ટેશન બંને દિશામાં | | | |
| ૦૯૧૩૧ | આણંદ - ગોધરા મેનુ | ૧૬.૦૮.૨૦૨૧ | ૦૫.૧૦ કલાકે | ૦૭.૪૫ કલાક (એજ દિવસે) |
| ૦૯૧૩૨ | ગોધરા - આણંદ મેનુ | ૧૬.૦૮.૨૦૨૧ | ૦૮.૩૦ કલાકે | ૧૦.૫૦ કલાક (એજ દિવસે) |
| | સ્ટોપ : સાદનાપુરા, ભાલેજ, ઔડ, ઉમરેઠ, ડાકોર, ઠાસરા, અંગાડી, સેવલિયા, ટીંબા રોડ, ટુવા અને વાવડી ખુર્દ સ્ટેશન બંને દિશામાં | | | |
| ૦૯૧૩૩ | આણંદ - ગોધરા મેનુ | ૧૬.૦૮.૨૦૨૧ | ૧૪.૨૫ કલાકે | ૧૬.૫૫ કલાક (એજ દિવસે) |
| ૦૯૧૩૪ | ગોધરા - આણંદ મેનુ | ૧૬.૦૮.૨૦૨૧ | ૧૮.૨૫ કલાકે | ૨૦.૩૫ કલાક (એજ દિવસે) |
| | સ્ટોપ : સાદનાપુરા, ભાલેજ, ઔડ, ઉમરેઠ, ડાકોર, ઠાસરા, અંગાડી, સેવલિયા, ટીંબા રોડ, તુવા અને વાવડી ખુર્દ સ્ટેશન બંને દિશામાં | | | |
| ૦૯૪૨૭ | આણંદ - ખંભાત ડેમુ | ૧૬.૦૮.૨૦૨૧ | ૦૭.૦૫ કલાકે | ૦૮.૪૫ કલાક (એજ દિવસે) |
| ૦૯૪૨૮ | ખંભાત - આણંદ ડેમુ | ૧૬.૦૮.૨૦૨૧ | ૦૬.૫૦ કલાકે | ૦૮.૩૦ કલાક (એજ દિવસે) |
| | સ્ટોપ : વલ્લભ વીધાનગર, કરમસદ, અગાસ, ભાટૈલ, પેટલાદ જં., પંડોરી, નર શહેર, તારાપુર જં., યવરપુરા, સાયમા અને કાલીતલાવાડી બંને દિશામાં | | | |
| ૦૯૪૨૯ | આણંદ - ખંભાત ડેમુ | ૧૬.૦૮.૨૦૨૧ | ૧૮.૦૦ કલાકે | ૧૯.૪૦ કલાક (એજ દિવસે) |
| ૦૯૪૩૦ | ખંભાત - આણંદ ડેમુ | ૧૬.૦૮.૨૦૨૧ | ૧૭.૪૫ કલાકે | ૧૯.૨૫ કલાક (એજ દિવસે) |
| | સ્ટોપ : વલ્લભ વીધાનગર, કરમસદ, અગાસ, ભાટૈલ, પેટલાદ જં., પંડોરી, નર ટાઉન, તારાપુર જં., યવરપુરા, સાયમા અને કાલીતલાવાડી બંને દિશામાં | | | |
| ૦૯૨૯૫ | વેરાવળ - દેલવાડા મીટર ગેજ | ૧૬.૦૮.૨૦૨૧ | ૧૫.૪૫ કલાકે | ૧૮.૫૫ કલાક (એજ દિવસે) |
| ૦૯૨૯૬ | દેલવાડા - વેરાવળ મીટર ગેજ | ૧૭.૦૮.૨૦૨૧ | ૦૮.૧૫ કલાકે | ૧૧.૧૫ કલાક (એજ દિવસે) |
| | સ્ટોપ :સવની, તાલાળા જં., જાંબુર, ગીર હડમતીયા, પ્રાંચી રોડ, જં., વલાદર, જામવાળા, હડમડીયા, ગીર ગઢડા અને ઉના બંને દિશામાં | | | |

હોલ્ટનાં સમયની વધુ વિગતો માટે કૃપા કરી www.enquiry.indianrail.gov.in વિઝીટ કરો


મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ ટ્રેનમાં ચડતી વખતે, મુસાફરી દરમ્યાન અને પહોંચવાના સ્થળે કોવિડ-૧૯ની SOP અને તમામ નીતિ નિયમોનું પાલન કરે


ઉપરોકત તમામ ટ્રેનો બિન આરક્ષિત ટ્રેનો તરીકે દોડશે

પશ્ચિમ રેલ્વે
www.wr.indianrailways.gov.in

અમને લાઈક કરો : facebook.com/WesternRly • Follow us on: twitter.com/WesternRly

# જૂનાગઢમાં રાજયકક્ષાનાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીને લઈ ગુનેગારોનું લીસ્ટ બનાવી પોલીસનું સઘન કોમ્બીંગ





જૂનાગઢ તા.૧૧


આગામી ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનની રાજયકક્ષાની ઉજવણી જૂનાગઢ ખાતે મુખ્યમંત્રીની હાજરીમાં ઉજવનાર હોય, મુખ્યમંત્રીના કાર્યક્રમને લઈને, જૂનાગઢ રેંજના ડીઆઈજી મનીંદર પ્રતાપસિંહ પવાર તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢ શહેર અને જિલ્લાની પોલીસને સતર્ક કરી, આગોતરૂ આયોજન કરી, કાર્યવાહી આરંભી દેવામાં આવેલ છે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢ શહેર અને જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓને અવાર નવાર શહેર વિસ્તારના જુદા જુદા પોઇન્ટ ઉપર વાહન ચેકીંગ હાથ ધરવા, હોટલ ધાબા ચેક કરવા, અવાવરૂ જગ્યાઓ ચેક કરવા, પ્રોહીબિશન અને જુગારના બુટલેગરોને ચેક કરવા તેમજ કોરોના ગાઈડલાઈન્સનું પાલન કરાવવા માસ્ક, જાહેરનામા ભંગ વિગેરે કેસો કરવા ખાસ સૂચનાઓ કરી, ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે.

ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ તેમજ પેરોલ ફર્લો સ્કવોડ સહિતની ટીમો પણ ખાસ તૈનાત કરી, કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એમ.એમ.વાઢેર, બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એન.આઈ. રાઠોડ, સી ડિવિઝનના પીએસઆઈ જે.જે. ગઢવી, તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.વી. ધોકડીયા, ભવનાથ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.સી. ચુડાસમા, ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એચ.આઈ. ભાટી, પીએસઆઈ ડી.જી. બડવા, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પીએસઆઈ જે.એમ. વાળા તથા સ્ટાફ દ્વારા અલગ અલગ ટીમો બનાવી તેમજ ક્રાઈમ બ્રાન્ચ, પેરોલ ફર્લો સ્કવોડ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સહિતના આશરે ૧૨ જેટલા પોલીસ અધિકારીઓ તથા ૭૦ જેટલા સ્ટાફના માણસોના વિશાળ કાફલા સાથે સુખનાથ ચોક, નાથીબુ મસ્જિદ વિસ્તાર તથા દાતાર રોડ તેમજ ખાડીયા વિસ્તારમાં ભૂતકાળમાં ચોરી, લૂંટ, ખૂન, મારામારી, જુગાર, દારૂ જેવા ગુન્હાઓમાં પકડાયેલા ગુન્હેગારોનું લિસ્ટ બનાવી કોમ્બિંગ કરી, સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ હતું. જૂનાગઢ પોલીસના અધિકારીઓ તથા સ્ટાફ દ્વારા યોજવામાં આવેલ કોમ્બીંગ દરમ્યાન સુખનાથ ચોક તથા દાતાર રોડ વિસ્તારમાં ભૂતકાળમાં ગુન્હાઓમાં પકડાયેલ આરોપીઓ અને જાણીતા ગુન્હેગારોના ઘરમાં સઘન ચેકીંગ હાથ ધરવામાં આવતા, ભૂતકાળમાં પકડાયેલ આરોપીઓ અને જાણીતા ગુન્હેગારોમાં ફફડાટ ફેલાયો હતો. તાજેતરમાં જૂનાગઢ પોલીસ દ્વારા ચેક પોષ્ટ શરૂ કરી, સઘન ચેકીંગ હાથ ધરવામાં આવતા અને પોલીસની સતર્કતામાં વધારો થતાં, લૂંટ અને મારામારીના ગુન્હા બન્યા બાદ તુરત જ આરોપીઓને રાઉન્ડઅપ કરવામાં આવેલ હતા તેમજ પોલીસની ત્વરિત કાર્યવાહીના કારણે વિદેશી/દેશી દારૂ ભરેલ કારને જૂનાગઢ ખાતેથી પીછો કરી, વંથલી તથા મેંદરડા ખાતેથી પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા તાજેતરમાં જૂનાગઢ ખાતે ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિનના રાજયકક્ષાના કાર્યક્રમના અનુસંધાને ગુન્હેગારોને અંકુશમાં લેવા જુદા જુદા વિસ્તારોમાં ખાસ ઝુંબેશ અન્વયે કોમ્બીંગ કરી, કાર્યવાહી શરૂ કરવામાં આવતા, ભૂતકાળમાં પકડાયેલ ગુન્હેગારોમાં ફફડાટ ફેલાયો છે. ભવિષ્યમાં પણ જૂનાગઢ શહેરના અલગ અલગ વિસ્તારોમાં સઘન ચેકીંગ અને કોમ્બીંગની કાર્યવાહી શરૂ રાખવામાં આવશે, એવું પોલીસની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

## રાહત ખરી પણ સાવચેતી એટલી જ જરૂરી

# જૂનાગઢ જીલ્લામાં કોરોના 'ગુમ' થઈ ગયો : એક પણ કેસ નોંધાયો નહીં !

### સંભવિત ત્રીજી લહેરને રોકવી લોકોની ફરજ બને છે : ભીડ ન કરવી અને સરકારની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવું



(પ્રકાશ ભાદરકા દ્વારા) જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ જીલ્લામાં ગઈકાલે કોરોનાનો એકપણ કેસ નોંધાયેલ નથી તેમજ કોઈ વ્યકિતને ડીસ્ચાર્જ કરવામાં આવેલ નથી અને કોઈ મૃત્યું નોંધાયેલ નથી. આ સમાચાર વાંચીને હરખાઈ જવાની જરૂર નથી કારણ કે ત્રીજી લહેરની આશંકાથી લોકોમાં હજુ ભયની લાગણી ફેલાયેલ છે. પરંતુ જો આપણે સાવચેતી રાખશું તો ત્રીજી લહેર સામે ઝીંક ઝીલી શકીશું. તાજેતરમાં સાતમ-આઠમનાં તહેવાર આવી રહયા છે ત્યારે અત્યારથી જ લોકોએ બહાર જવા માટેનું આયોજન કરેલ છે ત્યારે જો ફરવાલાયક સ્થળે અનેક લોકો ભેગા થશે તો ત્રીજી લહેરને રોકવી બહુ મુશ્કેલ બનશે. અગાઉ બે લહેરમાં લોકોએ કોરોનાનો ભયંકર અનુભવ કરેલો છે. અને લોકડાઉન જેવી કપરી પરિસ્થિતિમાં લોકોએ મુકાઈ જવુ પડયું હતું. અનેક લોકોનાં ધંધા-રોજગારને અસર થઈ હતી. આ કળમાંથી હજુ લોકો બહાર આવી રહયા છે ત્યાં ત્રીજી લહેરની શકયતાની ઘંટડીએ લોકોને સજાગ રહેવા ચેતવણી આપી હોવા છતાં લોકો અગાઉનાં કોરોનાનો ભય ભુલી ગયા હોય તેમ વર્તી રહયા છે. હવે લોકોએ જ સાવચેતી રાખવી ખુબ જ જરૂરી છે. અને વેકસીનનાં બે ડોઝ સામયસર લઈ કોરોનાને આપણે ઘરે દસ્તક દેતા અટકાવવો તે આપણી ફરજ બની ગઈ છે. હાલ ઓનલાઈન શિક્ષણથી ઘણાખરા બાળકોને કોઈ ટપ્પા પડતા નથી અને વાલીઓ મોંઘો ફોન લેવા મજબુર બની રહયા છે. ખાસ કરીને કોવીડની ત્રીજી લહેર વિષે ગેરમાન્યતાઓ અને હળવાશથી લેવાની ટેવ વિષે લોકોએ સાવચેત થવાની ખાસ જરૂર છે.

# જૂનાગઢમાં રીક્ષામાં બેસાડી નિવૃત આરએફઓનાં પેન્ટનાં ખીસ્સામાંથી રૂા.૩૮,૫૦૦ની ચોરી

જૂનાગઢ તા. ૧૧

જૂનાગઢ શહેરમાં ગઈકાલે એક રીક્ષામાં નિવૃત આરએફઓનાં ખીસ્સામાંથી રોકડ રકમ કાઢી લઈ ચોરી કર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. નિવૃત આરએફઓ રમેશચંદ્ર મુળજીભાઈ પરમાર (ઉ.વ.૯૦)એ એક લીલા કલરની રીક્ષામાં બેઠેલા અજાણ્યા પેસેન્જર સામે એવી ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી પોતાના રૂપિયા બેંકમાં જમા કરાવવા માટે ઘરેથી નીકળેલ અને પગપાળા ભૂતનાથ ફાટક આગળ પહોંચતા એક લીલા કલરની ઓટો રીક્ષા થ્રી-વ્હીલ રીક્ષા ચાલકે પોતાની રીક્ષા ઉભી રાખી અને ફરીયાદીને રીક્ષામાં બેસાડેલ દરમ્યાન રીક્ષામાં બેસેલ અજાણ્યા મુસાફરોએ ફરીયાદીની નજર ચુકવી અને તેના પેન્ટનાં ખીસ્સામાં રહેલ રોકડ રૂા.૩૭૦૦૦ તેમજ પોકેટમાં રહેલા રૂા.૧૫૦૦ મળી કુલ રૂા. ૩૮,૫૦૦ની ચોરી કર્યાનો બનાવ પોલીસમાં નોંધાવતા સી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કોરોનાની મહામારીના કપરા સમયમાં સત્યમ સેવા યુવક મંડળ દ્વારા સર્વ જ્ઞાતિની ત્રીસમી દીકરીના આદર્શ લગ્ન સંપન્ન



જૂનાગઢ તા.૧૧

જૂનાગઢમાં દેવીપૂજક સમાજની દીકરી શોભાબેન મનસુખભાઈ ઠાકોરના સત્યમ સેવા યુવક મંડળ દ્વારા સંસ્થાના સત્સંગહોલ ખાતે તા.૮-૮-૨૧ને રવિવારના રોજ સંસ્થા તેમજ દાતાઓના સહકારથી આદર્શ લગ્ન કરાવી આપી કરિયાવરમાં સોનાનો દાણો, ખુરશી તેમજ જરૂરી ૪૮ જેટલી ચીજવસ્તુઓ આપી દીકરીને સાસરે વળાવી હતી. મનસુખભાઈ મહાદેવ હર દ્વારા ૧૧ સોનાના દાણા દરેક દીકરીઓને આપવામાં આવશે. સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ તેમજ તેમના ટ્રસ્ટી સભ્યોએ ખાસ કાળજી લીધી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડિયા, બટુકબાપુ, શાંતાબેન બેસ, કમલેશભાઈ પંડ્યા, નાગભાઈ વાળા, કનકભાઈ ગગલાની, ગાંડુભાઈ ઠેસીયા, અલ્પેશભાઈ પરમાર, સંજીવભાઈ મહેતા, કિશોરભાઈ ચોટલીયા, કે.કે. ગોસાઈ, જેન્તીભાઈ બ્રહ્માણી, ભીખુભાઈ ગોહેલ, પ્રજ્ઞેશભાઈ વાજા, પુષ્પાબેન પરમાર, સરોજબેન જોષી, પ્રવીણભાઈ જોષી, મનોજભાઈ સાવલિયા વિગેરે ઉપસ્થિત રહેલ હતા.


જૂનાગઢમાં નીચેના અલગ અલગ એરિયામાં દુકાન, મકાન ભાડે આપવાના છે
(૧) ઝાલોરાપા-દુકાન, મકાન
(૨) રેલ્વે પ્લોટમાં-મકાન
(૩) બુકર ફળીયામાં-મકાન
(૪) જવાહર રોડ-મકાન
: રૂબરૂ મળો :
મુનાફ દરબાર
અલંકાર ટોકીઝ પાસે, જૂનાગઢ

ભવતોષ સાંગાણી મો. ૯૯૭૯૨ ૮૮૪૧૧
જામનગર બાંધણી ઘર
બાંધણી, ડ્રેસ મટીરીયલ્સ, સાડી, બેડ શીટ્સ, લુંગી
ઝાંઝરડા રોડ, બાબા કોમ્પ્લેક્ષની સામે, એ.બી. મેડીકલ બાજુમાં, જૂનાગઢ. ગુજરાત

ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
ડો. કૃપા એસ. ભાલોડિયા
M.S. (Ayurved) Stri Roga
લેડીઝ દર્દી માટે : હરસ મસા, ફીશર, ભગંદર, સ્ત્રી રોગ, વ્યંધત્ય વિગેરે
(અગાઉ થી એપોઈન્ટમેન્ટ લેવી)
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital
e_mail : aum.ayurved.hcspital@gmail.com

ઘરકામ માટે જોઈએ છે
જૈન ૭૨ વર્ષીય ગુજરાતી વિધુર માટે રસોઈ તથા ઘરકામ માટે રસોયાણી જોઈએ છે. અપેક્ષીત પગાર સાથે સંપર્ક કરો
પ્રકાશ મોદી
મોદી કોમ્પલેક્ષ, પોસ્ટ : શીંદેવાહી પીન-૪૪૧૨૨૨ વિદર્ભ-મહારાષ્ટ્ર

દુઆ મોબાઈલ
MNP ધમાકા ઓફર એરટેલ, વોડાફોન, જીઓ, તમને ગમતી કંપનીમાં MNP કરાવો અને મેળવો ફકત ૫૦ રૂપિયામાં ૩૯૯ વારૂ રીચાર્જ
આસિફ બેલીમ
મો. ૮૮૬૬૧ ૦૫૬૮૭


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઇલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦,
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

એન.આર. વેકરીયા ઈન્સ્ટીટયુટ ઓફ બીઝનેશ મેનેજમેન્ટ સ્ટડીઝ
બિલખા રોડ, જૂનાગઢ
: એડમીશન ઓપન :
MBA - Course - કોઈપણ ગ્રેજયુએટ - ગુજરાતની સૌ પ્રથમ સેલ્ફફાઈનાન્સ MBA College
I-MBA (BBA-MBA) - ધો. ૧૨ પછી આર્ટસ, સાયન્સ, કોમર્સનાં વિદ્યાર્થીઓ માટે
:: કોન્ટેક ફોર એડમીશન ::
MBA - 97141 07904
I-MBA - 97247 47166

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે જ સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૪ ૮૧૫૦૦
" સ્વાદનો એવો જાદુ જગાવે, વારંવાર મન લલચાવે "
સુભાષ પાણીપુરી
એમ. જી. રોડ, યુ.કો બેન્ક સામે, જૂનાગઢ.
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ.
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ.

૪૮ વર્ષ થયા એક જ નામ
વિજય ઘી ડીપો
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું શુધ્ધ ઘી મળશે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન : ૨૬૨૫૧૨૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

વંદના સ્પેશિયલ
- સ્પે. પંજાબી પફ
- ઘઉંની બ્રેડ (આટાબ્રેડ)
- સ્પે. પફ/પીઝા, ખારી
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ ફોન : ૨૬૨૪૨૪૪

નારાયણ બેકરી
સુખનાથ ચોક
ફોન : ૨૬૨૩૨૨૪